ધનંજયકવિવિરચિતા

# ધનંજય
# નામમાલા

(અનુવાદ સહ)




સં· મુનિશ્રી હિતવિજયજી

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા ગ્રંથાંક-૫૬

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ

શ્રી ધનંજયકવિવિરચિતા

# ધનંજય નામમાલા

(અનુવાદ સહ)


સંપાદક :

વ્યાખ્યાનવાચસ્પતિ પરમશાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન વિદ્વદ્વર્ય પૂ. પંન્યાસપ્રવર શ્રી રવિવિજયજી ગણિવરના શિષ્યરત્ન

મુનિશ્રી હિતવિજયજી



પ્રકાશિકા :

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

લાખાબાવળ-શાંતિપુરી

(વાયા-જામનગર)

પ્રકાશિકા :
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ-શાંતિપુરી
(વાયા-જામનગર)
વીર સં. ૨૪૯૬ વિ. સં. ૨૦૨૬
સને ૧૯૬૯

પ્રથમાવૃત્તિ

નકલ ૧૫૦૦

મૂલ્ય : ૨-૦૦

મુદ્રક :
પેજ ૩૬ સુધી
શ્રી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ-અમદાવાદ.
બાકીનું
જશવંત પ્રિન્ટીંગ પ્રેસ,
દોશીવાડાની પોળ, કાળુપુર,
અમદાવાદ-૧

: પ્રાપ્તિસ્થાન :

મહેતા મગનલાલ ચત્રભુજ
શાક મારકેટ સામે,
જામનગર

શ્રી મહાવીર જૈન ઉપકરણ ભંડાર
પોસ્ટ ઓફિસ સામે,
પાલીતાણા

સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના-રતનપોળ,
અમદાવાદ-૧

સોમચંદ ડી. શાહ
જીવનનિવાસ સામે,
પાલીતાણા

સાગરમાં ગાગર ને ગાગરમાં સાગર
સિન્ધુમાં બિન્દુ ને બિન્દુમાં સિન્ધુ

# ચિત્ર-પરિચય

સાગર લહેરાય છે. પવનની થપાટો મોજાંને ગતિ આપી રહી છે. ક્ષીર સમ ઉજ્વળ નીરની છોળો ઉડી રહી છે. વાતાવરણમાં કાવ્ય છે ને સાગરની સિતારી જાણે સંગીત છેડી રહી છે!

ને ત્યાં બેઠો છે સદીઓ પુરાણો એક નૌજવાન! તૃપ્તિનાં તેજ એના વદન-મદનને ઝગહળાવી રહ્યા છે! હાથમાં ગાગર છે. શરીર પરનું ઉત્તરીય વસ્ત્ર અનિલ સાથે તાલ મિલાવતું ખેલી રહ્યું છે!

કોણ છે એ?

એ છે મહાકવિ ધનંજય! સાગરના પેટાળને અડીને શબ્દનાં મોતી-દગથી પોતાની ગાગર (નામમાલા) છલકાવનારો મરજીવો!

મોતીના હાર ગુંથનારા ઘણાં છે! ગદ્યો ને પદ્યો રચતી પ્રજ્ઞાઓ ય ઓછી નથી! પણ એવા મરજીવા વિરલ છે—જે સાગરના પેટાળ પર પગ મૂકીને મોતી વીણી લાવે!

મહાકવિ ધનંજયને મરજીવા બનવું પસંદ હતું! સાગરમાં એ ઘૂમ્યા! એના પેટાળમાં પગદંડી પાડીને એમણે પ્રવાસ કર્યો! અને એ પ્રવાસ-સુવાસની સ્મૃતિ તરીકે મહામૂલાં-નકલંક મોતીઓથી પોતાની ગાગર છલકાવીને ઉપર તરી આવ્યાં!

સાગરમાં ગાગર! ને સિન્ધુમાં બિન્દુ! એટલે મહાકવિ ધનંજયની આ નામમાલા!

ને પૂછી !

સાગર ! એનાં નકલંક રત્નો ! અને એના વિશાળ પેટાળની વિચારણામાં મગ્ન બની કવિ સાગર–તીરે ઊભાં રહી ગયાં !

કવિને થયું—શબ્દોનો સાગર વિરાટ છે ! જવાંમર્દીભર્યું એનું અવગાહન છે ! ને તેની સામે આ ગાગર તો સાવ વામણી લાગે છે !

પણ !

પણ સાગર ભલે વિરાટ રહ્યો ! ને ગાગર ભલે વામણી રહી ! છતાં ય શબ્દ મહોદધિ ( વિશાળકાય શબ્દકોશ )ના ઘુઘવાટનો પ્રતિધ્વનિ મારી આ ગાગર ( નામમાલા ) પાડી રહી છે ! એય ઓછા આનંદની વાત છે ? ને તૃપ્તિનાં તેજ–લિસોટાં એના અંગ–અંગમાં ઝબૂકી રહ્યાં !

આ નામમાલા ભલે ને સાગર સમક્ષ ગાગર સમ હોય ! ભલેને એ સિન્ધુ સમક્ષ બિન્દુ બરાબર હોય ! છતાં ય આ ગાગરમાં સાગર સમાયો છે ! આ બિન્દુમાં પણ સિન્ધુના સૂસવાટ સંભળાય છે !

એ કેવી રીતે ! એમ પૂછો છો ?

શબ્દ–શબ્દના સંપર્કથી નૈક નૂતન શબ્દો જન્માવવાની આ નામમાલાની પદ્ધતિ ન્યારી ને નિરાળી છે ! શબ્દ પરથી શબ્દાંતર બનાવવાની આગવી કળા કવિએ આમાં તરતી મૂકી છે ! ગાગરને પણ સાગરનું ને બિન્દુને પણ સિન્ધુનું સન્માન આ કારણે જ અપાય છે !

આ કોશમાં પૃથ્વીવાચક શબ્દની સાથે ‘ धर ’ના અનુસંધાનથી પૃથ્વીમાંથી ‘ પર્વત ’ ઊભો થતો જોવાય છે ! તો વળી એનો એ જ શબ્દ ‘ पति ’ની પ્રીત પામીને ‘ રાજા ’નો સ્વાંગ સજીને ઊભો રહે છે ! અને એ જ શબ્દ નિજમાં ‘ रुह ’ રોપીને ‘ વૃક્ષ ’ની શીતળ છાયા સમર્પે છે ! અહો ! આ શબ્દના જાદુ તો જુઓ ! આ ‘ વૃક્ષ ’ વાચક શબ્દ વળી ‘ चर ’નો સંપર્ક સાધીને કો ’ બહુરૂપીની અદાથી

'વાનર' રૂપે રજુ થાય છે! એક જ 'પૃથ્વી' વાચક શબ્દને 'ઘર' આદિ ધારણ કરાવી એના અર્થ–પ્રવાહને જુદા જુદા વળાંક આપીને કવિએ ખરેખર! આ ગાગરમાં (નામમાલામાં) પણ શબ્દનો સાગર ઠલવ્યો છે!

આમ આ લઘુકાયકોશ ગાગરમાં સાગર! ને બિન્દુમાં સિન્ધુ! સમાન પણ છે!

વિદાય લેતા કવિના મુખેથી મહાસાગરને અંજલિ આપતો અવાજ સરી પડ્યો! શબ્દના ઓ! સાગર! વાક્પતિ બૃહસ્પતિ ખુદ! તારી પ્રશસ્તિ પુકારનાર–ગાન ગાનાર હોય! અને એને ઝીલવા કાજે દેવરાજ શક્ર પોતે હાજર હોય! તોય તારાં ગાન તો અધૂરાં જ રહે! ઓહ! તો પછી મારાં જેવા તો તારા પૂરા ગાન ક્યાંથી લલકારી શકે??

—શ્રી શશધર

## સર્જકની સુવાસ : મહાકવિ ધનંજય

"દ્વિસંધાન કવિ !"

મહાકવિ ધનંજયને મળેલું આ બિરુદ છે ! અને એનાથી કવિ ધનંજયની સ્મૃતિ થાય છે.

કવિની કલમમાંથી ઢોળાયેલી શાહીમાંથી 'દ્વિસંધાન-કાવ્ય' ઊભું થયું ! એની ખ્યાતિ દિગ-દિગંતમાં ઘૂમી વળી ! અને એ સર્જને કવિના દેહ ઉપર નવું અભિધાન આલેખ્યું 'દ્વિસંધાન-કવિ !'

મહાકવિ ધનંજયની કમનીય કલમે જે જે સર્જનો ઊભાં કર્યાં—એમાંથી બે સર્જનોને વિદ્વાનોની દુનિયાએ ખૂબ જ સત્કાર્યાં !

એક 'દ્વિસંધાન કાવ્ય !' અને બીજું 'નામમાલા !'

કવિ ધનંજય આજે નથી છતાં ય એમની જે કીર્તિ ઘૂમી રહી છે ! એમાં આ સર્જનોનો ફાળો વિશેષ કહી શકાય !

આ રહ્યાં એમની પ્રશંસાના પુષ્પો !

**अनेकभेदसन्धानाः, खनन्तो हृदये मुहुः ।**
**बाणा धनञ्जयोन्मुक्ताः, कर्णस्येव प्रियाः कथम् ! ॥१॥**

**द्विसन्धाने निपुणतां, स तां चक्रे धनञ्जयः ।**
**यया जातं फलं तस्य, सतां चक्रे धनञ्जयः ॥२॥**

ઇતિહાસની આંખે કવિનાં દર્શન કરતાં એમની જીવન-ઝરમર આડે પડદો પડેલો દેખાય છે !

છતાં ય કેટલાંક પ્રબળ પ્રમાણો એ પડદા પાછળનું આંશિક રહસ્ય ઉકેલવા સમર્થ બન્યા છે ! અને અનુમાનોના માપદંડે કવિનો કાળ માપવાની મહેનત લીધી છે !

ઈસ્વીસનની આઠમી સદીની સંધ્યા પછીની નિશા ! ને નવમી સદીના ઉદય પહેલાની ઉષા ! બસ ! નિશા–ઉષાના આ દ્વિભેટે કવિ સદેહે ઘૂમતા હશે ! પ્રવર્તી રહેલા મતભેદોને પીછેહઠ કરાવીને પ્રબળ પ્રમાણો આટલું જ નક્કી કરી શકે છે !

વસુદેવ અને શ્રીદેવી ! આ છે એમના જનક જનેતાનાં નામ !

કવિ ધનંજયની પ્રજ્ઞાના સીમાડાં વિશાળ હતાં ! મંત્રમાં એમને શ્રદ્ધા હતી એવું ઐતિહાસિક કથન છે !

કવિરાજના પુત્રને એકવાર સર્પે ડંખ દીધો ! મૃત્યુના મુખમાંથી પુત્રને ઉગારવા કાજે કવિરાજે 'વિષાપહાર' સ્તોત્રનું સર્જન કર્યું ! જેની ભાષાની ભભક ! પ્રાસાદિકતાનો પ્રભાવ ! અને ગાંભીર્યની ગરિમા ! આ બધું આગવું હતું !

—શ્રી શશધર



# સાહિત્ય–પ્રવાસનું પાથેય : કોશ

સંસારના વ્યવહારમાં અર્થકોશ–ધનભંડોળ અતિ મહત્ત્વનું સ્થાન ભજવે છે. અર્થભંડોળ (બેંક બેલેન્સ) વિના ગૃહસ્થ વ્યવહારી પંગુતુલ્ય છે. સંસારી માનવના સર્વ વ્યવહારો અર્થને આધીન છે. વિત્ત વિના ગૃહસ્થના વ્યવહારો કાર્યાન્વિત થઈ શકતા નથી.

સંસારના વ્યવહારોમાં જેવું સ્થાન અર્થકોશનું છે તેવું જ સ્થાન સાહિત્ય જગતમાં શબ્દકોશોનું છે. શબ્દભંડોળ વિના કોઈ પણ જિજ્ઞાસુ સાહિત્ય ક્ષેત્રમાં પાદાર્પણ કરી શકતો નથી. સંસ્કૃત સાહિત્યનું ખેડાણ, ઊંડાણ કે નિર્માણ કરવા માટે શબ્દકોશ–શબ્દભંડોળ એ અનિવાર્ય અંગ મનાયું છે.

કોશ કંઠસ્થ હોવો જરુરી છે. વિશાળકાય કોશગ્રન્થો ઘણાં છે. જેનો લાભ વિશિષ્ટ અધિકારીઓ જ લઈ શકે છે. આથી જ અલ્પ શક્તિવાળા જીવોને ઉદ્દેશીને સ્વનામધન્ય કવિરાજ શ્રી ધનંજય વિરચિત આ લઘુકોશ ગ્રન્થનું પ. પૂ. પં. શ્રી રવિવિજયજી ગણિવરના શિષ્ય પૂ. મુ. શ્રી હિતવિજયજી મહારાજ દ્વારા ખૂબ ખંત અને ઉત્સાહથી કરાયેલું વિશિષ્ટ સંપાદન થોડામાં ઘણું જ્ઞાન આપતું અતિ આદરણીય બની રહેશે.

છાપિયા શેરી, વ્રજભવન
જામનગર
સં. ૨૦૨૬ માગશર-
પૂર્ણિમા

પં. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય
અધ્યાપક:
શાં. એ. સં. પાઠશાળા
(જામનગર)

# કિંચિત્ વક્તવ્ય

કોશ એ તો વિદ્વાનોના સારસ્વત સામ્રાજ્યનો આત્મા છે. કોશનું સર્જન અને તેનો અનુવાદ તેમજ તેનું પ્રકાશન એ તો વિશ્વ ઉપર સર્વાતિશાયી નિઃસ્વાર્થ ઉપકાર છે. અત્યારે शब्दचिंतामणि ક્યાં છે? शब्दरत्नमहोदधि જેવો અત્યંત આદરણીય અને વિદ્વન્મનોરંજક કોશ અપ્રાપ્ય થઈને બેઠો છે એ વિદ્યાક્ષેત્રનું દૌર્ભાગ્ય છે. આ બધું વિદ્યાક્ષેત્રના માનનીય અધિષ્ઠાતાઓના ધ્યાન બહાર તો નહીં જ હોય !

ઉપર્યુક્ત સંયોગોમાં धनञ्जयनाममाला નામના કોશનું ગુજરાતિ ભાષાંતર પ્રકાશિત થાય છે. એ ઘણાં આનંદની વાત છે. તેમાં અંકવાચક સંકેત શબ્દો તેમજ એકાક્ષરી કોશનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે એ વિદ્યારસિક તેમજ સાંકેતિક પ્રક્રિયાપ્રિય વ્યક્તિઓને માટે એક ઉત્સવ સમાન છે. શ્રી મહાવીરસ્વામી ભગવાનની પ્રશસ્તિમાં લખેલા એક અનુષ્ટુભ્ શ્લોકમાંથી એકાક્ષરી કોશની મદદથી એક વિદ્વાને પોતાની સંસ્કૃત ટીકામાં સો સ્તુતિઓનો અર્થ કાઢ્યો છે. આ ઓછો બુદ્ધિવૈભવ છે? એ બધા વૈભવનો આત્મા કોશ છે.

धनञ्जयनाममाला નું પ્રકાશન પણ સાહિત્ય વૈભવને દેદીપ્યમાન બનાવશે.

| | |
|---|---|
| અલિંગ–ખંભાત<br>તા. ૨૨–૧૧–૬૯<br>સં. ૨૦૨૬ વૈકુંઠ ચતુર્દશી | ભાલચંદ્ર દયાશંકર કવિ બી.એ.<br>(સંસ્કૃત ઓનર્સ) |

[દીવા અને એંજીન]

# સંપાદકીય

મોટરના આગળના ભાગમાં રહેલા ઝળહળતા દીવા મોટરની હાજરીને વ્યક્ત કરે છે. અન્ય પર પોતાનો પ્રકાશ ફેંકી તેને આંજી નાંખે છે અને સૌનું ધ્યાન ખેંચે છે. આમ છતાં મોટર ચલાવનાર દીવા નથી. મોટરને ગતિ અને વેગ આપનાર તો અંદરના ભાગમાં ગુપ્તપણે રહેલું એંજીન છે. એજ મોટરનું હૃદય છે—સર્વસ્વ છે.

મુખપૃષ્ઠ ઉપર મૂકાયેલું નામ ભલે સૌનું ધ્યાન ખેંચે પરંતુ મોટરમાં જે સ્થાન દીવાનું છે એજ સ્થાન આ લઘુકાય કોશ સંપાદનમાં મારું છે અને જે સ્થાન મોટરમાં અદૃશ્ય એંજીનનું છે—આ કોશ સંપાદનમાં તે સ્થાને છે:—પૂજ્યોના આશીર્વાદ, પ. પૂ. પરમોપકારી ગુરુમહારાજ શ્રી પંન્યાસપ્રવર રવિવિજયજી ગણિવરની કૃપાદૃષ્ટિ, હાલારદેશોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. પં. શ્રી જિનેન્દ્રવિજયજી ગણિવરનો તેમજ સ્વ. પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી પદ્મવિજયજી ગણિવરના વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજનો સાદ્યંત સક્રિય સહકાર અને શાંતિદાસ ખેતસી સં. પાઠશાળા (જામનગર)ના પ્રાધ્યાપક પંડિતપ્રવર વ્રજલાલ વાલજી ઉપાધ્યાયનું માર્ગદર્શન.

પૂ. પં. શ્રી જિનેન્દ્રવિજયજી ગણિવર તરફથી આ કાર્યમાં પ્રેરણા પ્રાપ્ત થઈ છે. આ પુસ્તક પ્રકાશન અંગેનો યશ તેઓશ્રીનો છે.

સહૃદયી પૂ. મુ. શ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજ સતત પ્રવૃત્તિશીલ હોવા છતાં તેઓશ્રીએ સમય મેળવીને અને પરિશ્રમ લઈને

વખતોવખત સુંદર સલાહ સૂચનો આપ્યા છે જે ઘણાં ઉપયોગી નીવડયા છે.

પંડિતપ્રવર :વ્રજલાલભાઈએ મુંઝવણ કે ગુંચવણના પ્રસંગે શંકાઓનું નિવારણ કરી માર્ગદર્શન આપ્યું છે. તેઓની સહાયથી જ આ કાર્ય થઈ શક્યું છે.

ઉપરોક્ત બન્ને પૂજ્ય મુનિભગવંતોએ તથા પંડિતજીએ પ્રેસમેટર સારી રીતે તપાસી આપ્યું હતું.

આ કોશ સંપાદનમાં મુખ્યત્વે અમરકીર્તિ વિરચિત ભાષ્યનો આધાર લીધો છે. પ્રાયઃ લિંગ અભિધાન ચિંતામણી કોશ (વિવેચન-કાર–આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીજી) મુજબ જણાવ્યા છે. શરૂઆતમાં મૂકેલો પરિભાષા વિભાગ (એક બે જગ્યાએ શબ્દોના સામાન્ય ફેરફાર સિવાય) અક્ષરશઃ તેમાંથી જ લીધો છે. (નામમાલામાં ન આવતા એવા) કેટલાક પ્રચલિત શબ્દો ટિપ્પણીમાં મૂક્યા છે તેમજ ખાસ ખાસ શબ્દોના અનેકાર્થ પણ જણાવ્યા છે.

એક બે જગ્યાએ શ્લોકના પાદના સ્થાનમાં ફેરફાર કર્યો છે અર્થાત્ એક શ્લોકાર્ધ બીજા શ્લોકાર્ધની સાથે જોડયો છે. આમ કરવા પાછળનો આશય માત્ર સુગમતા વધારવાનો છે. " કોશાન્તર પ્રમાણ નથી " એ પ્રમાણેનું લખાણ (પ્રાયઃ) ભાષ્યના ટિપ્પણી-કારના આધારે છે. ' અંકસંજ્ઞા 'ના વિષયમાં પં. વ્રજલાલભાઈ, પં. બાબુલાલ સવચંદ શાહ (અમદાવાદ), પં. ભાલચંદ્ર દયાશંકર કવિ (ખંભાત) તરફથી સુંદર સલાહ સૂચનો મળ્યા છે.

મુદ્રણની અશુદ્ધિ ટાળવા માટે ઘણી તકેદારી રાખવા છતાં પ્રેસ દોષના કારણે અને મંદમતિના કારણે કેટલીક ભૂલો રહી જવા પામી છે, જે શુદ્ધિપત્રકના આધારે સુધારી લેવી જરુરી છે. તદુપરાંત

રહી જવા પામેલા દોષો અંગે ધ્યાન દોરવા સહૃદયી સુજ્ઞોને વિનંતિ છે.


અલ્પતમ બુદ્ધિવાળા મારું આ નાનકડું કામ કરવાનું પણ ગજું ન હતું પણ ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત થયેલા આશીર્વાદ, પ્રેરણા અને સહકારથી જ આ કાર્ય થઈ શક્યું છે.

આ પુસ્તકમાં જે કાંઇ પ્રશંસનીય હોય તેના યશના સાચા હક્કદાર ઉપરોક્ત પૂજ્યો અને પંડિતજી છે.

આશા છે કે નવી ઢબથી સંપાદિત આ કોશ ભણનારની સુગમતા અને સરળતા વધારનાર બનશે.

શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર
કાળુપુર–અમદાવાદ–૧
સં. ૨૦૨૬ પોષ શુદ ૧૨

પૂ.પં. શ્રી રવિવિજયજી
ગણિવર શિષ્યાણુ
હિતવિજય



# પ્રકાશકની કલમે

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા તરફથી આ નાનકડો સંસ્કૃત શબ્દકોશ 'ધનંજય નામમાલા' પ્રગટ કરતાં અમે ઘણો હર્ષ અનુભવીએ છીએ. અભ્યાસ માટે ઉપયોગી આ ગ્રંથ અપ્રાપ્ય જેવું જણાતા તે છપાવવા માટે વિચારણા થઈ. અને પૂજ્યપાદ શાસનરત્ન પંન્યાસપ્રવર શ્રી રવિવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજે સારો એવો પરિશ્રમ લઈને સંશોધન કરી આ ગ્રંથ અનુવાદ સહિત તૈયાર કરી આપવાથી પ્રગટ થઈ શક્યો છે. આ ગ્રંથ પ્રગટ થવામાં તેમનો પરિશ્રમ, ખંત અને ઉત્સાહ ખાસ નિમિત્ત છે. તે માટે વંદનાપૂર્વક તેઓશ્રીનો ઉપકાર માનીએ છીએ.

આ ગ્રંથના સંશોધન આદિમાં પૂ. પં. શ્રી જિનેન્દ્રવિજયજી ગણી, પૂ. મુનિરાજ શ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજ, પંડિતપ્રવર વ્રજલાલ વાલજી ઉપાધ્યાય (જામનગર) અને પંડિતપ્રવર બાબુભાઈ સવચંદ (અમદાવાદ)નો સહયોગ પ્રાપ્ત થયો છે. તે બદલ તેઓશ્રી પ્રત્યે કૃતજ્ઞભાવ પ્રગટ કરીએ છીએ.

વિશેષમાં આવા કાર્યોમાં આર્થિક સહાયની જરૂર રહે જ અને તે માટે પ્રખરવક્તા પૂ. મુનિરાજશ્રી અમીવિજયજી મહારાજના શિષ્યરત્નો પૂ. આચાર્યદેવ શ્રી વિજય ક્ષમાભદ્રસૂરીશ્વરજી મહારાજ આદિની પ્રેરણાથી સ્થાપિત શ્રી શ્રુતજ્ઞાન અમીધારા જ્ઞાનમંદિર (ખેડા) ઉદ્યમવંત છે. તેના તરફથી પૂ. મુનિરાજ શ્રી અમીવિજયજી મહારાજના શિષ્યરત્ન ગુણાનુરાગી ભદ્રક પરિણામી પૂ. મુનિરાજ શ્રી ગુણવિજયજી મહારાજની પ્રેરણાથી ૫૦૦ નકલ માટે સહકાર પ્રાપ્ત થયો છે. પ્રેરક પૂ. મુનિરાજ શ્રી ગુણવિજયજી મહારાજ આ પ્રેરણા આપ્યા

પછી બીજે વરસે સં. ૨૦૨૩ માં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામી ગયા. નમ્રભાવે વંદનાસહ તેઓશ્રી પ્રત્યે અમે કૃતજ્ઞતા પ્રગટ કરીએ છીએ.

તદુપરાંત પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજની પ્રેરણાથી મહેસાણા જ્ઞાનખાતા તરફથી રૂા. ૩૫૦/-ની સહાય મળી છે. તે બદલ તેમના પ્રત્યે પણ કૃતજ્ઞતા પ્રગટ કરીએ છીએ.

પ્રેસમાલિક શ્રી ચીમનલાલભાઈએ કાળજીપૂર્વક અને ઝડપથી કાર્ય કરી આપવા માટે અને પંડિતપ્રવર બાબુભાઈ સવચંદે (અમદાવાદ) તેમાં સહાય કરી તે માટે તેમનો આભાર માનીએ છીએ.

લાખાબાવળ
વિ. સં. ૨૦૨૬ કાર્તિક શુદિ-૧
નૂતનવર્ષારંભદિન.

મહેતા મગનલાલ ચત્રભુજ

# અનુક્રમણિકા


| | | પાના નંબર |
|---|---|---|
| (૧) | પરિભાષા | ૯ થી ૧૪ |
| (૨) | નામમાલા | ૧ થી ૧૫૩ |
| (૩) | એકાક્ષર કોશ | ૧૫૪ થી ૧૫૭ |
| (૪) | શબ્દો બનાવવાની રીત | ૧૫૮ થી ૧૬૧ |
| (૫) | અંક સંજ્ઞા | ૧૬૨ થી ૧૬૩ |
| (૬) | દિશા–વિદિશા અને તેના અધિપતિનાં નામ | ૧૬૪ |


## દ્રવ્ય સહાયક


રૂા. ૩૫૦=૦૦ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની સુધારા ખાતાની પેઢી–મહેસાણા (ઉ.ગુ.) "જ્ઞાનખાતામાંથી" ( પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજના સદુપદેશથી. )

# શુદ્ધિપત્રક

| પાનું (પરિભાષા વિભાગ) | | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦ | લીટી ૮ | अङ्क, मौलि | अङ्क, मौलि |
| ૧૦ | લીટી ૧૯ | व्रत | व्रत |
| ૧૪ | લીટી ૫ | ( भू+भूत् = ) | ( भू+भृत् = ) |

---

| | | | |
|---|---|---|---|
| ૨૦ | શ્લોક લીટી ૨ | देहोऽपघनकायाङ्ग | देहोऽपघनकायाङ्गं |
| ૨૦ | શ્લોક લીટી ૫ | नन्दनोऽभक: | नन्दनोऽर्भक: |
| ૨૦ | શ્લોક લીટી ૬ | दुहितर | दुहितरं |
| ૩૯ | અનુવાદ લીટી ૬ | बह्निसूनुः | वह्निसूनुः |
| ૪૦ | અનુવાદ લીટી ૮ | કપર્દિન | કપર્દિન્ |
| ૬૯ | શ્લોક લીટી ૨ | खन्कृत | खन्कृतं |
| ૭૪ | શ્લોક લીટી ૨ | स्मतः | स्मृतः |
| ૭૭ | શ્લોક લીટી ૧ | वीतरागोऽर्हन | वीतरागोऽर्हन् |
| ૮૧ | શ્લોક લીટી ૧ | प्रसाधनविलेपनम | प्रसाधनविलेपनम् |
| ૮૬ | શ્લોક લીટી ૨ | तारुण्यं[૬] यौवनं[૭] | तारुण्यं[૧] यौवनं[૨] |
| ૮૬ | અનુવાદ લીટી ૬ | યુવાનનાં નામ બને છે | યુવાનીનાં નામ બને છે |
| ૯૩ | શ્લોક લીડી ૪ | घिषण्यम् | धिषण्यम् |
| ૯૩ | અનુવાદ લીટી ૩ | પાપ્મન | પાપ્મન્ |
| ૯૪ | અનુવાદ લીટી ૯ | ગાર | અગાર |
| ૯૬ | શ્લોક લીટી ૨ | तमोऽन्धकारं तिमिरं | तमोऽन्धकार-तिमिरं |
| ૧૨૮ | શ્લોક લીટી ૧ | पुरातनम | पुरातनम् |
| ૧૩૦ | શ્લોક લીટી ૨ | श्ट[illegible]लितः | शृङ्खलितः |

ગુરુ સ્તુતિ શ્લોક ૨ આ પ્રમાણે છે.

**येभ्यश्चाधिगतं नृभिः सुचरणं, येषां जगत् पादस्पृग् ।**
**येषु ज्ञानमतुच्छशर्म ददतां, ते प्रेमसूरीश्वराः ॥ २ ॥**

—*—

# પરિભાષા

જે શબ્દોની વ્યુત્પત્તિ ન થઇ શકે એવા 'आखण्डल' (=ઇન્દ્ર) વગેરે શબ્દો રૂઢ જાણવા અને ગુણ, ક્રિયા કે સંબંધથી જેનો અર્થ નીકળી શકે તેને યૌગિક કહેવા. ગુણોના હેતુથી અર્થ નીકળી શકે એવા 'नीलकण्ठ' (= શંકર) વગેરે શબ્દો અને ક્રિયાના હેતુથી અર્થ નીકળી શકે એવા 'स्रष्टा' (=બ્રહ્મા) વગેરે શબ્દો તેમજ સ્વસ્વામિભાવ સંબંધમાં 'भूपाल' (= રાજા) વગેરે શબ્દો યૌગિક છે.

## જુદા જુદા સંબંધમાં બનતા શબ્દો—

સ્વસ્વામિભાવ સંબંધમાં—મૂળ શબ્દથી पाल, धन, भुज्, नेतृ, पति અને મત્વર્થક मत् વગેરે જોડાઇ સ્વામિવાચક શબ્દો બને છે તેના ઉદાહરણો—भूपालः, भूधनः, भूभुग्, भूनेता, भूपतिः, भूमान् (=રાજા) આમ ઉદાહરણો કવિસમયોક્તિથી-શિષ્ટ પુરૂષોની પરંપરાથી સમજી લેવા.

## જન્યજનકભાવ સંબંધમાં-

જન્ય=કાર્યવાચક શબ્દને कृत्, कर्तृ, सृज्, स्रष्टृ, विधातृ, कर, सू અને તેના સરખા બીજા શબ્દો લગાડતાં જનકવાચક શબ્દો બને છે. ઉદાહરણ-विश्वकृत्, विश्वकर्त्ता विश्वसृट्, विश्वस्रष्टा, विश्वविधाता, विश्वकरः, विश्वसूः (બ્રહ્મા) વગેરે શબ્દો જાણવા. विश्वकारकः, विश्वजनकः ઇત્યાદિ પણ થાય છે.

જનક = કારણ વાચક શબ્દો થકી योनि, ज, रुह, जन्मन्, भू, सूति વગેરે શબ્દો અને अण् વગેરે પ્રત્યયો લગાડવાથી જન્યવાચક શબ્દો બને છે. ઉદા૦ – आत्मयोनिः, आत्मजः, आत्मरुहः, आत्मजन्मा, आत्मभूः, आत्मसूतिः, आत्मसम्भवः (બ્રહ્મા), भार्गवः = ભૃગુનો પુત્ર (શુક્ર), दैत्यः = દિતિનો પુત્ર.

## ધાર્યધારકભાવ સંબંધમાં–

ધાર્યવાચક શબ્દ થકી ध्वज, अस्त्र, पाणि, अङ्क, मौलि, भूषण, भृत्, અને તેના સરખા શબ્દો. તેમજ शालिन्, शेखर શબ્દો, મત્વર્થક પ્રત્યયો અને मालिन्, भर्तृ, धर વગેરે શબ્દો લગાડવાથી ધારક વાચક શબ્દો બને છે. ઉદા ૦– वृषध्वजः, शूलास्त्रः, पिनाकपाणिः, वृषाङ्क, चन्द्रमौलिः, शशिभूषणः, शूलभृत् (वृषकेतनः, शूलायुधः, वृषलक्ष्मा, चन्द्रशिराः, चन्द्राभरणः વગેરે.) તેમજ पिनाकशाली, शशिशेखरः, शूली, पिनाकमाली, पिनाकभर्त्ता, गङ्गाधरः (શંકર) વગેરે.

## ભોજ્યભોજકભાવ સબંધમાં--

ભોજ્ય – ભક્ષ્ય (ખાદ્ય) વાચક શબ્દ થકી – भुज्, अन्धस्, व्रत, लिह्, पायिन्, प, अश અને अशन વગેરે શબ્દો લગાડવાથી ભોજક ખાનાર વાચક શબ્દો બને છે. ઉદા૦– अमृतभुजः, अमृतान्धसः, अमृतव्रताः, अमृतलिहः, अमृतपायिनः, अमृतपाः, अमृताशाः, अमृताशनाः (દેવો) વગેરે.

## પતિ--પત્નીભાવ સંબંધમાં--

પતિવાચક શબ્દો થકી **कान्ता, प्रियतमा, वधू, प्रणयिनी** વગેરે તેમજ તેના સમાન **वल्लभा** વગેરે શબ્દો લગાડવાથી પત્નીવાચક શબ્દો બને છે. ઉદા૦– **शिवकान्ता, शिवप्रियतमा, शिववधूः, शिवप्रणयिनी, शिववल्लभा** (ગૌરી, પાર્વતી) વગેરે. અને પત્નીવાચક શબ્દો થકી **वर, रमण, प्रणयिन्, ईश** અને **प्रिय** વગેરે શબ્દો લગાડવાથી પતિ-વાચક શબ્દો બને છે. ઉદા૦– **गौरीवरः गौरीरमणः, गौरीप्रणयी, गौरीशः, गौरीप्रियः** (શિવ) વગેરે.

## સખિના સંબંધમાં--

એક મિત્રના વિશેષ નામ થકી **सखि** અને તેના જેવા બીજા શબ્દો લગાડવાથી બીજા મિત્રના વાચક શબ્દો બને છે. ઉદા૦ – **श्रीकण्ठसखः** (કુબેર), **मधुसखः** (કામદેવ), **वायुसखः** (અગ્નિ) વગેરે.

## વાહ્ય -- વાહકભાવ સંબંધમાં--

વાહ્ય (ઉપાડનાર) વાચક શબ્દ થકી **गामिन्, यान, आसन** વગેરે શબ્દો લગાડવાથી વાહુક (ઉપડાવનાર) વાચક શબ્દો બને છે. ઉદા૦ – **वृषगामी, वृषयानः, वृषासनः, वृषवाहनः** (શંભુ – શંકર) વગેરે.

## કૌટુમ્બિક સંબંધમાં--

પિતા વગેરેના વિશેષ નામ થકી **स्वसृ, दुहितृ, आत्मज, अग्रज, अवरज** વગેરે શબ્દો લગાડવાથી પુત્ર

વગેરેનાં વિશેષ નામો બને છે. ઉદા૦ – **यमस्वसा** (યમુના), **हिमवद्दुहिता** (ગૌરી) **चन्द्रात्मजः** (બુધ), **गदाग्रजः**, **इन्द्रावरजः** (વિષ્ણુ), (**कालिन्दीसोदरः – यमः**) વગેરે.

## આશ્રય -- આશ્રયિભાવ સંબંધમાં--

આશ્રય (રહેઠાણ) વાચક વિશેષનામ થકી **सद्मन्** અને તે અર્થવાળા બીજા શબ્દો, તેમજ **शय**, **वासिन्** અને **सद्** વગેરે શબ્દો જોડવાથી આશ્રયિ (રહેનાર) વાચક શબ્દો બને છે. ઉદા૦ – **द्युसद्मानः**, **द्युसद्नाः**, **दिवौकसः**, **द्युवसतयः**, **द्युशयाः**, **द्युवासिनः**, **द्युसदः** (દેવો).

## વધ્ય --વધકભાવ સંબંધમાં--

વધ્ય (હણવા યોગ્ય) વાચક શબ્દ થકી **भिद्**, **द्वेषिन्**, **जिद्** **घातिन्**, **द्रुह्**, **अरि**, **ध्वंसिन्** **शासन** **अन्तकारिन्**, **दमन**, **दर्पच्छिद्** **मथन** વગેરે શબ્દો જોડવાથી વધક (હણનાર) વાચક શબ્દો બને છે. ઉદા૦ – **पुरभिद्**, **पुरद्वेषी**, **पुरजित्**, **पुरघाती**, **पुरध्रुक्**, **पुरारिः**, **पुरध्वंसी**, **पुरशासनः**, **पुरान्तकारी**, **पुरदमनः**, **पुरदर्पच्छित्**, **पुरमथनः** (શિવ) (**पुरद्वारी**, **पुरनिहन्ता**, **पुरकेतुः**, **पुरहा**, **पुरसूदनः**, **पुरान्तकः**, **पुरजयी** વગેરે શિવનાં નામો થાય છે, વધને યોગ્ય તે ઉપરથી **कालियदमनः**, **कालियारिः**, **कालियशासनः** વગેરે વિષ્ણુનાં નામ થાય છે)

પરસ્પરનો સંબંધ વિવક્ષાધીન છે. એક સંબંધવાળા પદથી પણ ઉપર કહેલા સબંધમાં યોગ્યતા પ્રમાણે પદો જોડવાથી બીજા સંબંધને બતાવનારા શબ્દો બને છે, જેમકે :—

એકનો એક '**वृष**' શબ્દ વાહ્ય - વાહકભાવ સંબંધમાં **वृषबाहनः** = રુદ્ર, તે સ્વસ્વામિભાવ સંબંધમાં **वृषपतिः**, ધાર્યધારકભાવ સંબંધમાં **वृषलाञ्छनः** પણ થાય છે. તેવી જ રીતે '**अंशु**' શબ્દ તે બન્ને વિવક્ષામાં અનુક્રમે ધાર્ય-ધારકભાવમાં **अंशुमाली**, સ્વસ્વામિભાવમાં **अंशुपतिः**, **अंशुमान्** (રવિ સૂર્ય) પણ થાય છે.

એક જ **अहि** શબ્દ વધ્યવધકભાવની વિવક્ષામાં **अहिरिपुः** (મોર) અને ભોજ્યભોજકભાવ સંબંધમાં **अहिभुक्** (મોર) બને છે.

સંદેહરહિત વિશેષણો વડે જાતિવાચક શબ્દ પણ વ્યક્તિવાચક - સંજ્ઞાવાચક બની જાય છે. જેમ - **अगस्ति·पूता दिक्** = દક્ષિણ દિશા. **सप्तर्षिपूता दिक्**=ઉત્તર દિશા. **अत्रिनयनसमुत्थज्योतिः** =ચંદ્ર વગેરે )

**अयुग्** અને **विषम** શબ્દ ત્રણ પાંચ કે સાત વગેરેના વાચક છે.

તે શબ્દો **त्रिनेत्र**, **पञ्चेषु**, કે **सप्तपलाश**, (**त्र्यक्षः**, **पञ्च-बाणः**, **सप्तच्छदः**) વગેરે સ્થાનોમાં જોડવા. જેમ **त्रिनेत्रः**, **अयुङ्नेत्रः**, **विषमनेत्रः** (શંભુ). **पञ्चेषुः**, **अयुगिषुः**, **विषमेषुः** (કામદેવ). **सप्तपलाशः**, **अयुक्पलाशः** **विषमपलाशः**. (સપ્તપર્ણ). આદિ શબ્દથી **नवशक्तिः**, **अयुक्शक्तिः**, **विषमशक्तिः** (શંભુ) વગેરે શબ્દો બને છે.

ગુણવાચક શબ્દની પૂર્વમાં '**नञ्**' કે પાછળ '**इतर**' શબ્દ આવ્યો હોય તો તે જ શબ્દ વિરોધીવાચક બની

જાય છે. જેમ – **असितः, सितेतरः, कृष्णः** – (કાળુ). **अकृशः, कृशेतरः – स्थूलः,** (જાડું) વગેરે.

(વાઃ + ધિ =) **वार्द्धि** વગેરે શબ્દોમાં પૂર્વપદમાં, (**वडवा + अग्नि =**) **वडवाग्नि** વગેરે શબ્દોમાં ઉત્તરપદમાં અને (**भू + भृत् =**) **भूभृत्** વગેરે શબ્દોમાં પૂર્વ કે ઉત્તર બન્ને પદોમાં પર્યાયવાચક શબ્દો મૂકી શકાય છે. પૂર્વ-પદમાં જેમ – **वार्द्धिः, जलधिः तोयधिः,** (**जलदः, तोयदः, नीरदः**) વગેરે ઉત્તરપદમાં જેમ – **वडवाग्निः, वडवानलः, वडवावह्निः** (**सरोजम्, सरोरुहम्**) વગેરે પૂર્વ કે ઉત્તર-પદમાં જેમ – **भूभृत्, उर्वीभृत्, भूधरः, उर्वीधरः** (**सुरपतिः, देवराजः**) વગેરે. આ રીતે પદોના ફેરફારવાળા શબ્દો વ્યુત્પત્તિથી બનતા હોવાથી યૌગિક કહેવાય છે.

પર્યાયના ફેરફાર વિનાના **गीर्वाणः** (**दशरथः कृतान्तः**) વગેરે શબ્દો મિશ્ર (યોગ રૂઢ) કહેવાય છે.

# 卐 गुरु स्तुति 卐

जिनेन्द्रशासनाधारं प्रवचनप्रभावकम् ।
श्रीसंघस्थविरं सौम्यं सिद्धिसूरीश्वरं स्तुवे ॥१॥

ये ख्याता भुवनेऽनर्घैर्गुणगणैर्यान् संस्तुवन्ते बुधाः,
यैर्भिन्नो मधुसारथिर्नरगणो येभ्यः स्पृहावान् सदा ।
येभ्योऽवाप्तमिदं नृभिः सुचरण :,
येषु ज्ञानमतुलं सुखं ददतु ते श्रीप्रेमसूरीश्वराः ॥२॥

आगमभास्करं शान्तमज्ञान-तम-नाशकम् ।
रामचंद्रं नवं चंद्रं वंदे सूरिवरं सदा ॥३॥

पञ्चाचारं सदा शान्तं, क्षमानाथं तपोनिधिम् ।
शासनैकरतं सूरिं, कर्पूरं स्तौमि सद्गुरुम् ॥४॥

भीमभवभयात्त्राता, प्रवक्ताकविकोविदः ।
अमृतसूरिवर्यं तं, नमामि ब्रह्मचारिणम् ॥५॥

હજી સુધી અપ્રગટ

卐 અદ્વિતીય ગ્રંથ પ્રગટ થશે 卐

કલિકાલ-સર્વજ્ઞઆચાર્ય ભગવંત
શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી વિરચિત

# અનેકાર્થ કોષઃ

આચાર્ય ભગવન્ત શ્રીમદ્ મહેન્દ્ર સૂરીશ્વરજી વિરચિત

અનેકાર્થ કૈરવાકર કૌમુદી—
× ટીકા સહિત ×

જેમાં

શબ્દે શબ્દે ટીકાકાર મહારાજાએ ગ્રંથકાર મહારાજાના આશયને સ્પષ્ટ કરવા અનેકગ્રંથોના ઉદાહરણો આપેલા છે. જેનો જોટો મળવો મુશ્કેલ છે. કોષ જગતમાં અપ્રગટ અદ્વિતીય આ ગ્રંથ છે.

પ્રકાશિકા :—

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ (સૌરાષ્ટ્ર).

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

# ધનંજય નામમાલા

**મંગલાચરણ—**

तन्नमामि परं ज्योति—रवाङ्मनसगोचरम्+ ।
उन्मूलयत्यविद्यां यद्, विद्यामुन्मीलयत्यपि ॥१॥

**યુગલ-જોડલાનાં નામ કહે છે—**

१ द्वयं २ द्वितय—३ मुभयं, ४ यमलं ५ युगलं ६ युगम् ।
७ युग्मं ८ द्वन्द्वं ९ यमं १० द्वैतं, पादयोः पातु जैनयोः ॥२॥

(૧) હું (કવિરાજ ધનંજય) વચન તથા મનને અગોચર એવા પરમ જ્યોતિ સ્વરૂપ કેવલજ્ઞાનને નમસ્કાર કરું છું, કે જે (ભવ્ય જીવોના) અજ્ઞાનનો નાશ કરે છે અને જ્ઞાનને પ્રગટ કરે છે. ॥૧॥

(૨) દ્વય, દ્વિતય, ઉભય, યમલ, યુગલ, યુગ, યુગ્મ, દ્વન્દ્વ, યમ, દ્વૈત (૧૦—ન૦) આ યુગલ-જોડલાનાં નામ છે.

શ્રી જિનેશ્વર દેવના ચરણનું યુગલ તમારી રક્ષા કરો. ॥૨॥

+ वाङ्मनस (દ્વન્દ્વ સમાસ) अ પ્રત્યયાંત નિપાતન છે.

**હવે મુનિ, શિષ્ય અને શાસ્ત્રનાં નામ કહે છે—**

१ २ ३ ४ ५ ६ ७

ऋषिर्यतिर्मुनिर्भिक्षु-स्तापसः संयतो व्रती ।

८ ९ १० ११ १२

तपस्वी संयमी योगी, वर्णी साधुश्च पातु वः ॥३॥

१ २ ३ ४

दीक्षितं शैक्षं शिष्यं च, तमन्तेवासिनं विदुः ।

१ २ ३ ४ ५

कृतान्ताऽऽगमसिद्धान्त-ग्रन्थाः शास्त्रमतः परम् ॥४॥

---

(૧) ઋષિ, યતિ, મુનિ, ભિક્ષુ, તાપસ, સંયત, વ્રતિન્, તપસ્વિન્, સંયમિન્, યોગિન્, વર્ણિન્, સાધુ (૧૨–પું૦) આ મુનિનાં નામ છે. સાધુ ભગવંત તમારી રક્ષા કરો. ॥૩॥

(૨) દીક્ષિત, શૈક્ષ, શિષ્ય, અન્તેવાસિન્ (૪–પું૦) આ શિષ્યનાં નામ છે.

(૩) કૃતાન્ત, આગમ, સિદ્ધાન્ત, ગ્રંથ (૪–પું૦), શાસ્ત્ર (ન૦) આ શાસ્ત્રનાં નામ છે. ॥૪॥

---

શ્લો૦ ૩—(૧) अनगारः, निर्ग्रन्थः, यती 'इन्', वाचंयमः, श्रमणः, मुमुक्षुः, तपोधनः (૭–પું૦) = સાધુ.

શ્લો૦ ૪—(૧) विनेयः (પું૦) = શિષ્ય.

आप्तोक्तिः, स्मृतिः (૨–સ્ત્રી૦), राद्धान्तः, समयः (૨–પું૦), श्रुतम् (ન૦) = શાસ્ત્ર.

(૨) कृतान्त (પું૦) સિદ્ધાન્ત, દૈવ, પાપ, યમદેવ વગેરે અર્થમાં પણ છે.

**હવે પૃથ્વીનાં નામ કહે છે—**

१ २ ३ ४ ५ ६ ७

**भूमिर्भूः पृथिवी पृथ्वी, गह्वरी मेदिनी मही ।**

८ ९ १० ११ १२ १३

**धरा वसुमती धात्री, क्ष्मा विश्वंभराऽवनिः ॥५॥**

१४ १५ १६ १७ १८ १९ २०

**वसुधा धरणी क्षोणी, क्ष्मा धरित्री क्षितिश्च कुः ।**

२१ २२ २३ २४ २५ २६ २७

**कुम्भिनीलोर्वरा चोर्वी, जगती गौर्वसुन्धरा ॥६॥**

---

(૧) ભૂમિ, ભૂ, પૃથિવી, પૃથ્વી, ગહ્વરી, મેદિની, મહી, ધરા, વસુમતી, ધાત્રી, ક્ષ્મા, વિશ્વંભરા, અવનિ ॥૫॥

વસુધા, ધરણી, ક્ષોણી, ક્ષ્મા, ધરિત્રી, ક્ષિતિ, કુ, કુમ્ભિની, ઇલા, ઉર્વરા, ઉર્વી, જગતી, ગો, વસુન્ધરા ( ૨૭–સ્ત્રી૦ ) આ પૃથ્વીનાં નામ છે. ॥૬॥

---

શ્લો૦ ૬ – (૧) अचला, अनन्ता, काश्यपी, गोत्रा, पर्वताधारा, बीजसूः, रत्नसूः, रत्नवती, रत्नगर्भा, विश्वा, स्थिरा, सर्वंसहा, सागराम्बरा, सागरमेखला (૧૪–સ્ત્રી૦) = પૃથ્વી.

(૨) गो (પું૦) બળદ, કિરણ, હીરો, વજ્ર, સ્વર્ગ, સૂર્ય, ચંદ્ર, પશુ, વાયુ, (સ્ત્રી૦) ગાય, નેત્ર, બાણ, દિશા, વાણી, રૂંવાડું, (ન૦) પાણી, સત્ય, કેશ વગેરે અર્થમાં પણ છે.

**હવે પર્વત, રાજા તથા વૃક્ષનાં નામ બનાવવાની રીત અને પર્વતનાં નામ કહે છે—**

तत्पर्याय-धरः[1] शैलः, तत्पर्याय-पतिर्[1]नृपः ।
तत्पर्याय-रुहो[1] वृक्षः, शब्दमन्यं च योजयेत् ॥७॥

दरीभृद्[1]चलः[2] शृङ्गी,[3] पर्वतः[4] सानुमान्[5] गिरिः[6] ।
नगः[7] शिलोच्चयो[8]ऽद्रिश्च,[9] शिखरी[10] त्रिककुन्[11]मरुत्[12] ॥८॥

---

(૧) પૃથ્વીવાચક શબ્દોની પાછળ धर શબ્દ જોડવાથી પર્વતનાં નામ બને છે. જેમકે—भूमिधरः, भूधरः ( ૨–પું૦ ) ઇત્યાદિ.

(૨) પૃથ્વીવાચક શબ્દોની પાછળ पति શબ્દ જોડવાથી રાજાનાં નામ બને છે. જેમકે—भूमिपतिः, भूपतिः(૨–પું૦)ઇત્યાદિ.

(૩) પૃથ્વીવાચક શબ્દોની પાછળ रुह શબ્દ જોડવાથી વૃક્ષનાં નામ બને છે. જેમકે—भूमिरुहः, भूरुहः ( ૨–પું૦ ) ઇત્યાદિ. ॥૭॥

(૪) દરીભૃત્, અચલ, શૃંગિન્, પર્વત, સાનુમત્, ગિરિ, નગ, શિલોચ્ચય, અદ્રિ, શિખરિન્, ત્રિકકુદ્, મરુત્ (૧૨–પું૦ ) આ પર્વતનાં નામ છે. ॥૮॥

---

શ્લો૦ ૭—(૧) धर, पति અને रुह ના સ્થાને સમાનાર્થી અન્ય શબ્દો પણ જોડી શકાય છે. જેમકે–(૧) भूमिभृत्, भूध्रः (૨) पृथ्वीनाथः, धराधीशः (૩) महीरुट् 'ह्', क्षितिजः (પું૦) ઇત્યાદિ.

**હવે પર્વતના ભાગોનાં નામ અને પર્વતનાં નામ બનાવવાની રીત કહે છે—**

१ २ ३ ४ ५ ६ ७
प्रस्थं पार्श्वं तटं सानु-र्मेखलोपत्यका तटी ।
८ ९ १० १ २
नितम्बमन्तो दन्तश्च, तद्वानपि गिरिः स्मृतः ॥९॥

(૧) પ્રસ્થ ( પું૰ ન૰ ) = શિખર–પર્વતનો ઉપરનો સરખો ભૂમિભાગ. (૨) પાર્શ્વ ( ન૰ ) = પડખું, પર્વતની સમીપનો પ્રદેશ. (૩) તટ ( ત્રિ૰ ) = શિખર. (૪) સાનુ ( પું૰ ન૰ ) = શિખર, પર્વતનો ઉપરનો સરખો ભૂમિભાગ. (૫) મેખલા ( સ્રી૰ ) = પવર્તનો મધ્યભાગ. (૬) ઉપત્યકા ( સ્રી૰ ) = તળેટી–પર્વતની નીચેની ભૂમિ. (૭) તટી ( સ્રી૰ ) = શિખર. (૮) નિતમ્બ ( પું૰ ન૰ ) = પર્વતનો મધ્યભાગ. (૯) અન્ત ( પું૰ )=પર્વતનો છેડો, હદ. (૧૦) દન્ત (પું૰) = પર્વતનો મધ્યભાગ, શિખર, દાઢા.

આ પર્વતના ભાગોનાં નામને मतुप् (वत्) પ્રત્યય લગાડવાથી પર્વતનાં નામ બને છે. જેમકે-प्रस्थवान्, पार्श्ववान्, तटवान्, सानुमान् ( ૪–પું૰ ) ઇત્યાદિ. તથા ગિરિ ( પું૰ ) આ પણ પર્વતનું નામ છે. ॥૯॥

શ્લો૰ ૮—(૧) अचल (પું૰) ખીલો, શિવ અને આત્મા અર્થમાં પણ છે.

मरुत् (પું૰) દેવ, વાયુ અને મરવો-ડમરો અર્થમાં પણ છે.

**હવે રાજા-સ્વામી અને વૃક્ષનાં નામ કહે છે—**

१ २ ३ ४ ५ ६ ७

**राजाऽधिपः पतिः स्वामी, नाथः परिवृढः प्रभुः ।**

८ ९ १० ११ १२ १३ १४

**ईश्वरो विभुरीशानो, भर्तेन्द्र इन ईशिता ॥१०॥**

१ २ ३ ४ ५ ६

**अनोकहस्तरुः शाखी, विटपी फलिनो नगः ।**

७ ८ ९ १० ११ १२

**द्रुमोऽङ्घ्रिपः फलेग्राही, पादपोऽगो वनस्पतिः ॥११॥**

---

(૧) રાજન્, અધિપ, પતિ, સ્વામિન્, નાથ, પરિવૃઢ, પ્રભુ, ઈશ્વર, વિભુ, ઈશાન, ભર્તૃ, ઈન્દ્ર, ઇન, ઈશિતૃ (૧૪-પું૦) આ રાજા અથવા સ્વામીનાં નામ છે. ॥૧૦॥

(૨) અનોકહ, તરુ, શાખિન્, વિટપિન્, ફલિન, નગ, દ્રુમ, અંઘ્રિપ, ફલેગ્રાહિન્, પાદપ, અગ, વનસ્પતિ (૧૨-પું૦) આ વૃક્ષનાં નામ છે. ॥૧૧॥

---

શ્લો૦ ૧૦-(૧) पार्थिवः, राट् 'ज्' (૨-પું૦)=રાજા.

(૨) राजन् (પું૦) ચંદ્ર અને કુબેર અર્થમાં પણ છે.

ईश्वर (પું૦) મહાદેવ, કામદેવ, પરમેશ્વર, પ્રધાન, શ્રીમંત, શેઠ, ચૈતન્યાત્મા વગેરે અર્થમાં પણ છે.

ईशितृ (પું૦) ઈશ્વર અર્થમાં પણ છે.

શ્લો૦ ૧૧-(૧) अंह्रिपः, चरणपः, फलदः, द्रुः, वृक्षः (૫-પું૦) =વૃક્ષ-ઝાડ.

(૨) अग (પું૦) પર્વત, સર્પ અને સૂર્ય અર્થમાં પણ છે.

**હવે વાનર અને જંગલનાં નામ કહે છે—**

१ २ ३ ४
**तत्पर्याय-चरो ज्ञेयो, हरिर्बलिमुखः कपिः ।**
५ ६ ७ ८
**वानरः प्लवगश्चैव, गोलाङ्गूलोऽथ मर्कटः ॥१२॥**
१ २ ३ ४ ५ ६
**विपिनं गहनं कक्ष-मरण्यं काननं वनम् ।**
७ ८ ९ १ २
**कान्तारमटवी दुर्गं, तच्चरः स्याद् वनेचरः ॥१३॥**

---

(૧) વૃક્ષવાચક શબ્દોની પાછળ चर શબ્દ જોડવાથી વાનરનાં નામ બને છે. જેમકે—अनोकहचरः, तरुचरः (૨—પું૦) ઈત્યાદિ. તથા હરિ, બલિમુખ, કપિ, વાનર, પ્લવગ, ગોલાંગૂલ, મર્કટ (૭—પું૦) આ વાનરનાં નામ છે. ॥૧૨॥

(૨) વિપિન, ગહન, કક્ષ, અરણ્ય (૪—પું૦ ન૦), કાનન, વન (૨—ન૦), કાન્તાર (પું૦ ન૦), અટવી ( સ્ત્રી૦ ), દુર્ગ (ન૦) આ જંગલનાં નામ છે.

(૩) જંગલવાચક શબ્દોની પાછળ चर શબ્દ જોડવાથી ભીલનાં નામ બને છે. જેમકે—विपिनचरः, गहनचरः (૨—પું૦) ઈત્યાદિ. તથા વનેચર (પું૦) પણ ભીલનું નામ છે. ॥૧૩॥

---

શ્લો૦ ૧૨—(૧) वनौकाः 'स्', शाखामृगः (૨—પું૦)=વાનર.

(૨) हरि (પું૦) વિષ્ણુ, ઇન્દ્ર, અશ્વ, સિંહ, સર્પ, દેડકો, પોપટ, પક્ષી, ચંદ્ર, સૂર્ય, કપૂર. યમ, વાયુ, મહાદેવ, બ્રહ્મા, કિરણ, મોર, કોયલ, હંસ, અગ્નિ, પંડિત વગેરે અનેક અર્થમાં છે.

શ્લો૦ ૧૩-(૧) कक्ष (પું૦) ઓરડો અને બગલ અર્થમાં છે. दुर्ग (પું૦) કિલ્લો, પરમેશ્વર, ભય, શોક, દુઃખ, નરક, જન્મ વગેરે અર્થમાં છે.

**હવે ભીલ અને પાણીનાં નામ કહે છે—**

૩ ૪ ૫ ૬ ૭ ૮
पुलिन्दः शबरो दस्यु-र्निषादो व्याधलुब्धकौ ।
૯ ૧૦ ૧૧
धानुष्कोऽथ किरातश्च, सोऽरण्यानीचरः स्मृतः ॥१४॥

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦
वार्वारि कं पयोऽम्भोऽम्बु, पाथोऽर्णः सलिलं जलम् ।
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮
शरं वनं कुशं नीरं, तोयं जीवनमब्विषम् ॥१५॥

---

(૧) પુલિન્દ, શબર, દસ્યુ, નિષાદ, વ્યાધ, લુબ્ધક, ધાનુષ્ક, કિરાત, અરણ્યાનીચર (૯–પું૦) આ ભીલનાં નામ છે. ॥૧૪॥

(૨) વાર્, વારિ, ક, પયસ્, અમ્ભસ્, અમ્બુ, પાથસ્, અર્ણસ્, સલિલ, જલ, શર, વન, કુશ, નીર, તોય, જીવન (૧૬–ન૦), અપ્ (સ્ત્રી૦બ૦વ૦), વિષ (ન૦) આ પાણીનાં નામ છે. ॥૧૫॥

---

શ્લો૦ ૧૪–(૧) भिल्लः, म्लेच्छः (૨–પું૦)=ભીલ.

(૨) व्याध (પું૦) શિકારી અર્થમાં પણ છે. लुब्धक (પું૦) લોભી અને પારધી અર્થમાં પણ છે. दस्यु (પું૦) ચોર, ડાકુ, દુષ્ટ, શત્રુ, ક્રૂર વગેરે અર્થમાં પણ છે.

શ્લો૦ ૧૫–(૧) अमृतम्, कमलम्, कीलालम्, क्षीरम्, जीवनीयम्, पुष्करम्, भुवनम्, मेघपुष्पम् (૮–ન૦)=પાણી.

**હવે મત્સ્ય, મેઘ, કમળ તથા સમુદ્રનાં નામ બનાવવાની રીત અને માછલાનાં નામ કહે છે—**

तत्पर्याय-चरो मत्स्य-स्तत्पर्याय-प्रदो घनः ।
तत्पर्यायोद्भवं पद्मं, तत्पर्याय-धिरम्बुधिः* ॥१६॥

१ २ ३ ४ ५
पृथुरोमा षडक्षीणो, यादो वैसारिणो झषः ।
६ ७ ८ ९ १० ११
विसारी शकरो मीनः, पाठीनोऽनिमिषस्तिमिः ॥१७॥

---

(૧) જલવાચક શબ્દોની પાછળ चर શબ્દ જોડવાથી માછલાનાં નામ બને છે. જેમકે—जलचरः, अम्बुचरः (૨-પું૦)

(૨) જલવાચક શબ્દોની પાછળ प्रद+ શબ્દ જોડવાથી મેઘનાં નામ બને છે. જેમકે—जलप्रदः, अम्बुप्रदः (૨-પું૦)

(૩) જલવાચક શબ્દોની પાછળ उद्भव જોડવાથી કમળનાં નામ બને છે. જેમકે-जलोद्भवम्, सलिलोद्भवम् (૨-ન૦)

(૪) જલવાચક શબ્દોની પાછળ धि જોડવાથી સમુદ્રનાં નામ બને છે. જેમકે—जलधिः, अम्बुधिः (૨-પું૦) ॥૧૬॥

(૫) પૃથુરોમન્, ષડક્ષીણ (૨-પું૦), યાદસ્ (ન૦), વૈસારિણ, ઝષ, વિસારિન્ (૩-પુ૦), શકર (પુ૦-સ્ત્રી), મીન, પાઠીન, અનિમિષ, તિમિ (૪-પું૦) આ માછલાનાં નામ છે. ॥૧૭॥

---

* શ્લો૦ ૧૬-(૧) धिरम्बुधिः પાઠ ભાષ્યના આધારે મૂકયો છે. અહીં धरोऽम्बुधिः પાઠાન્તર છે. જલવાચક શબ્દોની પાછળ धर શબ્દ જોડવાથી સમુદ્રનાં તેમજ મેઘનાં નામ પણ બને છે. જેમકે—जलधरः (પું૦) ઇત્યાદિ.

+(૨) प्रद ને સ્થાને द પણ જોડી શકાય છે. જેમકે—जलदः, अम्बुदः, नीरदः, तोयदः (૪-પું૦) ઇત્યાદિ.

**હવે મેઘ-વાદળ અને વીજળીનાં નામ કહે છે—**

१ २ ३ ४ ५ ६

**घनाघनो घनो मेघो, जीमूतोऽभ्रं बलाहकः ।**

७ ८+ ९ १ २ ३

**पर्जन्यो मुदिरो नभ्राट्, शम्पा सौदामनी तडित् ॥१८॥**

४ ५ ६ १

**आकालिकी क्षणरुचि-र्विद्युत् तत्-पतिरम्बुदः ।**

२ ३ ४ ५

**निर्घातमशनिर्वज्र-मुल्काशब्दं च योजयेत् ॥१९॥**

---

(૧) ઘનાઘન, ઘન, મેઘ, જીમૂત (૪-પું૦), અભ્ર (ન૦), બલાહક, પર્જન્ય, મુદિર, નભ્રાજ્ (૪-પું૦) આ મેઘનાં નામ છે.

(૨) શમ્પા, સૌદામની, તડિત્ ॥૧૮॥ આકાલિકી, ક્ષણરુચિ, વિદ્યુત્ (૬-સ્ત્રી૦) આ વીજળીનાં નામ છે.

(૩) વીજળીવાચક શબ્દોની પાછળ પતિ શબ્દ જોડવાથી મેઘનાં નામ બને છે. જેમકે—शम्पापतिः (પું૦) ઈત્યાદિ.

(૪) નિર્ઘાત (પું૦ ન૦)=ગડગડાટ | અશનિ (પું૦સ્ત્રી૦) અને* વજ્ર (પું૦ ન૦)=વીજળી, વજ્ર|ઉલ્કા (સ્ત્રી૦)=આકાશમાંથી પડતો અમંગળ સૂચક તેજનો સમૂહ.

(૫) આ શબ્દોની પાછળ પતિ શબ્દ જોડવાથી પણ મેઘનાં નામ બને છે. જેમકે—निर्घातपतिः(પું૦) ઇત્યાદિ. ॥૧૯॥

---

શ્લો૦ ૧૮, ૧૯—(૧) स्तनयित्नुः, धाराधरः (૨-પું૦)=મેઘ. चला, चञ्चला, अचिरा, क्षणिका, क्षणप्रभा (૫-સ્ત્રી૦)=વીજળી.

+ (૨) અહીં मिहिरो એવો પાઠાન્તર છે. *(૩) (૪-ક્તું) વજ્રવાચક નામો (રત્નવિશેષ) હીરાવાચક પણ બને છે.

**હવે કાદવ અને કમળનાં નામ કહે છે—**

१ २ ३ १ २
**जम्बालः कर्दमः पङ्क–स्तज्जं तामरसं विदुः ।**
३ ४ ५ ६ ७
**कमलं नलिनं पद्मं, सरोजं सरसीरुहम् ॥२०॥**
८ ९ १० ११
**खरदण्डं कोकनदं, पुण्डरीकं महोत्पलम् ।**
१२ १३ १४ १५
**इन्दीवरमरविन्दं, शतपत्रं च पुष्करम् ॥२१॥**
१६ १७ १
**स्यादुत्पलं कुवलय–मथ नीलाम्बुजन्म च ।**
२ १ २
**इन्दीवरं च नीलेऽस्मिन्, सिते कुमुदकैरवे ॥२२॥**

---

(૧) જમ્બાલ (પું૦ ન૦), કર્દમ (પું૦), પંક (પું૦ ન૦) આ કાદવનાં નામ છે.

(૨) કાદવવાચક શબ્દોની પાછળ જ શબ્દ જોડવાથી કમળનાં નામ બને છે. જેમ કે—पङ्कजम् (ન૦) ઇત્યાદિ.

તથા તામરસ (ન૦), કમલ, નલિન, પદ્મ (૩–પું૦ન૦), સરોજ, સરસીરુહ ॥ ૨૦ ॥ ખરદંડ, કોકનદ (રાતું કમળ), પુંડરીક (શ્વેત કમળ), મહોત્પલ, ઇન્દીવર, અરવિંદ, શતપત્ર, પુષ્કર (૧૦–ન૦) ॥૨૧॥ ઉત્પલ (પું૦ ન૦), કુવલય (ન૦) આ કમળનાં નામ છે. નીલામ્બુજન્મન્, ઇન્દીવર (૨–ન૦) આ બે નીલ (કાળા) કમળનાં નામ છે. કુમુદ (પું૦ ન૦), કૈરવ (ન૦) આ બે ચંદ્રવિકાસી શ્વેત કમળનાં નામ છે. ॥૨૨॥

**હવે કમળવેલ, લતા અને નદીનાં નામ કહે છે—**

१ २ १ २ ३
**तद्-वती बिसिनी ज्ञेया, व्रतती वल्लरी लता ।**
४
**वल्लीनामानि योज्यानि, वारिधिर्वर्ण्यतेऽधुना ॥२३॥**
१ २ ३ ४ ५ ६
**स्रोतस्विनी धुनी सिन्धुः, स्रवन्ती निम्नगाऽऽपगा ।**
७ ८ ९ * १० ११
**नदी नदो द्विरेफश्च, सरिन्नाम्नी तरङ्गिणी ॥२४॥**

---

(૧) કમલવાચક શબ્દોની પાછળ वती (मतुप् પ્રત્યય) જોડવાથી કમળવેલનાં નામ બને છે. જેમકે—कमलवती (સ્ત્રી૦) ઇત્યાદિ. તથા બિસિની એ પણ કમળવેલનું નામ છે.+

(૨) × વ્રતતી, વલ્લરી, લતા, વલ્લી (૪–સ્ત્રી૦) આ લતા–વેલનાં નામ છે.

(૩) કમળવાચક શબ્દોની પાછળ વેલનાં નામ જોડવાથી પણ કમળવેલનાં નામ બને છે. જેમકે—कमलव्रतती (સ્ત્રી૦). હવે (નદીનાં નામ કહીને) સમુદ્રનું વર્ણન કરે છે. ॥૨૩॥

(૪) સ્રોતસ્વિની, ધુની (૨–સ્ત્રી૦), સિન્ધુ (પું૦ સ્ત્રી૦), સ્રવન્તી, નિમ્નગા, આપગા, નદી(૪–સ્ત્રી૦), નદ, દ્વિરેફ(૨–પું૦), સરિત્, તરંગિણી (૨–સ્ત્રી૦) આ નદીનાં નામ છે. ॥૨૪॥

---

+ શ્લો૦ ૨૩—(૧) કમળવાચક શબ્દોની પાછળ इनी જોડવાથી પણ કમળવેલનાં નામ બને છે. જેમકે–कमलिनी नलिनी, पद्मिनी (૩–સ્ત્રી૦)

× (૨) અન્ય કોશોમાં હ્રસ્વાંત व्रतति શબ્દનો ઉલ્લેખ છે.

શ્લો૦ ૨૪—(૧) कूलङ्कषा, कुल्या, पर्वतजा, जलधिगा, समुद्रदयिता, सरस्वती (૬–સ્ત્રી૦)=નદી. *(૨) द्वौ रेफौ तटौ यस्य द्विरेफः । આ રીતે ભાષ્યકારે વ્યુત્પત્તિ કરી છે.

**હવે સમુદ્ર અને કિનારાનાં નામ કહે છે—**

१ २ ३ ४

तत्-पतिश्च भवत्यब्धिः, पारावारोऽमृतोद्भवः ।

५ ६ ७ ८

अवारपारोऽकूपारो, रत्नमीनाऽभिधाऽऽकर: ॥२५॥

९ १० ११ १२ १३

समुद्रो वारिराशिश्च, सरस्वान् सागरोऽर्णव: ।

१ २ ३ ४ ५ ६ ७

सीमोपकण्ठं तीरं च, पारं रोधोऽवधिस्तटम् ॥२६॥

---

(૧) નદીવાચક શબ્દોની પાછળ पति+ શબ્દ જોડવાથી સમુદ્રનાં નામ બને છે. જેમકે—स्रोतस्विनीपतिः (પું૦) ઇત્યાદિ.

તથા અબ્ધિ, પારાવાર, અમૃતોદ્ભવ, અવારપાર, અકૂપાર (૫–પું૦) આ સમુદ્રનાં નામ છે.

તેમજ રત્નવાચક અને મત્સ્યવાચક શબ્દોની પાછળ आकर શબ્દ જોડવાથી સમુદ્રનાં નામ બને છે. જેમકે— रत्नाकरः, मीनाकरः, मत्स्याकरः, शफराकरः (૫–પું૦) ॥૨૫॥ તથા સમુદ્ર, વારિરાશિ, સરસ્વત્, સાગર, અર્ણવ (૫–પું૦) આ પણ સમુદ્રનાં નામ છે.

(૨) સીમા (સ્ત્રી૦) અથવા સીમન્ (ન૦), ઉપકંઠ, તીર, પાર (સામો કિનારો), રોધસ્ (૪–ન૦), અવધિ (પું૦), તટ (ત્રિ૦) આ કિનારાનાં નામ છે. ॥ ૨૬ ॥

---

+શ્લો૦ ૨૫–(૧) पति ના સ્થાને તેના પર્યાયવાચી અન્ય શબ્દો પણ જોડી શકાય છે. જેમકે—नदीशः, नदीनः, नदीनाथः, (૩–પું૦)

શ્લો૦ ૨૬–(૧) कूलम् (ન૦)=કિનારો.

(૨) अवधि (પું૦) કાળ, હદ, મર્યાદા વગેરે અર્થમાં પણ છે.

હવે તરંગ, સમુદ્રવિલાસ અને મનુષ્યનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६

भङ्गस्तरङ्गकल्लोलौ, वीचिरुत्कलिकाऽऽवलिः ।

१ २ ३ + ४

पाली वेला तटोच्छ्वासो, विभ्रमोऽयमुदन्वतः ॥२७॥

१ २ ३ ४ ५ ६

मनुष्यो मानुषो मर्त्यो, मनुजो मानवो नरः ।

७ ८ ९ १० * १

ना पुमान् पुरुषो गोधो, धवः स्यात् तत्-पतिर्नृपः ॥२८॥

---

(૧) ભંગ, તરંગ, કલ્લોલ (૩–પું૦), વીચિ, ઉત્કલિકા, આવલિ (૩–સ્ત્રી૦) આ તરંગ–મોજાનાં નામ છે.

(૨) પાલી, વેલા (૨–સ્ત્રી૦), તટોચ્છ્વાસ, વિભ્રમ (૨–પું૦) આ સમુદ્રના વિલાસનાં નામ છે. ॥૨૭॥

(૩) મનુષ્ય, માનુષ, મર્ત્ય, મનુજ, માનવ, નર, નૃ, પુંસ્, પુરુષ, ગોધ (૧૦–પું૦) આ મનુષ્યનાં નામ છે.

(૪) મનુષ્યવાચક શબ્દોની પાછળ ×धव કે पति જોડવાથી રાજાનાં નામ બને છે. જેમકે–मनुष्यधवः, मानुषपतिः (૨–પું૦) ॥૨૮॥

---

શ્લો૦ ૨૭ + (૧) ભાષ્યમાં तटोच्छ्वासौ પાઠ છે. અને ભાષ્યકારે भङ्ग થી विभ्रम સુધીના ૧૧ શબ્દોને તરંગવાચક કહ્યા છે. पाली મુખ્યત્વે પાળ, કિનારો અર્થમાં છે.

શ્લો૦ ૨૮ * (૧) ગોધ શબ્દનું 'પુરુષ અર્થમાં' કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી. × (૨) આ પ્રમાણે અર્થ ભાષ્યના આધારે કર્યો છે. અહીં સ્વામિવાચક અન્ય શબ્દો પણ જોડી શકાય છે. જેમકે–नरेशः, नरनाथः, नरेन्द्रः (૩–પું૦).

હવે દાસ અને સ્ત્રીનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫ ૬
भृत्योऽथ भृतक पत्तिः, पदातिः पद्गोऽनुगः ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
भटोऽनुजीव्यनुचरः, शस्त्रजीवी च किङ्करः ॥२९॥
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
स्त्री नारी वनिता मुग्धा, भामिनी भीरुरङ्गना ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
ललना कामिनी योषिद्, योषा सीमन्तिनी वधूः ॥३०॥
૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮
नितम्बिन्यबला बाला, कामुकी वामलोचना ।
૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪ +
भामा तनूदरी रामा, सुन्दरी युवतिश्चला ॥३१॥

---

(૧) ભૃત્ય, ભૃતક, પત્તિ, પદાતિ, પદગ, અનુગ, ભટ, અનુજીવિન્, અનુચર, શસ્ત્રજીવિન્, કિંકર (૧૧–પું૦) આ દાસ અથવા સુભટનાં નામ છે. ॥૨૯॥

(૨) સ્ત્રી, નારી, વનિતા, મુગ્ધા, ભામિની, ભીરુ, અંગના, લલના, કામિની, યોષિત્, યોષા, સીમન્તિની, વધૂ॥૩૦॥

નિતમ્બિની, અબલા, બાલા, કામુકી, વામલોચના, ભામા, તનૂદરી, રામા, સુંદરી, યુવતિ, ચલા (૨૪–સ્ત્રી૦) આ સ્ત્રીનાં નામ છે. ॥૩૧॥

---

શ્લો૦ ૨૯–(૧) कर्मकरः, चेटः, दासः, नियोज्यः, परिचारकः, प्रेष्यः, परान्नः, परपिण्डादः, भुजिष्यः, वैतनिकः (૧૦–પું૦)=દાસ.

+ શ્લો૦ ૩૧–(૧) અહીં युवती चला પાઠાન્તર છે.

હવે પત્નીનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
भार्या जाया जनिः कुल्या, कलत्रं गेहिनी गृहम् ।
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
महिला मानिनी पत्नी, तथा दाराः पुरन्ध्रयः ॥३२॥

---

* (૧) ભાર્યા, જાયા, જનિ, કુલ્યા (૪–સ્ત્રી૦), કલત્ર (ન૦), ગેહિની (સ્ત્રી૦), ગૃહ (ન૦), મહિલા, માનિની, પત્ની (૩–સ્ત્રી૦), દાર (નિત્ય પું૦બ૦વ૦), પુરન્ધ્રિ (સ્ત્રી૦) આ પત્નીનાં નામ છે. ॥૩૨॥

---

શ્લો૦ ૨૯–(૨) ભૃત્ય, ભૃતક, પદગ, અનુગ, અનુજીવિન્, અનુચર અને કિંકર આ શબ્દો દાસ–નોકર અર્થસૂચક છે. પત્તિ, પદાતિ, ભટ અને શસ્ત્રજીવિન્ આ શબ્દો સુભટ અર્થસૂચક છે. લક્ષ્યાર્થમાં બન્ને એકાર્થક પણ હોઈ શકે.

શ્લો૦ ૩૨–(૧) जनि (સ્ત્રી૦) ઉત્પત્તિ, જન્મ, માતા, લાખ વગેરે અર્થમાં પણ છે. कुल्या (સ્ત્રી૦) પાણીની નહેર, નીક, ખાઈ અને ગટર અર્થમાં પણ છે.

* (૨) भार्यादिपुरन्ध्र्यन्तशब्देषु सामान्यविशेषभावादर्थभेदो न विस्मर्तव्यः । तद्यथा–भार्या, जाया, कुल्या, कलत्र, गेहिनी, गृह, पत्नी, दारा परिणीतस्त्रीवाचकाः । महिलामानिन्यौ विशिष्टनायिके । पुरन्ध्रि पतिपुत्रवती ।

હવે પ્રિયા અને પતિવ્રતા સ્ત્રીનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६

वल्लभा प्रेयसी प्रेष्ठा, रमणी दयिता प्रिया ।

७ ८ ९ १० ११

इष्टा च प्रमदा कान्ता, चण्डी प्रणयिनी तथा ॥३३॥

१ २ ३ ४ ५

सती पतिव्रता साध्वी, पतिवत्न्येकपत्न्यपि ।

६ ७

मनस्विनी भवत्यार्या, विपरीता निरूप्यते ॥३४॥

---

(૧) વલ્લભા, પ્રેયસી, પ્રેષ્ઠા, રમણી, દયિતા, પ્રિયા, ઇષ્ટા, પ્રમદા, કાન્તા, ચંડી, પ્રણયિની (૧૧–સ્ત્રી૦) આ વહાલી સ્ત્રીનાં નામ છે. ॥૩૩॥

(૨) સતી, પતિવ્રતા, સાધ્વી, પતિવત્ની, એકપત્ની, મનસ્વિની, આર્યા (૭–સ્ત્રી૦) આ પતિવ્રતા–શીલવતી સ્ત્રીનાં નામ છે. હવે કુલટા સ્ત્રીનાં નામ કહે છે. ॥૩૪॥

---

શ્લો૦ ૩૩–(૧) चण्डी (સ્ત્રી૦) પાર્વતી, દુર્ગાદેવી અને ઉગ્ર પ્રકૃતિવાળી સ્ત્રી અર્થમાં પણ છે.

શ્લો૦ ૩૪–(૧) आर्या (સ્ત્રી૦) પાર્વતી અને સાસુ અર્થમાં પણ છે.

હવે કુલટા અને વેશ્યાનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६

बन्धकी कुलटा मुक्ता, पुनर्भूः पुंश्चली खला ।

७ ८ ९ १० ११

स्पर्शाऽभिसारिका दूती, स्वैरिणी शम्भली तथा ॥३५॥

१ २ ३ ४ ५

गणिका लञ्जिका वेश्या, रूपाजीवा विलासिनी ।

६ ७ ८ ९ १०

पण्यस्त्री दारिका दासी, कामुकी सर्ववल्लभा ॥३६॥

---

(૧) બન્ધકી, કુલટા, મુક્તા, પુનર્ભૂ, પુંશ્ચલી, ખલા, સ્પર્શા, અભિસારિકા, દૂતી, સ્વૈરિણી, શંભલી (૧૧–સ્ત્રી૦) આ કુલટા સ્ત્રીનાં નામ છે. ॥૩૫॥

(૨) ગણિકા, લંજિકા, વેશ્યા, રૂપાજીવા, વિલાસિની, પણ્યસ્ત્રી, દારિકા, દાસી, કામુકી, સર્વવલ્લભા (૧૦–સ્ત્રી૦) આ વેશ્યા સ્ત્રીનાં નામ છે. ॥૩૬॥

---

શ્લો૦ ૩૫–(૧) इत्वरी, पांसुला (૨–સ્ત્રી૦)=કુલટા.

(૨) दूती (સ્ત્રી૦) સંદેશો લઈ જનારી સ્ત્રી અને ચાકરડી અર્થમાં પણ છે. शम्भली (સ્ત્રી૦) મુખ્યત્વે કુટ્ટણી અર્થાત્ પર–સ્ત્રી પુરુષનો સંયોગ કરાવી આપનારી સ્ત્રી અર્થમાં છે.

હવે પતિનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭

**कान्तेष्टौ दयितः प्रीतः, प्रियः कामी च कामुकः ।**

૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**वल्लभोऽसुपतिः प्रेयान्, विटश्च रमणो वरः ॥३७॥**

---

(૧) કાન્ત, ઇષ્ટ, દયિત, પ્રીત, પ્રિય, કામિન્, કામુક, વલ્લભ, અસુપતિ, પ્રેયસ્, વિટ, રમણ, વર (૧૩–પું૦) આ વહાલા પતિનાં નામ છે. ॥૩૭॥

---

શ્લો૦ ૩૬–(૧) दारिका (સ્ત્રી૦) કન્યા–પુત્રી અર્થમાં પણ છે. दासी (સ્ત્રી૦) દાસની સ્ત્રી, ચાકરડી, કોળણ, માછીમારની સ્ત્રી અને શૂદ્રની સ્ત્રી અર્થમાં પણ છે.

શ્લો૦ ૩૭–(૧) परिणेता 'तृ', वरयिता 'तृ', भर्ता 'तृ', विवोढा 'तृ', धवः (૫–પું૦)=પતિ.

(૨) कान्त (પું૦) ચંદ્ર, કપૂર, વસંતઋતુ, કામદેવ, કાર્તિક–સ્વામી, વાસુદેવ, પરમેશ્વર, (ન૦) કેસર, કંકુ, સુખનો અંત વગેરે અર્થમાં પણ છે.

कामिन् (પું૦) પરમેશ્વર, કામી પુરુષ, કબૂતર, ચકલો, ચક્રવાક-પક્ષી, સારસ પક્ષી, ચંદ્ર વગેરે અર્થમાં પણ છે.

विट (પું૦) જારપુરુષ, લફંગો, ધૂતારો, ઉંદર, નારંગી વગેરે અર્થમાં પણ છે.

रमण (પું૦) કામદેવ, ગધેડો, લીંબડો, બળદ, (ન૦) મૈથુન, રમવું, ખેલવું વગેરે અર્થમાં પણ છે.

वर (પું૦) વ્યભિચારી પુરુષ, જમાઈ, ગુગળ વગેરે અર્થમાં પણ છે.

હવે માતા, પિતા, શરીર, પુત્ર અને પુત્રીનાં નામ કહે છે—

१ २ ३ १ २ ३
सवित्री जननी माता, जनकः सविता पिता ।
१ २ ३ ४ ५ ६ ७
ठदेहोऽपघनकायाङ्गं, वपुः संहननं तनुः ॥३८॥
८ ९ १० × १ २
कलेवरं शरीरं च, मूर्तिरस्माद्-भवः सुतः ।
३ ४ ५ ६ ७ ८ ९
पुत्रः सूनुरपत्यं च, तुक् तोकं चात्मजः प्रजा+ ॥३९॥
१० ११ १२ १३ १४ १५
उद्वहस्तनयः पोतो, दारको नन्दनोऽर्भकः ।
१६ १७ * १ २
स्तनन्धयोत्तानशयौ, स्त्रीत्वे दुहितरं विदुः ॥४०॥

---

(૧) સવિત્રી, જનની, માતૃ (૩–સ્ત્રી૦) આ માતાનાં નામ છે.
(૨) જનક, સવિતૃ, પિતૃ (૩–પું૦) આ પિતાનાં નામ છે.
(૩) દેહ (પું૦ન૦), અપઘન, કાય (૨–પું૦), અંગ, વપુસ્, સંહનન (૩–ન૦), તનુ (સ્ત્રી૦) ॥૩૮॥ કલેવર (ન૦), શરીર (પું૦ન૦), મૂર્તિ (સ્ત્રી૦) આ શરીરનાં નામ છે.
(૪) શરીરવાચક શબ્દોની પાછળ ભવ શબ્દ જોડવાથી પુત્રનાં નામ બને છે. જેમકે—देहभवः (પું૦) ઇત્યાદિ.

---

ઠ અહીં देहापघन० પાઠાન્તર છે. × અહીં मूर्तिरस्मिन् भवः પાઠાન્તર છે. + प्रजाः ના સ્થાને प्रजा એવો શુદ્ધ પાઠ ભાષ્યના આધારે મૂકયો છે. * અહીં स्त्री चेद् પાઠાન્તર છે.

તથા સુત, પુત્ર, સૂનુ (૩–પું૦), અપત્ય (ન૦), તુક્ (પું૦), તોક (ન૦), આત્મજ (પું૦), પ્રજા (સ્ત્રી૦) ॥૩૯॥ ઉદ્વહ, તનય, પોત, દારક, નંદન, અર્ભક, સ્તનન્ધય, ઉત્તાનશય (૮–પું૦) આ પુત્રનાં નામ છે.

(૫) પુત્રવાચક શબ્દોને સ્ત્રીલિંગ બોધક પ્રત્યયો લગાડવાથી પુત્રીનાં નામ બને છે. જેમકે—सुता, पुत्री, सूनुः–नूः (૩–સ્ત્રી૦) ઇત્યાદિ. તથા दुहितृ (સ્ત્રી૦) આ પણ પુત્રીનું નામ છે. ॥૪૦॥

(अपत्य અને तोक આ બે શબ્દો સમાનરૂપમાં જ પુત્ર અને પુત્રી બન્નેના બોધક છે).

---

શ્લો૦ ૩૮–(૧) अम्बा, जनयित्री (૨–સ્ત્રી૦)=માતા.
तातः, जनयिता 'तृ' (૨–પું૦)=પિતા.
विग्रहः, पुद्गलः (૨–પું૦), गात्रम्, क्षेत्रम्, पुरम्, वर्ष्म 'न्', व्याधिस्थानम्, इन्द्रियायतनम्, रोगायतनम् (૭–ન૦), पिण्डः, वेरम् (૨–પું૦ ન૦)=શરીર.
(૨) सवितृ (પું૦) સૂર્ય અને પરમેશ્વર અર્થમાં પણ છે.

શ્લો૦ ૩૯–(૧) प्रजा (સ્ત્રી૦) લોક-જનસમૂહ અર્થમાં પણ છે.
શ્લો૦ ૪૦–(૧) पोत (પું૦) પશુ–પક્ષીનું બાળક, વહાણ, વસ્ત્ર, દશ વર્ષનો હાથી વગેરે અર્થમાં પણ છે.
नन्दन (પું૦) દેડકો, વિષ્ણુ, મહાદેવ વગેરે અર્થમાં પણ છે.

**હવે સખી અને મિત્રનાં નામ કહે છે—**

१ २ ३ ४ ५ ६

**वयस्याऽऽली सहचरी, सध्रीची सवयाः सखी ।**

१ २ ३ ४

**आलीविवर्जितं मित्रं, सम्बन्धो मित्रयुः सुहृत् ॥४१॥**

---

(૧) વયસ્યા, આલી, સહચરી, સધ્રીચી, સવયસ્, સખી (૬–સ્ત્રી૦) આ સખીનાં નામ છે.

(૨) આલી શબ્દ વિના બાકીના શબ્દોમાંથી સ્ત્રીલિંગ બોધક પ્રત્યયો કાઢી નાંખવાથી મિત્રનાં નામ બને છે. જેમકે—વયસ્ય, સહચર, સધ્ર્યચ્, સવયસ્, સખિ (૫–પું૦)

તથા મિત્ર (ન૦), સમ્બન્ધ, મિત્રયુ, સુહૃત્ (૩–પું૦) આ પણ મિત્રનાં નામ છે. ॥૪૧॥

---

શ્લો૦ ૪૧–(૧) आली (સ્ત્રી૦) વીંછણ, ભમરી, શ્રેણી, રેખા, પાળ વગેરે અર્થમાં પણ છે. आलि હ્રસ્વાંત પણ છે.

सध्रीची, सहचरी (૨–સ્ત્રી૦) ધર્મપત્ની અર્થમાં પણ છે.

मित्र (પું૦) સૂર્ય અર્થમાં છે.

सम्बन्ध (પું૦) સંબંધ, સંયોગ, સગપણ, સમૃદ્ધિ, સારી રીતે બાંધવું અર્થમાં પણ છે.

**હવે સહાયક, ભાઈ, બ્હેન, નણંદ અને મામીનાં નામ કહે છે—**

१ २ ३ ४

सहकृत्वा सहकारी, सहायः सामवायिकः ।

१ २ ३ १ १ २

सनाभिः सगोत्रो बन्धुः, सोदर्योऽवरजोऽनुजः ॥४२॥

३ १ २ ३ १ + २ ३

कनीयानग्रजो ज्येष्ठो, भ्राता जामी स्वसाऽनुजा ।

१ १ २

भर्तुः स्वसा ननान्दा स्याद्, मातुलानी प्रियाम्बिका ॥४३॥

---

(૧) સહકૃત્વન્ (પું૦), સહકારિન્, સહાય (૨–ત્રિ૦), સામવાયિક (પું૦) આ સહાયક–મદદ કરનારનાં નામ છે.
(૨) સનાભિ, સગોત્ર, બન્ધુ (૩–પું૦) આ સ્વજન–એક ગોત્રના કુટુંબીજનનાં નામ છે. (૩) સોદર્ય (પું૦) આ સગાભાઈનું નામ છે. (૪) અવરજ, અનુજ ॥૪૨॥ કનીયસ્ (૩–પું૦) આ નાનાભાઈનાં નામ છે.

(૫) અગ્રજ, જ્યેષ્ઠ, ભ્રાતૃ (૩–પું૦) આ મોટાભાઈનાં નામ છે.
(૬) જામી, સ્વસૃ, અનુજા (નાની બ્હેન) (૩–સ્ત્રી૦) આ બ્હેનનાં નામ છે. (૭) નનાન્દૃ (સ્ત્રી૦) આ પતિની બ્હેન–નણંદનું નામ છે. (૮) માતુલાની, પ્રિયામ્બિકા (૨–સ્ત્રી૦) આ મામીનાં નામ છે. ॥૪૩॥

---

+અહીં ભ્રાતૃજાની અથવા ભ્રાતૃજામી એવા પાઠ અન્યત્ર છે. તે અશુદ્ધ લાગવાથી ઉપર મુજબ સુધારો કર્યો છે.

હવે શત્રુનાં નામ કહે છે—

१ + २ ३ ४ ५ ६ ७ ♁ ८

वैर्यरातिरमित्रोऽरि-र्द्विट् सपत्नो द्विषन् रिपुः ।

९ १० ११ १२ १३ १४ १५

असेव्यो दुर्जनः शत्रु-र्दुष्टो द्वेषी खलोऽहितः ॥४४॥

---

(૧) વૈરિન્, અરાતિ, અમિત્ર, અરિ, દ્વિષ્, સપત્ન, દ્વિષત્, રિપુ, અસેવ્ય, દુર્જન, શત્રુ, દુષ્ટ, દ્વેષિન્, ખલ, અહિત (૧૫–પું૦) આ શત્રુનાં નામ છે. ॥૪૪॥

---

*શ્લો૦ ૪૨, ૪૩–(૧) सगर्भः, सहजः, सहोदरः, सोदरः, समानोदरः, समानोदर्यः (૬–પું૦)=સગો ભાઈ.

कनिष्ठः, यविष्ठः, यवीयान् 'इयस्', जघन्यजः (૪–પું૦)=નાનો ભાઈ. पूर्वजः, अग्रिमः, वरिष्ठः (૩–પું૦)=મોટોભાઈ. भगिनी (સ્ત્રી૦)=બ્હેન. मातुली (સ્ત્રી૦)=મામી.

(૨) सामवायिक (પું૦) મંત્રી, પ્રધાન અને સલાહકાર અર્થમાં પણ છે. जामी (સ્ત્રી૦) કુળવાન સ્ત્રી, નજીકની સગોત્રા સ્ત્રી, દીકરી અને પુત્રવધૂ અર્થમાં પણ છે. जामि હ્રસ્વાંત પણ છે.

*શ્લો૦ ૪૪–(૧) खल (પું૦) તલનો ખોળ, ખળું–અનાજ કચરવાનું સ્થાન, ધૂળનો ઢગલો, પૃથ્વી, સ્થળ, ઔષધ વાટવાનું ખરલ, સૂર્ય, (ત્રિ૦) હલકું, દુષ્ટ, ઘાતકી, અધમ, નીચ, દુર્જન વગેરે અર્થમાં પણ છે. +(૩) અહીં वैर्याऽऽराति० પાઠાન્તર છે. ♁ અહીં સર્વત્ર द्विषद्रिपुः પાઠ મળે છે. તે અશુદ્ધ લાગવાથી ઉપર મુજબ સુધારો કર્યો છે.

**હવે કિરણનાં નામ અને સૂર્યનાં નામ બનાવવાની રીત કહે છે—**

૧ ૨ ૩ ૪ ૦ ૫ ૬ ૭

दीधितिर्भानुरुस्त्रोंऽशु–र्गभस्तिः किरणः करः ।

૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

पादो रुचिर्मरीचिर्भास्, तेजोऽर्चिर्गौर्द्युतिः प्रभा ॥४५॥

૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ + ૨૩ * ૨૪

दीप्तिर्ज्योतिर्महो धाम, रश्मिरूर्जो विभा वसुः ।

૧ ૧ ૨ ૨

शीतोष्णप्रायपूर्वत्वे, तद्–वन्ताविन्दुभास्करौ ॥४६॥

---

(૧) દીધિતિ (સ્ત્રી૦), ભાનુ, ઉસ્ર, અંશુ, ગભસ્તિ, કિરણ, કર, પાદ (૭–પું૦), રુચિ (સ્ત્રી૦), મરીચિ, ભાસ્ (૨–પું૦ સ્ત્રી૦), તેજસ્ (ન૦), અર્ચિસ્ (સ્ત્રી૦ન૦), ગો (પું૦સ્ત્રી૦), દ્યુતિ, પ્રભા ॥૪૫॥ દીપ્તિ (૩–સ્ત્રી૦), જ્યોતિસ્, મહસ્, ધામન્ (૩–ન૦), રશ્મિ (પું૦), ઊર્જસ્ (ન૦), વિભા (સ્ત્રી૦), વસુ (પું૦) આ કિરણનાં નામ છે.

(૨) પ્રાયઃ કિરણવાચક શબ્દોની પૂર્વે શીત જોડવાથી શીતદીધિતિઃ, શીતભાનુઃ (પું૦) ઇત્યાદિ શીતકિરણવાળા ચંદ્રનાં અને ઉષ્ણ જોડવાથી उष्णदीधितिः, उष्णभानुः (પું૦) ઇત્યાદિ ઉષ્ણકિરણવાળા સૂર્યનાં નામ બને છે. તથા ઇન્દુ (પું૦) ચંદ્રનું અને ભાસ્કર (પું૦) સૂર્યનું નામ છે. ॥૪૬॥

**હવે ચંદ્ર, નક્ષત્ર અને રાત્રિનાં નામ કહે છે—**

૧ ૨ ૩ ૪ ૫
शशी विधुः सुधासूतिः, कौमुदीकुमुदप्रियः ।
૬ ૭ ૮ ૯ ૧૦
कलाभृच्चन्द्रमाश्चन्द्रः, कान्तिमानोषधीश्वरः ॥४७॥
૧ ૨ ૩ ૪ ૫ ૧ ૧
उडूनि भानि तारर्क्षं, नक्षत्रं तत्–पतिर्निशा ।
૨ ૩ ૪ ૫ ૬ ૭ ૧
क्षणदा रजनी नक्तं, दोषा श्यामा क्षपा–करः ॥४८॥

---

×(૧) શશિન્, વિધુ, સુધાસૂતિ, કૌમુદીપ્રિય, કુમુદપ્રિય, કલાભૃત્, ચન્દ્રમસ્, ચન્દ્ર, કાન્તિમત્, ઓષધીશ્વર (૧૦–પું૦) આ ચન્દ્રનાં નામ છે. ॥૪૭॥

---

ઠશ્લો૦ ૪૫–(૧) અહીં भानुरुस्त्रांशु અથવા भानुरुस्त्रोंशु એવા પાઠ અન્યત્ર છે. તેના સ્થાને भानुरुस्त्रोंऽशु એ વિશુદ્ધ પાઠ ભાષ્યના આધારે મૂકયો છે.

(૨) भानु, अंशु, गभस्ति, किरण (૪–પું૦) આ શબ્દો સૂર્યવાચક પણ છે.

+શ્લો૦ ૪૬–(૧) ऊर्जस् (ન૦) મુખ્યત્વે બળ, ઉત્સાહ અર્થમાં છે.

*(૨) અહીં સર્વત્ર विभावसुः એવો સળંગ પાઠ છે. પરંતુ આ શબ્દ સૂર્ય અને અગ્નિવાચક છે. विभा અને वसु આ બે સ્વતંત્ર શબ્દો જ કિરણવાચક હોવાથી અહીં જુદા પાડ્યા છે.

શ્લો૦ ૪૭–(૧) शशधरः, सोमः, राजा 'अन्', हिमांशुः, हिमद्युतिः, मृगाङ्कः (૬–પું૦)=ચંદ્ર. ×(૨) ચંદ્રવાચક નામો કપૂરવાચક પણ બને છે.

(૨) ઉડુ (સ્ત્રી૦ન૦), ભ (ન૦), તારા (સ્ત્રી૦) અથવા તારઃ (ન૦), ઋક્ષ, નક્ષત્ર (૨–ન૦) આ નક્ષત્ર–તારાનાં નામ છે.

(૩) નક્ષત્રવાચક શબ્દોની પાછળ पति ઠ શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમકે–उडुपतिः, भपतिः (૨–પું૦) ઇત્યાદિ.

(૪) નિશા, ક્ષણુદા, રજની (૩–સ્ત્રી૦), નક્તમ્ (અ૦), દોષા (સ્ત્રી૦અ૦), શ્યામા, ક્ષપા (૨–સ્ત્રી૦) આ રાત્રિનાં નામ છે.*

(૫) રાત્રિવાચક શબ્દોની પાછળ कर શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમકે–निशाकरः, क्षणदाकरः (૨–પું૦) ઇત્યાદિ. ॥૪૮॥

---

શ્લો૦ ૪૮–(૧) त्रियामा, निशीथिनी, यामिनी, रजनिः, रात्रिः–रात्री, विभावरी, इन्दुकान्ता, राक्षसी, पैशाची, तमस्विनी, शताक्षी (૧૨–સ્ત્રી૦), उषा (સ્ત્રી૦અ૦)=રાત્રિ.

*(૨) પ્રાયઃ રાત્રિવાચક નામો હળદરવાચક પણ બને છે.

ઠ(૩) કોશકારે જ્યાં જ્યાં શબ્દ પરથી શબ્દાંતર બનાવવાની રીત બતાવી છે અને ત્યાં ત્યાં જે જે શબ્દ યોજવા જણાવ્યું છે, તે તે શબ્દના સ્થાને સમાનાર્થી અન્ય શબ્દો પણ યોજી શકાય છે. જેમકે–उडुनाथः, उडुराजः, भेनः, भस्वामी ‘इन्’, ताराधिपः, ताराधिपतिः, ऋक्षेशः, नक्षत्रेशः, नक्षत्रपः, नक्षत्रेश्वरः, ग्रहेशः, ग्रहराजः, ज्योतिरिन्द्रः (૧૩–પું૦)=ચંદ્ર. આ પ્રમાણે સર્વત્ર સમજી લેવું.

**હવે સૂર્ય અને દિવસનાં નામ તથા સૂર્યનાં નામ બનાવવાની રીત કહે છે—**

१ २ ३ ४ ५ ६ ७
तरणिस्तपनो भानु-र्ब्रध्नः पूषाऽर्यमा रविः ।
८ ९ १० ११ १२ १३
तिग्मः पतङ्गो द्युमणि-र्मार्तण्डोऽर्को ग्रहाधिपः ॥४९॥
१४ १५ १६ १७ १८ १९
इनः सूर्यस्तमोध्वान्त-तिमिराऽरिर्विरोचनः ।
१ २ ३ ४ ५ १
दिनं दिवाऽहर्दिवसो, वासरस्तत्-करश्च सः ॥५०॥

---

(૧) તરણિ (પુ૦સ્ત્રી૦), તપન, ભાનુ, બ્રધ્ન, પૂષન્, અર્યમન્, રવિ, તિગ્મ, પતંગ, દ્યુમણિ, માર્તંડ, અર્ક, ગ્રહાધિપ ॥૪૯॥ ઇન, સૂર્ય, તમોરિ, ધ્વાન્તારિ, તિમિરારિ, વિરોચન (૧૯–પું૦) આ સૂર્યનાં નામ છે.

(૨) દિન (પું૦ન૦), દિવા (અ૦), અહન્ (ન૦), દિવસ, વાસર (૨–પું૦ન૦) આ દિવસનાં નામ છે.

(૩) દિવસવાચક શબ્દોની પાછળ **कर** શબ્દ જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમકે–दिनकरः, दिवाकरः (૨–પું૦) ઇત્યાદિ. ॥૫૦॥

---

શ્લો૦ ૪૯, ૫૦–(૧) अम्बुतस्करः, अहर्मणिः, अनूरुसारथिः, अंशुमाली 'इन्', पद्मपाणिः, प्रभाकरः, विभाकरः, भास्करः, आदित्यः, प्रद्योतनः, चित्रभानुः, शूरः–सूरः, खगः, खरांशुः, सहस्रांशुः (૧૬–પું૦)=સૂર્ય.

**હવે સૂર્યનાં નામ બનાવવાની રીત અને સૂર્યનાં નામ કહે છે—**

    ૨     ૩               ૪

**चक्रवाकाऽब्जपर्याय–बन्धुः कुमुदविप्रियः ।**

    ५    ६    ७            ८

**यमुनायमकानीन–जनकः सविता मतः ॥५१॥**

---

(૧) ચક્રવાકપક્ષીવાચક અને કમળવાચક શબ્દોની પાછળ बन्धु જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમકે–चक्रवाकबन्धुः, रथाङ्गबन्धुः, अब्जबन्धुः, पद्मबन्धुः (૪–પું૦) તથા કુમુદવિપ્રિય, યમુનાજનક, યમજનક, ૪ કાનીનજનક, સવિતૃ (૫–પું૦) આ પણ સૂર્યનાં નામ છે. ॥૫૧॥

---

શ્લો૦ ૪૯, ૫૦–द्युः, घस्रः (૨–પું૦)=દિવસ.

(૨) पतङ्ग (પું૦) પક્ષી અને પતંગિયું અર્થમાં પણ છે.

(૩) પ્રાયઃ સૂર્યવાચક નામો આકડાના ઝાડવાચક પણ બને છે.

શ્લો૦ ૫૧–(૧) कोकः, रथाङ्गाह्वः, द्वन्द्वचरः (૩–પું૦)=ચક્રવાક. તથા चक्रः, रथाङ्गः, रथचरणः, रथपादः (૪–પું૦) વગેરે ચક્ર (રથનું પૈડું) વાચક શબ્દો ચક્રવાકપક્ષીવાચક પણ બને છે.

૪(૨): कानीनः कर्णः । कन्याऽवस्थायां कुन्त्याः कर्णादुत्पन्न इति पौराणिकी कथाऽनुसन्धेया ।

**હવે અશ્વનાં નામ અને સૂર્યનાં નામ બનાવવાની રીત કહે છે—**

१ २ ३ ४ ५ ६ ७

**वाहोऽश्वस्तुरगो वाजी, हयो धुर्यस्तुरङ्गमः ।**

८ ९ १० ११ १ २

**सप्तिरर्वा हरी रथ्यः, सप्ताद्यश्वो मयूखवान् ।।५२।।**

---

(૧) વાહ, અશ્વ, તુરગ, વાજિન્, હય, ધુર્ય, તુરંગમ, સપ્તિ, અર્વન્, હરિ, રથ્ય (૧૧–પું૦) આ અશ્વનાં નામ છે.

(૨) અશ્વવાચક શબ્દોની પૂર્વે સપ્ત શબ્દ જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમકે–सप्तवाहः, सप्ताश्वः (૨–પું૦) ઇત્યાદિ. તથા મયૂખવત્ (પું૦) આ પણ સૂર્યનું નામ છે.

---

શ્લો૦ ૫૨-(૧) गन्धर्वः, घोटकः, तार्क्ष्यः, हेषी 'इन्' (૪–પું૦)=ઘોડો.

(૨) वाह (પું૦) ભુજા, વાયુ, બળદ વગેરે અર્થમાં પણ છે.

वाजिन् (પું૦) બાણ વગેરે અર્થમાં પણ છે.

धुर्य (પું૦) બળદ, (ત્રિ૦) ભારવાહક, કાર્યભાર ચલાવનાર, શ્રેષ્ઠ અને સમર્થ અર્થમાં પણ છે.

अर्वन् (પું૦) ઇન્દ્ર અર્થમાં પણ છે.

**હવે આકાશનાં નામ કહે છે—**

१ २ ३ ४ ५ ६ ७
**खं विहायो वियद् व्योम, गगनाऽऽकाशमम्बरम् ।**
८ ९ १० ११ १२ १३
**द्यौर्नभोऽभ्रान्तरिक्षं च, मेघवायु–पथोऽप्यथ ॥५३॥**

---

(૧) ખ, વિહાયસ્, વિયત્, વ્યોમન્, ગગન (૫–ન૦), આકાશ (પું૦ન૦), અમ્બર (ન૦), દ્યો અથવા દિવ્ (સ્ત્રી૦), નભસ્, અભ્ર, અન્તરિક્ષ (૩–ન૦) આ આકાશનાં નામ છે. +(૨) મેઘવાચક અને વાયુવાચક શબ્દોની પાછળ માર્ગવાચક શબ્દો જોડવાથી આકાશનાં નામ બને છે. જેમકે–मेघपथः, घनमार्गः (૨–પું૦), अभ्रवर्त्म 'अन्' (ન૦), वातमार्गः, मरुत्पथः (૨–પું૦), वायुवर्त्म 'अन्' (ન૦). ॥૫૩॥

---

શ્લો૦ ૫૩–(૧) अनन्तम्, पुष्करम्, विष्णुपदम् (૩–ન૦)=આકાશ. (૨) विहायस् (પું૦) પક્ષી અર્થમાં પણ છે. अम्बर (ન૦) વસ્ત્ર, અબરખ, અમ્બર નામનું દ્રવ્ય વગેરે અર્થમાં પણ છે.

अभ्र (ન૦) મેઘ અર્થમાં પણ છે.

+(૩) આ પ્રમાણે અર્થ ભાષ્યના આધારે કર્યો છે. દેવવાચક અને નક્ષત્રવાચક શબ્દોની પાછળ માર્ગવાચક શબ્દો જોડવાથી પણ આકાશનાં નામ બને છે. જેમકે–सुरपथः, उडुपथः (પું૦), देववर्त्म 'अन्', नक्षत्रवर्त्म 'अन्' (ન૦) ઇત્યાદિ.

**હવે વિદ્યાધર અને પક્ષીનાં નામ બનાવવાની રીત તથા પક્ષીનાં નામ કહે છે—**

१ २ १ २ ३ ४

**तद्-चरः खेचरस्तद्-गः, पक्षी पत्री पतत्र्यपि ।**

५ ६ ७ ८ ९ १०

**शकुन्तिः शकुनिर्विश्च, पतङ्गो विष्किरो वयः ॥५४॥**

---

(૧) આકાશવાચક શબ્દોની પાછળ चर ૦ જોડવાથી વિદ્યાધરનાં નામ બને છે. જેમકે—गगनचरः, व्योमचरः (૨–પું૦) તથા ખેચર (પું૦) આ પણ વિદ્યાધરનું નામ છે.

(૨) આકાશવાચક શબ્દોની પાછળ ग ૦ જોડવાથી પક્ષીનાં નામ બને છે. જેમકે—खगः, नभोगः (૨–પું૦).

તથા પક્ષિન્, પત્રિન્, પતત્રિન્, શકુન્તિ, શકુનિ, વિ, પતંગ, વિષ્કિર (૮–પું૦), વયસ્ (ન૦) આ પક્ષીનાં નામ છે. ॥૫૪॥

---

શ્લો૦ ૫૪–(૧) अण्डजः, नीडजः, द्विजः, पत्ररथः, शकुन्तः, शकुनः (૬–પું૦)=પક્ષી.

(૨) पत्रिन् (પું૦) બાણ, ઝાડ, પર્વત, બાજપક્ષી વગેરે અર્થમાં પણ છે. वयस् (ન૦) અવસ્થા અને યુવાની અર્થમાં પણ છે.

૦(૩) અહીં गति, विहारिन् જેવા શબ્દો પણ જોડી શકાય છે. અને खगः, गगनचरः, गगनगतिः, गगनविहारी 'इन्' વગેરે નામો આકાશમાં ફરનાર (દેવ, સૂર્ય, પક્ષી, નક્ષત્ર વગેરે) કોઈપણના વાચક બની શકે છે.

**હવે માંસ અને રાક્ષસનાં નામ તથા રાક્ષસનાં નામ બનાવવાની રીત કહે છે—**

१ २ ३ ४ ५ १

जाङ्गलं पिशितं मांसं, पलं पेशी च तत्–प्रियः ।

२ ३ ४

यातुधानस्तथा रक्षो, रात्र्यादि–चर इष्यते ॥५५॥

(૧) જાંગલ, પિશિત (૨–ન૦), માંસ, પલ (૨–પું૦ન૦), પેશી (સ્રી૦) આ માંસનાં નામ છે.

(૨) માંસવાચક શબ્દોની પાછળ प्रिय શબ્દ જોડવાથી રાક્ષસનાં નામ બને છે. જેમકે–जाङ्गलप्रियः (પું૦) ઇત્યાદિ.

તથા યાતુધાન (પું૦), રક્ષસ્ (ન૦) આ પણ રાક્ષસનાં નામ છે.

+(૩) રાત્રિવાચક શબ્દોની પાછળ चर શબ્દ જોડવાથી રાક્ષસનાં નામ બને છે. જેમકે–रात्रिचरः (પું૦) ઇત્યાદિ. ॥૫૫॥

*શ્લો૦ ૫૫-(૧) आमिषम् (પું૦ન૦), क्रव्यम्, पललम्, रक्तभवम्, मेदस्कृत्, कीनम् (૫–ન૦), जङ्गलम् (પું૦ન૦)=માંસ.

राक्षसः, पुण्यजनः, पलादः, क्रव्यादः, कीनाशः, रात्रिञ्चरः, रात्रिबलः (૭ પું૦)=રાક્ષસ.

+(૨) रात्रिचरः, निशाटः, रजनीविहारः વગેરે નામો રાત્રિમાં ફરનાર (શિયાળ, ઘુવડ, સર્પ, પિશાચ, ચોર, ચક્વાક, પહેરેગીર વગેરે) કોઈપણના વાચક બની શકે છે.

**હવે દેવ અને સ્વર્ગનાં નામ તથા દેવનાં નામ બનાવવાની રીત કહે છે—**

१ . २ ३ ४ ५ ६

**सुतोऽदितेस्तडिद्धन्वा, सेन्द्रो देवः सुरोऽमरः ।**

१ २ ३ ४ १ २

**स्वर्द्यौः स्वर्गोऽथ नाकश्च, तद्–वासस्त्रिदशो मतः ॥५६॥**

---

(૧) અદિતિ (દેવોની માતા) શબ્દની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી દેવનાં નામ બને છે. જેમકે–अदितिसुतः, अदितिनन्दनः, अदितितनयः (૩–પું૦) ઇત્યાદિ. તથા તડિદ્ધન્વન્,+ સેન્દ્ર,+ દેવ, સુર, અમર (૫–પું૦) આ પણ દેવનાં નામ છે.

(૨) સ્વર્ (અ૦), દ્યો અથવા દિવ્ (સ્રી૦), સ્વર્ગ (પું૦), નાક (પું૦ન૦) આ સ્વર્ગનાં નામ છે.

(૩) સ્વર્ગવાચક શબ્દોની પાછળ वास શબ્દ જોડવાથી દેવનાં નામ બને છે. જેમકે–स्वर्वासः, स्वर्गवासः (૨–પું૦) ઇત્યાદિ. તથા ત્રિદશ (પું૦) આ પણ દેવનું નામ છે. ॥૫૬॥

---

*શ્લો૦ ૫૬–(૧) अमर्त्यः, अनिमिषः, अस्वप्नः, कामरूपः, गीर्वाणः, नाकी 'इन्', विबुधः, सुपर्वा 'अन्', निर्झरः (૯–પું૦), देवता (સ્રી૦)=દેવ. त्रिदिवम्, त्रिविष्टपम्, दिवम् (૩–ન૦)=સ્વર્ગ.

ઠ(૨) આ પ્રમાણે અર્થ ભાષ્યના આધારે કર્યો છે.

+(૩) तडिद् इव दीप्रं धनुः धन्वा वा यस्य तडिद्धन्वा । सह इन्द्रेण ऐश्वर्येण वर्तते सेन्द्रः । આ રીતે બન્ને શબ્દો સાધ્ય છે.

હવે ઇન્દ્રનાં નામ કહે છે—

१ २ ३ ४ ५
तत्-पतिः शक्र इन्द्रश्च, सुनासीरः शतक्रतुः ।
६ ७ ८ ९ १०
प्राचीनबर्हिः सुत्रामा, वज्री चाऽऽखण्डलो हरिः ॥५७॥
+ ११ १२ १३ १४
शत्रुर्बलस्य गोत्रस्य, पाकस्य नमुचेरपि ।
१५ १६ १७ १८
वृत्रहा च सहस्राक्षो, गीर्वाणेशः पुरन्दरः ॥५८॥
१९ २० २१ २२
बिडौजाश्चाऽप्सरोनाथो, वासवो हरिवाहनः ।
२३ २४ २५ २६
मरुतश्च मरुत्वांश्च, वृषा चैरावणाधिपः ॥५९॥
२७ २८ २९ ३०
शतमन्युस्तुराषाट् च, पुरुहूतश्च कौशिकः ।
३१ ३२ ३३ ३४
सङ्क्रन्दनोऽथ मघवा, पुलोमारिर्मरुत्सखः ॥६०॥

---

દેવવાચક અને સ્વર્ગવાચક શબ્દોની પાછળ પતિ જોડવાથી ઇન્દ્રનાં નામ બને છે. જેમકે—सुरपतिः, स्वर्गपतिः (પું૦) તથા શક્ર, ઇન્દ્ર, સુનાસીર, શતક્રતુ, પ્રાચીનબર્હિસ્, સુત્રામન્, વજ્રિન્, આખંડલ, હરિ, બલશત્રુ, ગોત્રશત્રુ, પાકશત્રુ, નમુચિશત્રુ, વૃત્રહન્, સહસ્રાક્ષ, ગીર્વાણેશ, પુરન્દર, બિડૌજસ્, અપ્સરોનાથ, વાસવ, હરિવાહન, મરુત, મરુત્વત્, વૃષન્, ઐરાવણાધિપ, શતમન્યુ, તુરાષાહ્, પુરુહૂત, કૌશિક, સંક્રન્દન, મઘવન્, પુલોમારિ, મરુત્સખ (૩૩–પું૦) આ ઇન્દ્રનાં નામ છે. ॥૬૦॥

**હવે દિશાનાં નામ તથા દિક્પાલ, દિગ્ગજ અને દિગમ્બરનાં નામ બનાવવાની રીત કહે છે—**

૧ ૨ ૩ ૪ ૫ ૬

**काष्ठा ककुब् दिगाशा च, दक्षकन्या तथा हरित् ।**

૧ ૧ ૧

**तत्पर्यायपर योज्यं, प्राज्ञैः पालगजाऽम्बरम् ॥६१॥**

---

(૧) કાષ્ઠા, કકુભ્, દિશ્, આશા, દક્ષકન્યા, હરિત્ (૬–સ્રી૦) આ દિશાનાં નામ છે.

(૨) દિશાવાચક શબ્દોની પાછળ पाल શબ્દ જોડવાથી દિક્પાલનાં નામ બને છે. જેમકે–दिक्पालः, काष्ठापालः (પું૦).

(૩) દિશાવાચક શબ્દોની પાછળ गज શબ્દ જોડવાથી દિગ્ગજનાં નામ બને છે. જેમકે–दिग्गजः, काष्ठागजः (પું૦).

(૪) દિશાવાચક શબ્દોની પાછળ अम्बर શબ્દ જોડવાથી દિગમ્બરનાં નામ બને છે. જેમકે–दिगम्बरः, काष्ठाम्बरः (પું૦). ॥૬૧॥

---

શ્લો૦ ૬૦–(૧) कौशिक (પું૦) ઘુવડ, સર્પ પકડનાર વાદી, નોળિયો, ખજાનચી, શબ્દકોશ બનાવનાર વગેરે અર્થમાં પણ છે.

+(૨) पाकः, वृत्रः, नमुचिः, बलः, जम्भः, पुलोमा 'मन्', अद्रयः 'द्रि' (પર્વતો–પું૦બ૦) આ સર્વ ઇન્દ્રના શત્રુ છે. આ શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી ઇન્દ્રનાં નામ બને છે. જેમકે–पाकद्विट् 'ष्', वृत्रारातिः, नमुचिसूदनः, बलवैरी 'इन्', जम्भारिः, पुलोमारिः, अद्रिशत्रुः, गोत्ररिपुः, पर्वतारिः (૯–પું૦) ઇત્યાદિ.

**હવે પવનનાં નામ કહે છે—**

  १     २    ३   ४  ५  ६
**पवनः पवमानश्च, वायुर्वातोऽनिलो मरुत् ।**
   ७      ८      ९   १०
**समीरणो गन्धवाहः, श्वसनश्च सदागतिः ॥६२॥**
  ११     १२    १३  १४  १५
**नभस्वान् मातरिश्वा च, *चरण्युर्जवनश्चलः ।**
  १६      १   २    २
**प्रभञ्जनोऽस्य पर्याय-पुत्रौ भीमाऽञ्जनात्मजौ ॥६३॥**

(૧) પવન, પવમાન, વાયુ, વાત, અનિલ, મરુત્, સમીરણ, ગન્ધવાહ, શ્વસન, સદાગતિ ॥૬૨॥ નભસ્વત્, માતરિશ્વન્, ચરણ્યુ, જવન, ચલ, પ્રભંજન (૧૬-પુ૦) આ પવનનાં નામ છે.

(૨) પવનવાચક શબ્દોની પાછળ **पुत्र** શબ્દ જોડવાથી ભીમ અને હનુમાનજીનાં નામ બને છે. જેમકે-**पवनपुत्रः, पवमानपुत्रः, वायुपुत्रः** (૩-પુ૦) ઈત્યાદિ. ॥૬૩॥

શ્લો૦ ૬૨, ૬૩-(૧) समिरः- समीरः, आशुगः, प्रकम्पनः, जगत्प्राणः, स्पर्शनः, महाबलः (૬-પુ૦) = પવન.

(૨) सदागति (પુ૦) સૂર્ય, નિર્વાણ, મોક્ષ અને પરમેશ્વર અર્થમાં પણ છે.

*અહીં वरेण्युर्जवनश्चलः પાઠા૦ છે, પણ પ્રમાણભૂત નથી. चरण्यु પાઠ ભાષ્યના આધારે મૂક્યો છે. અને તે ખાસ કરીને વેદશાસ્ત્રમાં 'વાયુ' અર્થમાં મળે છે.

હવે અગ્નિનાં નામ અને કાર્તિક સ્વામી (શંકરના પુત્ર)નાં નામ બનાવવાની રીત તથા તેનાં નામ કહે છે-

१ २ ३ ४ ५ ६
तत्सखोऽग्निः शिखी वह्निः, पावकश्चाऽऽशुशुक्षणिः ।
७ ८ ९ १०
हिरण्यरेताः सप्तार्चि-र्जातवेदास्तनूनपात् ॥६४॥
११ १२ १३ १४ १५
स्वाहापतिर्हुताशश्च, ज्वलनो दहनोऽनलः ।
१६ १७ १८ १९
वैश्वानरः कृशानुश्च, रोहिताश्वो विभावसुः ॥६५॥
२० २१ २२ २३
वृषाकपिः शमीगर्भो, हव्यवाहो हुताशनः ।
१ २ ३ ४
तदादि-सूनुः सेनानीः, स्कन्दश्च शिखिवाहनः ॥६६॥
५ ६ ७ ८ ९
कार्तिकेयो विशाखश्च, कुमारः षण्मुखो गुहः ।
१० ११ १२ १३
शक्तिमान् क्रौञ्चभेदी च, स्वामी शरवणोद्भवः ॥६७॥

---

(૧) પવનવાચક શબ્દોની પાછળ सख શબ્દ જોડવાથી અગ્નિનાં નામ બને છે. જેમકે- पवनसखः, वायुसखः, मरुत्सखः (૩-૫૦) ઇત્યાદિ.

તથા અગ્નિ, શિખિન્, વહ્નિ, પાવક, આશુશુક્ષણિ, હિરણ્યરેતસ્, સપ્તાર્ચિસ્, જાતવેદસ્, તનૂનપાત્ ॥૬૪॥

સ્વાહાપતિ, હુતાશ, જ્વલન, દહન, અનલ, વૈશ્વાનર, કૃશાનુ, રોહિતાશ્વ, વિભાવસુ ॥૬૫॥ વૃષાકપિ, શમીગર્ભ, હવ્યવાહ, હુતાશન (૨૨-પુ૦) આ અગ્નિનાં નામ છે.

(૨) અગ્નિવાચક શબ્દોની પાછળ સૂનુ શબ્દ જોડવાથી કાર્તિક સ્વામિનાં નામ બને છે. જેમકે- **अग्निसूनुः, शिखिसूनुः, वह्निसूनुः** (૩-પુ૦) ઇત્યાદિ.

તથા સેનાની, સ્કન્દ, શિખિવાહન ॥૬૬॥ કાર્તિકેય, વિશાખ, કુમાર, ષણ્મુખ, ગુહ, શક્તિમત્, ક્રૌંચભેદિન્, સ્વામિન્, શરવણોદ્ભવ (૧૨-પુ૦) આ કાર્તિકસ્વામિનાં નામ છે. ॥૬૭॥

---

શ્લો૦ ૬૪ થી ૬૭-(૧) अजयः, आश्रयाशयः, कृपीटयोनिः, कृष्णवर्त्मा 'अन्', चित्रभानुः, छागरथः, धूमध्वजः, ज्वालाजिह्वः, मंत्रजिह्वः, सप्तजिह्वः, बृहद्भानुः (૧૧-પુ૦) = અગ્નિ.

(૨) शिखिन् (પુ૦) બ્રાહ્મણ, મોર, કૂકડો, બાણ, બળદ, બકરો, ઘોડો, પર્વત, દીવો, ઝાડ વગેરે અર્થમાં પણ છે.
हिरण्यरेतस् (પુ૦) શંકર અર્થમાં પણ છે.
विभावसु (પુ૦) સૂર્ય અને ચંદ્ર અર્થમાં પણ છે.
वृषाकपि (પુ૦) શંકર અને વિષ્ણુ અર્થમાં પણ છે.
विशाख (પુ૦) શંકર અને યાચક અર્થમાં પણ છે.
(૩) અગ્નિવાચક નામો ચિત્રાના ઝાડ વાચક પણ બને છે.

હવે મહાદેવ-શંકરનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫ ૬
तत्पिता शङ्करः शम्भुः, शिवः स्थाणुर्महेश्वरः ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
त्र्यम्बको धूर्जटिः शर्वः, पिनाकी प्रमथाधिपः ॥६८॥
૧૨ ૧૩ ૧૪ ૧૫
त्रिपुरारिर्विशालाक्षो, गिरीशो नीललोहितः ।
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
रुद्रेन्दुमौलियज्ञारि-त्रिनेत्रा वृषभध्वजः ॥६९॥
૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬
उग्रः शूली कपाली च, शिपिविष्टो भवो हरः ।
૨૭ ૨૮ ૨૯ ૩૦
उमापतिर्विरूपाक्षो, विश्वरूपः कपर्द्यपि ॥७०॥

---

કાર્તિક સ્વામીનાં નામોની પાછળ पितृ શબ્દ જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમકે-सेनानीपिता 'तृ', स्कन्दपिता 'तृ', कार्तिकेयपिता 'तृ' (૩-૫૦) ઇત્યાદિ.

તથા શંકર, શંભુ, શિવ, સ્થાણુ, મહેશ્વર, ત્ર્યંબક, ધૂર્જટિ, શર્વ, પિનાકિન્, પ્રમથાધિપ ॥૬૮॥ ત્રિપુરારિ, વિશાલાક્ષ, ગિરીશ, નીલલોહિત, રુદ્ર, ઇન્દુમૌલિ, યજ્ઞારિ, ત્રિનેત્ર, વૃષભધ્વજ ॥૬૯॥ ઉગ્ર, શૂલિન્, કપાલિન્, શિપિવિષ્ટ, ભવ, હર, ઉમાપતિ, વિરૂપાક્ષ, વિશ્વરૂપ, કપર્દિન્ (૨૯-૫૦) આ મહાદેવનાં નામ છે. ॥૭૦॥

હવે ગંગાનદીનાં નામ અને મહાદેવનાં નામ બનાવ-
વાની રીત કહે છે—

१ २ ३ ४
भागीरथी त्रिपथगा, जाह्नवी हिमवत्सुता ।
५ ६ ७ १
मन्दाकिनी द्युपर्याय-धुनी गङ्गा नदीश्वरः ॥७१॥

---

(૧) ભાગીરથી, ત્રિપથગા, જાહ્નવી, હિમવત્સુતા, મન્દાકિની (૫-સ્ત્રી૦) આ ગંગાનદીનાં નામ છે.

તથા સ્વર્ગવાચક શબ્દોની પાછળ धुनी શબ્દ જોડવાથી ગંગાનદીનાં નામ બને છે. જેમકે-स्वर्धुनी, स्वर्गधुनी, व्योमधुनी (૩-સ્ત્રી૦) ઇત્યાદિ.

(૨) ગંગાવાચક શબ્દોની પાછળ ईश्वर શબ્દ જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમકે- भागीरथीश्वरः, त्रिपथगेश्वरः, जाह्नवीश्वरः (૩-પુ૦) ઇત્યાદિ. ॥૭૧॥

---

શ્લો૦ ૭૦-(૧) अष्टमूर्तिः, ईशः, ईशानः, कण्ठेकालः, कृत्तिवासाः 'अस्', गोपालः, नीलकण्ठः, नाट्यप्रियः, दिग्वासाः 'अस्', पञ्चमुखः, भालदृक् 'श्', मृत्युञ्जयः, मृडः, भैरवः, सर्वज्ञः, सदाशिवः, श्रीकण्ठः, श्मशानवेश्मा 'अन्', वृषाङ्कः (१९-पु०) = શંકર.

શ્લો૦ ૭૧-(૧) विष्णुपदी, सरित्वरा, सिद्धापगा, जह्नुकन्या, हरशेखरा (५-स्त्री०) = ગંગાનદી.

**હવે બ્રહ્માનાં નામ તથા નારદનાં નામ બનાવવાની રીત કહે છે—**

१ २ ३ ४ ५ ६
**विधिर्वेधा विधाता च, द्रुहिणोऽजश्चतुर्मुखः ।**
७ ८ ९
**पद्मपर्याय–योनिश्च, पितामहविरञ्चिनौ ॥७२॥**
१० ११ १२ १३
**हिरण्यगर्भः स्रष्टा च, प्रजापतिः सहस्रपात् ।**
१४ १५ १६ १७ १ २
**ब्रह्मात्मभूरनन्तात्मा, कस्तत्पुत्रो हि नारदः ॥७३॥**

---

(૧) વિધિ, વેધસ્, વિધાતૃ, દ્રુહિણ, અજ, ચતુર્મુખ (૬–પુ૦) આ બ્રહ્માનાં નામ છે.

તથા કમળવાચક શબ્દોની પાછળ **योनि** શબ્દ જોડવાથી બ્રહ્માનાં નામ બને છે. જેમકે-**पद्मयोनिः, कमलयोनिः** (૨–પુ૦) ઇત્યાદિ.

તથા પિતામહ, વિરંચિન ॥૭૨॥ હિરણ્યગર્ભ, સ્રષ્ટૃ, પ્રજાપતિ, સહસ્રપાદ્, બ્રહ્મન્, આત્મભૂ, અનન્તાત્મન્, ક (૧૦–પુ૦) આ પણ બ્રહ્માનાં નામ છે.

(૨) બ્રહ્માવાચક શબ્દોની પાછળ **पुत्र** શબ્દ જોડવાથી નારદનાં નામ બને છે. જેમકે–**विधिपुत्रः, अजपुत्रः** (૨–પુ૦) ઇત્યાદિ ॥૭૩॥

હવે કૃષ્ણ તથા લક્ષ્મીનાં નામ કહે છે—

१ २ ३ ४ ५

कृष्णो दामोदरो विष्णु—रुपेन्द्रः पुरुषोत्तमः ।

६ ७ ८ ९ १०

केशवश्च हृषीकेशः, शार्ङ्गी नारायणो हरिः ॥७४॥

११ १२ १३ १४ १५ १६

केशी मधुर्बलिर्बाणो, हिरण्यकशिपुर्मुरः ।

१७ १८ १९

तदादि-सूदनः शौरिः, पद्मनाभोऽप्यधोक्षजः ॥७५॥

२० २१ १ २ +३ ४

गोविन्दो वासुदेवश्च, लक्ष्मीः श्रीर्गोमिनीन्दिरा ।

१ २ ३ ४

तत्पतिः शैलभूम्यादि—धरश्चक्रधरस्तथा ॥७६ ॥

---

(૧) કૃષ્ણ, દામોદર, વિષ્ણુ, ઉપેન્દ્ર, પુરૂષોત્તમ, કેશવ, હૃષીકેશ, શાંર્ગિન્, નારાયણ, હરિ ॥૭૪॥ કેશિ-સૂદન, મધુસૂદન, બલિસૂદન, બાણસૂદન, હિરણ્યકશિપુસૂદન, મુરસૂદન, શૌરિ, પદ્મનાભ, અધોક્ષજ ॥૭૫॥ ગોવિન્દ, વાસુદેવ (૨૧–પુ૦) આ કૃષ્ણનાં નામ છે.

(૨) લક્ષ્મી, શ્રી, ગોમિની, ઇન્દિરા (૪–સ્ત્રી૦) આ લક્ષ્મીનાં નામ છે.

(૩) લક્ષ્મીવાચક શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમકે-**लक्ष्मीपतिः**, **श्रीपतिः** (२–પુ૦) ઇત્યાદિ.

તથા પર્વતવાચક અને પૃથ્વીવાચક શબ્દોની પાછળ ઘર શબ્દ જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમકે-**पर्वतधरः**, **गिरिधरः**, **पृथ्वीधरः**, **भूधरः** (૪–પુ૦) ઇત્યાદિ. તથા ચક્રધર (પુ૦) આ પણ કૃષ્ણનું નામ છે. ॥૭૬॥

---

શ્લો૦ ૭૨, ૭૩–(૧) अष्टश्रवणः, जगत्कर्ता 'तृ', धाता 'तृ', परमेष्ठी 'इन्', स्वयम्भूः (५–પુ૦) = બ્રહ્મા.

(२) विधि (પુ૦) વિષ્ણુ, ભાગ્ય, રચના, વૈદ્ય વગેરે અર્થમાં પણ છે.

प्रजापति (પુ૦) રાજા, જમાઇ, સૂર્ય, અગ્નિ, દેવોનો સુથાર વગેરે અર્થમાં પણ છે.

શ્લો૦ ૭૪ થી ૭૬–(૧) अच्युतः, जगन्नाथः, चतुर्भुजः, श्रीनाथः, दाशार्हः, गदाग्रजः, त्रिविक्रमः, मुकुन्दः, पुराणपुरुषः, माधवः, विश्वक्सेनः, वैकुण्ठः, विश्वंभरः, वनमाली 'इन्', यज्ञपुरुष, श्रीधरः, श्रीवत्सः, विष्टरश्रवाः 'अस्' (१८–પુ૦) = કૃષ્ણ.

कमला, मा, रमा, हरिप्रिया, क्षीरोदतनया (५–સ્ત્રી૦) = લક્ષ્મી.

+गोमिनी શબ્દનું 'લક્ષ્મી અર્થમાં' કોશાન્તર પ્રમાણ નથી.

**હવે કામદેવનાં નામ કહે છે—**

**तत्पुत्रो मन्मथः कामः, शूर्पकारिरनन्यजः ।**
**कायपर्याय-रहितो, मदनो मकरध्वजः ॥७७॥**

---

કૃષ્ણવાચક શબ્દોની પાછળ **पुत्र** શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમકે-**कृष्णपुत्रः**, **विष्णुपुत्रः** (૨-પુ૦) ઈત્યાદિ.

તથા મન્મથ, કામ, શૂર્પકારિ, અનન્યજ (૪-પુ૦) આ કામદેવનાં નામ છે.

તથા શરીરવાચક શબ્દોની પાછળ **रहित** શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમકે-**शरीररहितः**, **कायरहितः** (૨-પુ૦) ઈત્યાદિ. તથા મદન, મકરધ્વજ (૨-પુ૦) આ પણ કામદેવનાં નામ છે.

---

શ્લો૦ ૭૭-(૧) कलाकेलिः, प्रद्युम्नः, मधुसारथिः, मारः, शम्बरारिः, हृच्छयः (૬-પુ૦) = કામદેવ.

**હવે બાણનાં અને ધનુષ્યનાં નામ કહે છે—**

१   २   ३   ४   ५   ६

**शिलीमुखः शरो बाणो, मार्गणो रोपणः कणः ।**

७   ८   ९   १०   ११   १२

**इषुः काण्डं *क्षुरप्रं च, नाराचं तोमरं खगः ॥७८॥**

१   २   ३   ४   ५   ६

**कार्मुकं धन्व चापं च, धर्मं कोदण्डकं धनुः ।**

७   १

**शिलीमुखादेरासनं, तत्कोटिमटनीं विदुः ॥७९॥**

---

શિલીમુખ (પુ૦), શર, બાણ (૨–પુ૦ નપું૦), માર્ગણ, રોપણ, કણ (૩–પુ૦), ઇષુ (ત્રિ૦), કાંડ (નપું૦), ક્ષુરપ્ર, નારાચ, તોમર (૩–પુ૦ નપું૦), ખગ (પુ૦) આ બાણનાં નામ છે. ॥૭૮॥

કાર્મુક, ધન્વન્ (૨–નપું૦), ચાપ, ધર્મ, કોદંડક, ધનુષ્ (૪–પુ૦ નપું૦) આ બાણનાં નામ છે.

તથા શિલીમુખ વગેરે બાણવાચક શબ્દોની પાછળ **आसन** શબ્દ જોડવાથી ધનુષ્યનાં નામ બને છે. જેમકે–**शिलीमुखासनः, शरासनः** (૨–પુ૦) ઇત્યાદિ.

ધનુષ્યના અગ્રભાગને અટની કહે છે. ॥૭૯॥

**હવે પુષ્પનાં નામ અને કામદેવનાં નામ બનાવવાની રીત કહે છે—**

१ २ ३ ४ ५ ६
**पुष्पं सुमनसः फुल्लं, लतान्तं प्रसवोद्गमौ ।**
७ ८ १ २ ३
**प्रसूनं कुसुमं ज्ञेयं, तदाद्यस्त्रशरः स्मरः ॥८०॥**

---

(૧) પુષ્પ (પુ૦ નપું૦), સુમનસ્ (સ્ત્રી૦બ૦વ૦), ફુલ્લ, લતાન્ત (૨-નપું૦), પ્રસવ, ઉદ્ગમ (૨-પુ૦), પ્રસૂન (નપું૦), કુસુમ (પુ૦ નપું૦) આ પુષ્પનાં નામ છે.

(૨) પુષ્પવાચક શબ્દોની પાછળ **अस्त्र** કે **शर** શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમકે-**पुष्पास्त्रः**, **पुष्पशरः** (૨-પુ૦) ઇત્યાદિ. તથા સ્મર (પુ૦) આ પણ કામદેવનું નામ છે. ॥૮૦॥

---

શ્લો૦ ૭૮-(૧) आशुगः, सायकः, कङ्कपत्रः, पत्री 'इन्', विशिखः, मर्मभेदनः, वारः, रोंपः (૮-પુ૦) = બાણ.

(૨) शिलीमुख (પુ૦) ભમરો અને યુદ્ધ અર્થમાં પણ છે.

मार्गण (પુ૦) ભીખારી અર્થમાં પણ છે.

*क्षुरप्र, नाराच અને तोमर શબ્દ અન્યત્ર પુ૦માં જ મળે છે. અહીં નપું૦ લિંગમાં ઉલ્લેખ હોવાથી પુ૦ નપું૦ બન્ને લિંગ લખ્યાં છે.

હવે મનનાં નામ અને કામદેવનાં નામ બનાવવાની રીત કહે છે—

१ २ ३ ४ ५ ६
स्वान्तमास्वनितं चित्तं, चेतोऽन्तःकरणं मनः ।
७ ८ ९ १
हृदयं विशिखाऽऽकूतं, मारस्तत्रोद्भवो मतः ॥८१॥

---

(૧) સ્વાન્ત, આસ્વનિત, ચિત્ત, ચેતસ્, અન્તઃ-કરણ, મનસ્, હૃદય, વિશિખ, આકૂત (૯—નપું૦) આ મનનાં નામ છે.

(૨) મનવાચક શબ્દોની પાછળ उद्भव શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમકે—स्वान्तोद्भवः, आस्वनितोद्भवः (૨-પું૦) ઇત્યાદિ.
તથા માર (પું૦) આ પણ કામદેવનું નામ છે. ॥૮૧॥

હવે ધનુષ્યની દોરી અને ભમરાનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ १ २ ३
मौर्वी जीवा गुणो गव्या, ज्याऽलिर्भृङ्गः शिलीमुखः ।
४ ५ ६ ७
भ्रमरः षट्पदो ज्ञेयो, द्विरेफश्च मधुव्रतः ॥८२॥

---

(૧) મૌર્વી, જીવા (૨-સ્ત્રી૦), ગુણ (પુ૦, ગવ્યા (સ્ત્રી૦ નપું૦), જ્યા (સ્ત્રી૦) આ ધનુષ્યના દોરીનાં નામ છે.

(૨) અલિ, ભૃંગ, શિલીમુખ, ભ્રમર, ષટ્પદ, દ્વિરેફ, મધુવ્રત (૭-પુ૦) આ ભમરાનાં નામ છે. ॥૮૨॥

---

શ્લો૦ ૮૨-(૧) शिञ्जा, शिञ्जिनी (૨-સ્ત્રી૦) = ધનુષ્યની દોરી. मधुकरः, मधुकृत्, चञ्चरीकः, रोलम्बः (૪-પુ૦) = ભમરો.

(૨) गुण (પુ૦) ગુણ, દોરી, રસોઈઓ, ઇન્દ્રિય, ત્યાગ, દાન વગેરે અર્થમાં પણ છે.

હવે કામદેવના ધનુષ્યનાં અને કામદેવનાં નામ બનાવવાની રીત કહે છે—

१ २

*मौर्व्यादिप्रान्तमल्यादि, कन्दर्पस्यैक्षवं धनुः।

१ २ ३ ४ १

हेतिरस्त्राऽऽयुधं शस्त्रं, पुष्पाद्यस्त्रः स्मरो मतः ॥८३॥

(૧) અલિ વગેરે ભમરાવાચક શબ્દોની પાછળ **मौर्वी** વગેરે ધનુષ્યની દોરીવાચક શબ્દો જોડવાથી કામદેવના ધનુષ્યનાં નામ બને છે. જેમકે— **अलिमौर्वीकम्**, **भृङ्गमौर्वीकम्** (૨-નપું૦) ઇત્યાદિ.

તથા ઐક્ષવ (નપું૦) આ પણ કામદેવના ધનુષ્યનું નામ+ છે.

(૨) હેતિ (સ્ત્રી૦), અસ્ત્ર (નપું૦), આયુધ (પુ૦નપું૦), શસ્ત્ર (નપું૦ સ્ત્રી૦) આ શસ્ત્રનાં નામ છે.

(૩) શસ્ત્રવાચક શબ્દોની પૂર્વે પુષ્પવાચક શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમકે-**पुष्पहेतिः**, **प्रसूनास्त्रः**, **कुसुमायुधः**, **प्रसवशस्त्रः** (૪-પુ૦) ઇત્યાદિ.॥૮૩॥

*શ્લો૦ ૮૩—ભમરાવાચક શબ્દોની પાછળ ધનુષ્યની દોરીવાચક શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે. એવો અર્થ અન્યત્ર જોવા મળે છે. ઉપર મુજબ (કામદેવના ધનુષ્યનાં નામ) અર્થ સુસંગત લાગવાથી ભાષ્યના આધારે કર્યો છે.

+કામદેવનું ધનુષ્ય ઈક્ષુદંડ અર્થાત્ શેરડીનું બનેલું છે, તેથી ઐક્ષવ કહેવાય છે.

હવે ધ્વજનાં નામ અને કામદેવનાં નામ બનાવ-વાની રીત કહે છે—

१ २ ३ ४ ५

*ध्वजं पताका केतुश्च, चिह्नं तद्वैजयन्त्यपि ।

१ २

तत्तदन्तो झषाद्यादिः, शम्भोर्विघ्नकरः स्मरः ॥८४॥

---

(૧) ધ્વજ (પુ૦ નપું૦), પતાકા (સ્ત્રી૦), કેતુ (પુ૦), ચિહ્ન (નપું૦), વૈજયન્તી (સ્ત્રી૦) આ ધ્વજનાં નામ છે.

(૨) ધ્વજવાચક શબ્દોની પૂર્વે મત્સ્યવાચક શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમકે—झषध्वजः, शफरपताकः, मीनकेतुः, षडक्षीणचिह्नः, पाठीनवैजयन्तिः (૫-પુ૦) ઇત્યાદિ.

(૩) શંકરવાચક શબ્દોની પાછળ विघ्नकर શબ્દ જોડવાથી પણ કામદેવનાં નામ બને છે. જેમકે—हरविघ्नकरः, शम्भुविघ्नकरः (૨-પુ૦) ઇત્યાદિ. ॥૮૪॥

---

*શ્લો૦ ૮૪-અહીં ध्वजा એવો પાઠાંતર છે. પરંતુ ध्वजा શબ્દનો અન્યકોશોમાં ઉલ્લેખ નથી. તેથી ભાષ્યના આધારે ઉપર મુજબ ध्वजम् પાઠ મૂકયો છે.

हवे तरवारनां तथा सेनानां नाम कहे छे—

१ २ ३ ४ ५
कौक्षेयकोऽसिर्निस्त्रिंशः, कृपाणः करवालकः ।
६ ७ ८
तरवारिर्मण्डलाग्रं,* खड्गनामावलिं विदुः ॥८५॥
१ २ ३ ४ ५ ६
अक्षौहिणी बलाऽनीकं, वाहिनी साधनं चमूः ।
७ ८ ९ १० ११ १२
ध्वजिनी पृतना सेना, सैन्यं दण्डो वरूथिनी ॥८६॥

---

કૌક્ષેયક, અસિ, નિસ્ત્રિંશ, કૃપાણ, કરવાલક, તરવારિ, મંડલાગ્ર, ખડ્ગ (૮–પુ૦) આ તલવારનાં નામ છે ॥૮૫॥

અક્ષૌહિણી (સ્ત્રી૦), બલ (નપું૦), અનીક (પુ૦નપું૦), વાહિની (સ્ત્રી૦), સાધન (નપું૦), ચમૂ, ધ્વજિની, પૃતના, સેના (૪–સ્ત્રી૦), સૈન્ય (નપું૦), દંડ (પુ૦નપું૦), વરૂથિની (સ્ત્રી૦) આ સેનાનાં નામ છે. ॥૮૬॥

---

શ્લો૦ ૮૫–मण्डलाग्र અન્યત્ર પુ૦માં જોવા મળે છે.

શ્લો૦ ૮૬–(૧) कटकम्, चक्रम् (૨–નપું૦), पताकिनी (સ્ત્રી૦) = સેના.

(૨) दण्ड (પુ૦) દંડ, યમરાજ વગેરે અર્થમાં પણ છે.

હવે યુદ્ધનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६
कदनं समरं युद्धं, संयुगं कलहं रणम् ।
७ ८ ९ १० ११
संग्रामं संपरायाऽऽजी, संयदाहुर्महाहवम् ॥८७॥

---

કદન (નપું૦), સમર (પુ૦નપું૦), યુદ્ધ(નપું૦),સંયુગ (પુ૦નપું૦), કલહ (પુ૦), રણ (પુ૦નપું૦), સંગ્રામ (પુ૦), સંપરાય (પુ૦નપું૦), આજિ (સ્ત્રી૦), સંયત્ (સ્ત્રી૦નપું૦), મહાહવ (પુ૦) આ યુદ્ધનાં નામ છે. ॥૮૭॥

---

શ્લો૦ ૮૭–(૧) आयोधनम् (નપું૦), आहवः, विग्रहः, संगरः, संप्रहारः (૪–પુ૦), मृधम्, तुमुलम् (૨–નપું૦) = યુદ્ધ.

હવે હાથીનાં નામ અને મહાવતનાં નામ બનાવવાની રીત કહે છે—

१ २ ३ ४ ५ ६
गजो मतङ्गजो हस्ती, वारणोऽनेकपः करी ।
७ ८ ९ १० ११ १२
दन्ती स्तम्बेरमः कुम्भी, द्विरदेभमतङ्गमाः ॥८८॥
१३ १४ १५ १६ १७ १८
शुण्डालः सामजो नागो, मातङ्गः पुष्करी द्विपः ।
१९ २० १ २ ३
करेणुः सिन्धुरस्तेषु, यन्ता याता निषाद्यपि ॥८९॥

---

(૧) ગજ, મતંગજ, હસ્તિન્, વારણ, અનેકપ, કરિન્, દન્તિન્, સ્તમ્બેરમ, કુમ્ભિન્, દ્વિરદ, ઇભ, મતંગમ ॥૮૮॥ શુંડાલ, સામજ, નાગ, માતંગ, પુષ્કરિન્, દ્વિપ, કરેણુ, સિન્ધુર (૨૦–પુ૦) આ હાથીનાં નામ છે.

*(૨) હસ્તિવાચક શબ્દોની પાછળ यन्तृ કે यातृ શબ્દ જોડવાથી મહાવતનાં નામ બને છે. જેમકે–गजयन्ता 'तृ', गजयाता 'तृ', हस्तियन्ता 'तृ', हस्तियाता 'तृ' (૪–પુ૦) ઇત્યાદિ.

તથા નિષાદિન્ (પુ૦) આ પણ મહાવતનું નામ છે. ॥૮૯॥

---

શ્લો૦ ૮૮, ૮૯-(૧) कुञ्जरः, व्यालः (૨ પુ૦) = હાથી.

आधोरणः, हस्तिपः, हस्त्यारोहः, गजाजीवः, महामात्रः (૫–પુ૦) = મહાવત.

(૨) नाग (પુ૦) સર્પ, મેઘ, ખીલો, સીસું, વગેરે અર્થમાં પણ છે. *ઉપર મુજબ અર્થ ભાષ્યના આધારે કર્યો છે.

**હવે સિંહનાં નામ બનાવવાની રીત તથા સિંહ, વાઘ અને અષ્ટાપદ પ્રાણીનાં નામ કહે છે—**

१ २ ३ ४ ५
**नागाद्यरिः कण्ठीरवो, मृगेन्द्रः केसरी हरिः ।**
१ २ ३ १ २ ३
**व्याघ्रश्चमूरुः* शार्दूलः, शरभोऽष्टापदोऽष्टपात् ॥९०॥**

(૧) હસ્તિવાચક શબ્દોની પાછળ **अरि** શબ્દ જોડવાથી સિંહનાં નામ બને છે. જેમકે—**नागारिः, गजारिः, इभारिः** (૩–પુ૦) ઈત્યાદિ.

તથા કંઠીરવ, મૃગેન્દ્ર, કેસરિન્, હરિ (૪–પુ૦) આ સિંહનાં નામ છે.

(૨) વ્યાઘ્ર, ચમૂરુ, શાર્દૂલ (૩–પુ૦) આ વાઘનાં નામ છે.

(૩) શરભ, અષ્ટાપદ, અષ્ટપાદ્ (૩–પુ૦) આ અષ્ટાપદ પ્રાણીનાં નામ છે (જે સિંહ કરતાં પણ વધારે બળવાન હોય છે.) ॥૯૦॥

શ્લો૦૯૦–(૧) नखायुधः, पारिन्द्रः, पञ्चाननः, वनराजः, हर्यक्षः, पुण्डरीकः (૬–પુ૦) = સિંહ.

द्विपी 'इन्', पुण्डरीकः (૨–પુ૦) = વાઘ.

*અહીં व्याघ्रश्चमूरः એવો પાઠાન્તર છે. પણ चमूरु કે चमूरः આ બન્ને શબ્દોનું 'વાઘ અર્થમાં' પ્રાયઃ કોશાન્તર પ્રમાણ નથી. चमूरु શબ્દ મુખ્યત્વે 'હરણ અર્થમાં' છે, અને चमूरः શબ્દ ઉપલબ્ધ નથી. પણ સંભવ છે કે चमति अत्ति पशून् એ રીતે ऊणादिથી વ્યુત્પત્તિ સાધ્ય હોય.

હવે ડુક્કર–સુવર અને ઊંટનાં નામ કહે છે–

१ २ ३ ४ ५ ६
क्रोडो वराहो दंष्ट्री च, घृष्टिः पोत्री च शूकरः ।
१ २ ३ ४ ५
उष्ट्रो मयः शृंखलकः, करभः शीघ्रगामुकः ॥९१॥

---

(૧) ક્રોડ, વરાહ, દંષ્ટ્રિન્, ઘૃષ્ટિ, પોત્રિન્, શૂકર (૬–પુ૦) આ ડુક્કરનાં નામ છે.

(૨) ઉષ્ટ્ર, મય, શૃંખલક, કરભ, શીઘ્રગામુક (૫–પુ૦) આ ઊંટનાં નામ છે. ॥૯૧॥

---

શ્લો૦ ૯૧–(૧) कुमुखः, तलेक्षणः, पङ्कक्रीडनकः, बहुप्रजः, सलिलप्रियः, स्थूलनासः, किरः, किरिः, कोलः, भूदारः (૧૦–પુ૦) = ડુક્કર.

क्रमेलकः, कण्टकाशनः, द्विककुद्, दाशेरः, दाशेरकः, मरुप्रियः, महाङ्गः, दीर्घग्रीवः (૮–પુ૦) = ઊંટ.

(૨) शृंखलक (પુ૦) બેડી, સાંકળ, કંદોરો અને કમરપટ્ટો અર્થમાં પણ છે.

करभ (પુ૦) હાથીનું બચ્ચું, ઊંટનું બચ્ચું અથવા હરકોઈ જનાવરનું બચ્ચું અર્થમાં પણ છે.

હવે કૂતરાનાં નામ કહે છે—

१ २ ३ ४ ५
कौलेयकः सारमेयो, मण्डलः श्वा पुरोगतिः ।
६ ७ ८ ९
जिह्वापो ग्रामशार्दूलः, कुक्कुरो रात्रिजागरः ॥९२॥

---

કૌલેયક, સારમેય, મંડલ, શ્વન્, પુરોગતિ, જિહ્વાપ, ગ્રામશાર્દૂલ, કુક્કુર, રાત્રિજાગર (૯–૫૦) આ કૂતરાનાં નામ છે. ॥૯૨॥

---

શ્લો૦ ૯૨–(૧) अस्थिभुक् 'ज्', कृतशः, कालेयकः, गृहमृगः, दीर्घमैथुनः, वृकारिः, रक्तव्रणः, शालावृकः, भषणः, शरत्कामी 'इन्', चक्रपुच्छः (११–५०) = કૂતરો.

હવે સોનું, રૂપું અને મોતીનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६
हेम चाऽष्टापदं स्वर्णं, कनकाऽर्जुनकाञ्चनम् ।
७ ८ ९ १० ११
सुवर्णं हिरण्यं भर्म, जातरूपं च हाटकम् ॥९३॥
१२ १३ १४ १५
तपनीयं कलधौतं, कार्तस्वरं शिलोद्भवम् ।
१ २ ३ १ २
रूप्यं रजतं गुलिका,* शुक्तिजं मौक्तिकं तथा ॥९४॥

---

(૧) હેમન્ (નપું૦), અષ્ટાપદ, સ્વર્ણ (૨–પુ૦નપું૦), કનક, અર્જુન, કાંચન (૩–નપું૦), સુવર્ણ, હિરણ્ય (૨–પુ૦ નપું૦), ભર્મન્, જાતરૂપ (૨–નપું૦), હાટક (પુ૦ નપું૦) ॥૯૩॥ તપનીય, કલધૌત, કાર્તસ્વર, શિલોદ્ભવ (૪–નપું૦) આ સોનાનાં નામ છે.

(૨) રૂપ્ય (નપું૦), રજત (પુ૦નપું૦), ગુલિકા (સ્ત્રી૦) આ રૂપાનાં નામ છે.

(૩) શુક્તિજ, મૌક્તિક (૨–નપું૦) આ મોતીનાં નામ છે. ॥૯૪॥

---

ટિપ્પણી પાના નં. ૬૦ ઉપર છે.

હવે ધનનાં નામ, કુબેરનાં નામ બનાવવાની રીત અને કુબેરનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६ ७ ८ ९

वित्तं वस्तु वसु द्रव्यं, स्वार्थं रा द्रविणं धनम् ।

१० १ २ ३

*कस्वरं तत्पतिं प्राहुः, कुबेरं चैकपिङ्गलम् ॥९५॥

४ ५ ६

वैश्रवणं राजराज-मुत्तराशापतिं तथा ।

७ ८ ९ १०

अलकानिलयं श्रीदं, धनपर्यायदायदम्+ ॥९६॥

(૧) વિત્ત, વસ્તુ, વસુ, દ્રવ્ય (૪–નપું૦), સ્વ (પુ૦ નપું૦), અર્થ (પુ૦), રૈ (પુ૦સ્ત્રી૦), દ્રવિણ (નપું૦), ધન (પુ૦નપું૦), કસ્વર (નપું૦) આ ધનનાં નામ છે.

(૨) ધનવાચક શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી કુબેરનાં નામ બને છે. જેમકે—**वित्तपतिः, वस्तुपतिः, वसुपतिः, धनपतिः** (૪–પુ૦) ઇત્યાદિ.

તથા કુબેર, એકપિંગલ ॥૯૫॥ વૈશ્રવણ, રાજરાજ, ઉત્તરાશાપતિ, અલકાનિલય, શ્રીદ (૭–પુ૦) આ કુબેરનાં નામ છે.

તથા ધનવાચક શબ્દોની પાછળ **दाय** કે **द** શબ્દ જોડવાથી પણ કુબેરનાં નામ બને છે. જેમકે—**वित्तदायः, वित्तदः, धनदायः, धनदः** (૪–પુ૦) ઇત્યાદિ. ॥૯૬॥

શ્લો૰ ૯૩, ૯૪—(૧) जाम्बूनदम्, गैरिकम्, चामीकरम्, शातकुम्भम् (૪—નપું૰) = સોનું.

कलधौतम्, श्वेतम्, सौम्यम्, त्रापुषम्, हिरण्यम् (૫—નપું૰) = રૂપું.

मुक्ता (સ્ત્રી૰), मुक्ताफलम् (નપું૰)=મોતી.

(૨) मर्म 'अन्' (નપું૰) પગાર—મજૂરી અર્થમાં પણ છે.

(૩) હાથીનું મસ્તક તથા દાંત, શુન અને સૂઅરની દાઢા, મેઘ, છીપ, સર્પ, વાંસ અને મત્સ્ય આ મોતીની ઉત્પત્તિનાં સ્થાન છે.

*गुलिका શબ્દનો 'રૂપું' અર્થમાં પ્રાયઃ અન્યકોશોમાં ઉલ્લેખ નથી.

શ્લો૰ ૯૫, ૯૬—(૧) द्युम्नम्, रिक्थम्, सारम्, (૩—નપું૰), विभवः (પુ૰)=ધન.

कैलासौकाः 'अस्', नरवाहनः, नृधर्मा 'अन्' मनुष्यधर्मा 'अन्', यक्षः (૫—પુ૰)=કુબેર.

*कस्वर (નપું૰) શબ્દનું 'ધન અર્થમાં' કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી. कस्वरम् પદને બે શબ્દોનું બનેલું સામાસિક પદ ગણીએ તો क શબ્દને ધન અર્થમાં 'શબ્દ ચિંતામણી' કોશનું સમર્થન મળે છે, પણ તે અર્થમાં स्वर શબ્દને સમર્થન મળતું નથી

+અહીં धनपर्यायदायकम् એવો પાઠાન્તર છે. તેથી धनदायकः વગેરે થાય.

હવે દેશ અને નગરનાં તથા મુખ અને કાનનાં નામ કહે છે—

१ २ ३ ४ ५
राष्ट्रं जनपदो निर्गो, जनान्तो विषयः स्मृतः ।
१ २ ३ ४ ५ ६
पूः पुरं पुरी नगरी, पत्तनं पुटभेदनम् ॥९७॥
१ २ ३ ४ ५ ६
वक्त्रं लपनमास्यं च, वदनं मुखमाननम् ।●
१ २ ३ ४ ५
श्रवणं श्रोत्रं श्रवश्चापि, कर्णं चैव श्रुतिं विदुः ॥९८॥

(૧) રાષ્ટ્ર (પુ૦નપું૦), જનપદ, નિર્ગ, જનાન્ત, વિષય (૪–પું૦) આ દેશનાં નામ છે.

(૨) પુર્ (સ્રી૦), પુર (નપું૦), પુરી, નગરી (૩–સ્રી૦), પત્તન, પુટભેદન (૨–નપું૦) આ નગરનાં નામ છે. ॥૯૭॥

(૧) વક્ત્ર, લપન, આસ્ય, વદન (૪–નપું૦), મુખ (પુ૦નપું૦), આનન (નપું૦) આ મુખનાં નામ છે.

(૨) શ્રવણ (નપું૦), શ્રોત્ર (પુ૦નપું૦), શ્રવસ્ (નપું૦), કર્ણ (પુ૦), શ્રુતિ (સ્રી૦) આ કાનનાં નામ છે. ॥૯૮॥

શ્લો૦ ૯૭-(૧) नीवृत् (સ્રી૦), मण्डलम् (નપું૦)=દેશ.
निगमः (પુ૦), नगरम् (નપું૦)=નગર.
શ્લો૦ ૯૮-(૧) तुण्डम् (નપું૦) = મુખ.

●આ શ્લોક અન્યત્ર બીજી રીતે છે. ઉપર મુજબ શ્લોક વધુ સારો હોવાથી ભાષ્યમાંથી લઈને મુકયો છે.

હવે આંખ અને તેના વિકારનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६ ७
दृगक्षि चक्षुर्नयनं, दृष्टिर्नेत्रं विलोचनम् ।
१ २ ३ ४ ५
कटाक्षं केकराऽपाङ्गं, विभ्रमस्तस्य वैकृतम् ॥९९॥

---

(૧) દશ્ (સ્ત્રી૦), અક્ષિ, ચક્ષુષ્, નયન (૩-નપું૦), દૃષ્ટિ (સ્ત્રી૦), નેત્ર (પુ૦નપું૦), વિલોચન (નપું૦) આ આંખનાં નામ છે.

(૨) કટાક્ષ (પુ૦નપું૦), કેકર, અપાંગ, વિભ્રમ (૩-પુ૦), વૈકૃત (નપું૦) આ કટાક્ષ-આંખના વિકારનાં નામ છે. ॥૯૯॥

---

શ્લો૦ ૯૯-(૧) अम्बकम्, ईक्षणम्, दर्शनम् (૩-નપું૦) = આંખ.

**હવે ભુજા, હાથ, ખભો અને આંગળીનાં નામ કહે છે—**

१ २ ३ ४ १ २ ३
**दोर्दोषा च भुजो बाहुः, पाणिर्हस्तः करस्तथा ।**
१ २ १ २
**प्राहुर्बाहुशिरोंऽसं च, हस्तशाखा कराङ्गुलिः ॥१००॥**

---

(૧) દોસ્ (પુ૦નપું૦), દોષા (સ્ત્રી૦), ભુજ, બાહુ (૨–પુ૦સ્ત્રી૦) આ ભુજાનાં નામ છે.

(૨) પાણિ (પુ૦), હસ્ત (પુ૦નપું૦), કર (પુ૦) આ હાથનાં નામ છે.

(૩) બાહુશિરસ્ (નપું૦), અંસ (પુ૦નપું૦) આ ખભાનાં નામ છે.

(૪) હસ્તશાખા, કરાંગુલિ (૨–સ્ત્રી૦) આ હાથની આંગળીનાં નામ છે. ॥૧૦૦॥

---

શ્લો૦ ૧૦૦– ૧) बाहा (સ્ત્રી૦) = ભુજા.
भुजशिरः 'स्', भुजशिखरम् (૨–નપું૦), स्कन्धः (પુ૦) = ખભો.
शयः, पञ्चशाखः (૨–પુ૦) = હાથ.
अङ्गुलिः, अङ्गुली, अङ्गुरी (૩–સ્ત્રી૦) = આંગળી.

હવે ઓષ્ઠ અને ગળાનાં નામ કહે છે—

१ २ ३ ४
दन्तवासोऽधरोऽप्योष्ठो, वर्णितो दशनच्छदः ।
१ २ ३ ४ ५ ६
शिरोधरा गलो ग्रीवा, कण्ठश्च धमनी धमः ॥१०१॥

(૧) દન્તવાસ, અધર, ઓષ્ઠ, દશનચ્છદ (૪-પુ૦) આ ઓષ્ઠનાં નામ છે.

(૨) શિરોધરા (પુ૦સ્ત્રી૦), ગલ (પુ૦), ગ્રીવા (સ્ત્રી૦), કંઠ (પુ૦), ધમની (સ્ત્રી૦), ધમ (પુ૦) આ ગળાનાં નામ છે. ॥૧૦૧॥

શ્લો૦ ૧૦૧-(૧) दन्तवस्त्रम् (નપું૦), रदच्छदः (પુ૦) =ઓષ્ઠ.
कन्धरा, शिरोधिः (૨-સ્ત્રી૦) = ગળું.

હવે નાક, છાતી, પેટ અને સ્તનનાં નામ કહે છે—

१ २ १ २ १ २ ३
नासा घ्राणमुरो वक्षः, कुक्षिः स्याज्जठरोदरम् ।
१ २ ३ ४
स्तनः पयोधरः कुचो, वक्षोज इति वर्णितः ॥१०२॥

---

(૧) નાસા (સ્ત્રી૦), ઘ્રાણ (નપું૦) આ નાકનાં નામ છે.

(૨) ઉરસ્, વક્ષસ્ (૨–નપું૦) આ છાતીનાં નામ છે.

(૩) કુક્ષિ (પુ૦સ્ત્રી૦), જઠર, ઉદર (૨–પુ૦નપું૦) આ પેટનાં નામ છે.

(૪) સ્તન, પયોધર, કુચ, વક્ષોજ (૪–પુ૦) આ સ્તનનાં નામ છે. ॥૧૦૨॥

---

શ્લો૦ ૧૦૨–(૧) गन्धज्ञा, नासिका (૨–સ્ત્રી૦), नक्रम् (પુ૦નપું૦), नर्कुटम् (નપું૦), गन्धवहा, आघ्रा, गन्धनालिका (૩–સ્ત્રી૦) = નાક.

क्रोडा (સ્ત્રી૦નપું૦), हृदयस्थानम्, भुजान्तरम् (૨–નપું૦), वत्सः (પુ૦નપું૦) = છાતી.

गर्भः (પુ૦), तुन्दम् (નપું૦), तुन्दिः (સ્ત્રી૦) = પેટ.

उरोजः, उरसिजः, वक्षोरुहः (૩–પુ૦) = સ્તન.

હવે કેડ, ગોઠણ અને પગનાં નામ કહે છે—

१ २ ३ ४ १ २
कटिर्नितम्बः श्रोणिश्च,+ जघनं जानु जहूनु* च।
१ २ ३ ४ ५ ६
चलनं चरणं पादं, क्रमोऽङ्घ्रिश्चा† पदं विदुः ॥१०३॥

---

(૧) કટિ (સ્ત્રી૦), નિતમ્બ (પુ૦), શ્રોણિ (પુ૦સ્ત્રી૦), જઘન (નપું૦) આ કેડનાં નામ છે.

(૨) જાનુ (પુ૦નપું૦), જહ્નુ (નપું૦) આ ગોઠણનાં નામ છે.

(૩) ચલન, ચરણ (૨–પુ૦નપું૦), પાદ (અથવા પાદ) (પુ૦), ક્રમ, અંઘ્રિ, પદ (૩–પુ૦) (અથવા પદ નપું૦) આ પગનાં નામ છે. ॥૧૦૩॥

---

શ્લો૦ १०३-(૧) काञ्चीपदम् (નપું૦), ककुद्मती (સ્ત્રી૦), आरोहः (પુ૦), कटीरम् (નપું૦) = કેડ.

अंह्रिः, क्रमणः (૨–પુ૦) = પગ

+ અહીં श्रोणी च એવો પાઠાન્તર છે.

* जहूनु 'ગોઠણ અર્થમાં' કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી.

† અહીં क्रमोऽङ्घ्रिश्च એવો પાઠાન્તર છે.

હવે મસ્તક, પ્રેરણા કરાયેલ અને વાણીનાં નામ કહે છે—

१ २ ३ ४ १ २ ३

शिरो मूर्धोत्तमाङ्गं कं, प्रारभ्यं प्रेरितेरितम् ।

१ २ ३ ४ ५ ६ ७

वाग् वचो वचनं वाणी, भारती गीः सरस्वती ॥१०४॥

---

(૧) શિરસ્ (નપું૦), મૂર્ધન્ (પુ૦), ઉત્તમાંગ, ક (૨-નપું૦) આ મસ્તકનાં નામ છે.

(૨) પ્રારભ્ય, પ્રેરિત, ઈરિત (ત્રિ૦) આ પ્રેરણા કરાયેલનાં નામ છે.

(૩) વાચ્ (સ્ત્રી૦), વચસ્, વચન (૨-નપું૦), વાણી, ભારતી, ગિર્, સરસ્વતી (૪-સ્ત્રી૦) આ વાણીનાં નામ છે. ॥૧૦૪॥

---

શ્લો૦ १०४-(૧) मौलिः (પુ૦સ્ત્રી૦), मुण्डम् (પુ૦નપું૦), मस्तकम् (પુ૦નપું૦), मस्तिकम्, वराङ्गम् (૨-નપું૦) = મસ્તક.

ब्राह्मी, भाषा (૨-સ્ત્રી૦), गो (પુ૦સ્ત્રી૦) = વાણી.

(૨) क (પુ૦) બ્રહ્મા, વિષ્ણુ, કામદેવ, અગ્નિ, વાયુ, યમ, સૂર્ય, આત્મા, રાજા, મોર, શરીર, ચિત્ત, મેઘ, પ્રકાશ, માથાના વાળ વગેરે અર્થમાં પણ છે.

क (નપું૦) પાણી અને કલ્યાણ-સુખ અર્થમાં પણ છે.

હવે સિંહ, હાથી વગેરેના અવાજનાં નામ કહે છે—

१ १ १

सिंहद्विपघने गर्जो, हेषाऽश्वे बृंहितं गजे ।

१ १

*स्फीत्कृतं धेनुकलभे, स्तनितं जलदे तथा ॥१०५॥

(૧) સિંહ, હાથી અને મેઘના શબ્દ–અવાજને ગર્જ (પુ૦) કહે છે.

(૨) ઘોડાના હણહણાટને હેષા (સ્ત્રી૦) કહે છે.

(૩) હાથીના શબ્દને બૃંહિત (નપું૦) પણ કહે છે.

(૪) ગાય અને હાથીના બચ્ચાંના અવાજને સ્ફીત્કૃત (નપું૦) કહે છે.

(૫) મેઘની ગર્જનાને સ્તનિત (નપું૦) પણ કહે છે. ॥૧૦૫॥

*શ્લો૦ ૧૦૫–સ્ફીત્કૃત શબ્દનું કોશાન્તર પ્રમાણ પ્રાય: નથી.

હવે રથ વગેરેના અવાજનાં નામ કહે છે—

स्यन्दने चीत्कृतं[1] मन्त्रे, भटे च हुङ्कृतम्[1] तथा ।
सीत्कृतं[1] मणितं[2] कामे, खन्कृतं[1] शृङ्खलाऽऽयुधे ॥१०६॥

---

(૧) રથના અવાજને ચીત્કૃત (નપું૦) કહે છે.

(૨) મન્ત્ર અને સુભટના અવાજને હુંકૃત (નપું૦) કહે છે.

(૩) મૈથુનના અવાજને સીત્કૃત અને મણિત (૨—નપું૦) કહે છે.

(૪) સાંકળ અને શસ્ત્રના ખણખણાટને ખન્કૃત (નપું૦) કહે છે. ॥૧૦૬॥

હવે ઝાંઝરનાં નામ તથા ઝાંઝર, વાયુ વગેરેના અવાજનાં નામ કહે છે—

मञ्जीरकं[1] तुलाकोटि[1], नूपुरं[1] तत्र झङ्कृतम्[2] ।
झाङ्कृतं[3] चाथ मरुति, क्रेङ्कृतं[4] क्रौञ्चहंसयोः ॥१०७॥

(૧) મંજીરક (નપું૦), તુલાકોટિ, નૂપુર (૨–પુ૦ન પુ૦) આ ઝાંઝરનાં નામ છે.

(૨) ઝાંઝરના ઝણકારને ઝંકૃત (નપું૦) કહે છે.

(૩) વાયુના અવાજને ઝાંકૃત (નપું૦) કહે છે.

(૪) ક્રૌંચ અને હંસ પક્ષીના અવાજને ક્રેંકૃત (નપું૦) કહે છે. ॥૧૦૭॥

શ્લો૦ ૧૦૭-(૧) मञ्जीरम्, हंसकम् (૨–પુ૦નપું૦), शिञ्जिनी (સ્ત્રી૦) = ઝાંઝર.

હવે પરિચિત, મરણુપથારીએ સૂતેલ અને મરેલાનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६
प्रतीतं संस्तुतं लब्धं, दृष्टं परिचितं स्मृतम् ।
१ २ १ २
संस्थितं दशमीस्थं च, परासुं च मृतं विदुः ॥१०८॥

(૧) પ્રતીત, સંસ્તુત, લબ્ધ, દૃષ્ટ, પરિચિત, સ્મૃત (૬–ત્રિ૦) આ પરિચિતનાં નામ છે.

(૨) સંસ્થિત, દશમીસ્થ (૨–ત્રિલિંગ) આ મરણુ પથારીએ સૂતેલાનાં નામ છે.

(૩) પરાસુ, મૃત (૨–ત્રિ૦) આ મરેલાનાં નામ છે. ॥૧૦૮॥

---

શ્લો૦ ૧૦૮–(૧) अभिज्ञातम्, अनुभूतम् (૨–ત્રિ૦) = પરિચિત.

आसन्नमृत्युः, मुमूर्षुः (૨–ત્રિ૦) = મરણ પથારીએ સૂતેલ.

व्यापन्नः, नामशेषः, आलेख्यशेषः, यशःशेषः, परेतः, प्रेतः, संस्थितः (૭–ત્રિ૦) = મૃત્યુ પામેલ.

હવે ક્રોધ અને હર્ષનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६ ७

+खेदो द्वेषोऽप्यमर्षश्च, रुट् कोपक्रोधमन्यवः ।

१ २ ३ ४ ५ ६ ७

हर्षः प्रमोदः प्रमदो, मुत्तोषानन्दमुत्सवः ॥१०९॥

---

(૧) ખેદ, દ્વેષ, અમર્ષ (૩-પુ૦), રુષ્ (સ્ત્રી૦), કોપ, ક્રોધ, મન્યુ (૩-પુ૦) આ ક્રોધનાં નામ છે.

(૨) હર્ષ, પ્રમોદ, પ્રમદ (૩-પુ૦), મુદ્ (સ્ત્રી૦), તોષ, આનંદ, ઉત્સવ (૩-પુ૦) આ હર્ષનાં નામ છે. ॥૧૦૯॥

---

શ્લો૦ ૧૦૯-(૧) रोषः (પુ૦), रुषा (સ્ત્રી૦), क्रुध् (સ્ત્રી૦) = ક્રોધ.

चित्तप्रसन्नता, प्रीतिः (૨-સ્ત્રી૦), ह्लादः, आमोदः, सम्मदः (૩-પુ૦) = હર્ષ.

+ खेद શબ્દ 'શોક અર્થમાં' છે. તેનું 'ક્રોધ અર્થમાં' કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી.

હવે દયા અને બુદ્ધિનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫ ૬
कृपाऽनुकम्पाऽनुक्रोशोऽहन्तोक्तिः* करुणा दया ।
१ २ ३ ४ ५ ६
शेमुषी धिषणा प्रज्ञा, मनीषा धीस्तथाऽऽशयः ॥११०॥

(૧) કૃપા, અનુકમ્પા (૨-સ્ત્રી૦), અનુક્રોશ (પુ૦), અહન્તોક્તિ, કરુણા, દયા (૩-સ્ત્રી૦) આ દયાનાં નામ છે.

(૨) શેમુષી, ધિષણા, પ્રજ્ઞા, મનીષા, ધી (૫-સ્ત્રી૦), આશય (પુ૦) આ બુદ્ધિનાં નામ છે. ॥૧૧૦॥

શ્લો૦ ૧૧૦-(૧) कारुण्यम् (નપું૦), घृणा (સ્ત્રી૦) = દયા.
मतिः, बुद्धिः, ज्ञप्तिः, प्रेक्षा, प्रतिभा, मेधा, संवित्, संवित्तिः, उपलब्धिः, संख्या (૧૦-સ્ત્રી૦) = બુદ્ધિ.

*अहन्तोक्तिः પાઠ ભાષ્યના આધારે મૂક્યો છે. અહીં हन्तोक्तिः એવો પાઠાન્તર પણ છે. એમાંથી એકનું પણ કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી

હવે પંડિતનાં નામ બનાવવાની રીત અને તેનાં નામ કહે છે—

१ २ ३ ४ ५
+प्राज्ञो मेधादिमान् विद्वा–नभिरूपो विचक्षणः ।
६ ७ ८ ९ १०
पण्डितः सूरिराचार्यो, वाग्मी नैयायिकः स्मृतः ॥१११॥

---

(૧) પ્રાજ્ઞ (પુ૦) = પંડિત. તથા બુદ્ધિવાચક શબ્દોને મત્વર્થક પ્રત્યયો જોડવાથી પંડિતનાં નામ બને છે. જેમકે- **बुद्धिमान् 'मत्', धीमान् 'मत्', प्रज्ञावान् 'वत्', मनीषी 'इन्'** (૪–પુ૦) ઇત્યાદિ.

તથા વિદ્વસ્, અભિરૂપ, વિચક્ષણ, પંડિત, સૂરિ, આચાર્ય, વાગ્મિન્, નૈયાયિક (૮–પુ૦) આ પંડિતનાં નામ છે. ॥૧૧૧॥

---

શ્લો૦ ૧૧૧-(૧) सुधीः, कविः, कृती 'इन्', दोषज्ञः, ज्ञः, धीरः, कोविदः, विशारदः, बुधः, विपश्चित्, संख्यावान् 'वत्' (૧૧–પુ૦) = પંડિત–બુદ્ધિશાલી.

+प्राज्ञो मेधादिमान् ના સ્થાને प्राज्ञमेधाविनौ એવો પાઠાન્તર છે.

**હવે સભાજનનાં નામ, રાજાનાં નામ બનાવવાની રીત અને રાજયજ્ઞનાં નામ કહે છે—**

**पारिषद्यो बुधः सभ्यः, +सदस्यः सन् सभोचितः ।**
**आस्थानाधिपती राजा, राजसूयो नृपक्रतुः ॥११२॥**

---

(૧) પારિષદ્ય, બુધ, સભ્ય, સદસ્ય, સત્, સભોચિત (૬-પુ૦) આ સભાજનનાં નામ છે.

(૨) સભાવાચક શબ્દોની પાછળ **पति** કે **अधिपति** શબ્દ જોડવાથી રાજાનાં નામ બને છે. જેમકે-**परिषत्पतिः, परिषदधिपतिः, सभापतिः, सभाधिपतिः, आस्थानपतिः, आस्थानाधिपतिः** (૬-પુ૦) ઇત્યાદિ.

(૩) રાજસૂય, નૃપક્રતુ (૨-પુ૦) આ રાજયજ્ઞનાં નામ છે ॥૧૧૨॥

---

*શ્લો૦ ૧૧૨-(૧) पार्षद्यः, सभासद्, सामाजिकः (૩-પુ૦) = સભાજન.

+ અહીં सदःसंसत्सभोचितः એવો પાઠાન્તર છે. એટલે सदः, संसत्, सभा ની પાછળ उचित શબ્દ જોડવાથી સભ્યનાં નામ બને જેમકે-सदउचितः, संसदुचितः, सभोचितः (૩-પુ૦).

હવે આસન અને જગતનાં નામ તથા શ્રીજિનેશ્વર દેવનાં નામ બનાવવાની રીત કહે છે—

१ २ ३ ४ ५

विष्टरं मल्लिकां* पीठ—मासन्दीमासनं विदुः ।

१ २ ३ ४ १

विष्टपं भुवनं लोको, जगत्तस्य पतिर्जिनः ॥११३॥

---

(૧) વિષ્ટર (પુ૦નપું૦), મલ્લિકા (સ્ત્રી૦), પીઠ (નપું૦), આસન્દી (સ્ત્રી૦), આસન (પુ૦નપું૦) આ આસનનાં નામ છે.

(૨) વિષ્ટપ (નપું૦), ભુવન (પુ૦નપું૦), લોક (પુ૦, જગત્ (નપું૦) આ જગતનાં નામ છે.

(૩) જગતવાચક શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી શ્રીજિનેશ્વરદેવનાં નામ બને છે. જેમકે—**विष्टपपतिः**, **जगत्पतिः** (૨–પુ૦) ઇત્યાદિ. ॥૧૧૩॥

---

*શ્લો૦ ૧૧૩—मल्लिका શબ્દનું 'આસન અર્થમાં' કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી.

**હવે શ્રી જિનેશ્વરદેવનાં નામ તથા પ્રથમ તીર્થંપતિ શ્રી આદિનાથ ભગવાનનાં નામ કહે છે—**

१ २ ३ ४ ५

**सर्वज्ञो वीतरागोऽर्हन्, केवली धर्मचक्रभृत् ।**

६ ७ ८ ९

**तीर्थङ्करस्तीर्थकर–स्तीर्थकृद् दिव्यवाक्पतिः ॥११४॥**

१ २ ३ ४ ५

**वर्षीयान् वृषभो ज्यायान्, पुरुषाद्यः प्रजापतिः ।**

६ ७ ८ ९ १० ११

**ऐक्ष्वाकः काश्यपो ब्रह्मा, गौतमो नाभिजोऽग्रजः ॥११५॥**

(૧) સર્વજ્ઞ, વીતરાગ, અર્હત્, કેવલિન્, ધર્મચક્રભૃત્, તીર્થંકર, તીર્થકર, તીર્થકૃદ્, દિવ્યવાક્પતિ (૯–પુ૦) આ શ્રી જિનેશ્વરદેવનાં નામ છે. ॥૧૧૪॥

(૨) વર્ષીયસ્, વૃષભ, જ્યાયસ્, પુરુષાદ્ય, પ્રજાપતિ, ઐક્ષ્વાક, કાશ્યપ, બ્રહ્મન્, ગૌતમ, નાભિજ, અગ્રજ (૧૧–પુ૦) આ શ્રી આદિનાથ ભગવાનનાં નામ છે. ॥૧૧૫॥

શ્લો૦ ૧૧૪–(૧) आप्तः, अभयदः, अनेकान्तवादी 'इन्', क्षीणाष्टकर्मा 'अन्', त्रिकालविद्, देवाधिदेवः, पारगतः, परमेष्ठी 'इन्', सार्वः, स्याद्वादी 'इन्', सर्वदर्शी 'इन्' (११–पु०) = શ્રીજિનેશ્વરદે.

શ્લો૦ ૧૧૫–(૧) मारुदेवः, ऋषभः (२–पु०) = શ્રી આદિનાથ ભગવાન.

(૨) वृषभ (पु०) બળદ, શ્રેષ્ઠ, હાથીનો કાન વગેરે અર્થમાં પણ છે.

હવે ચરમતીર્થપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાનનાં નામ કહે છે—

१ २ 🟊 ३ ४ ५

सन्मतिर्महतिर्वीरो, महावीरोऽन्त्यकाश्यपः ।

६ ७

ज्ञातान्वयो वर्धमानो, यत्तीर्थमिह साम्प्रतम् ॥११६॥

---

સન્મતિ, મહતિ, વીર, મહાવીર, અન્ત્યકાશ્યપ, જ્ઞાતાન્વય, વર્ધમાન (૭–પુ૦) આ શ્રીમહાવીરસ્વામી ભગવાનનાં નામ છે, કે જેમનું તીર્થ-શાસન અહીં ભરતક્ષેત્રમાં હાલમાં પ્રવર્તે છે. ॥૧૧૬॥

---

શ્લો૦ ૧૧૬–(૧) त्रैशलेयः (પુ૦) = શ્રી મહાવીર ભગવાન.

🟊 અહીં महतिवीरो એવો પાઠાન્તર છે.

**હવે વસ્ત્રનાં નામ અને શ્રી ઋષભદેવ ભગવાનનાં નામ બનાવવાની રીત કહે છે –**

१ २ ३ ४ ५ ६
**चेलं निवसनं वास–श्चीरमम्बरमंशुकम् ।**
१ २
**वस्त्राद्यन्तदिगाद्यादि–संज्ञितो वृषभेश्वरः ॥११७॥**

---

(૧) ચેલ, નિવસન, વાસસ્, ચીર, અમ્બર, અંશુક (૬–નપું૦) આ વસ્ત્રનાં નામ છે.

(૨) વસ્ત્રવાચક શબ્દોની પૂર્વે દિશાવાચક શબ્દો જોડવાથી શ્રી ઋષભદેવ પ્રભુનાં (અથવા દિગમ્બરનાં) નામ બને છે. જેમકે–**दिगम्बरः, दिक्चेलः, हरिन्निवसनः, ककुब्वासाः 'अस्', आशांशुकः** (૫–પુ૦) ઇત્યાદિ. તથા વૃષભેશ્વર (પુ૦) આ પણ શ્રી ઋષભદેવ પ્રભુનું નામ છે. ॥૧૧૭॥

---

શ્લો૦ ૧૧૭–(૧) वस्त्रम् (પુ૦નપું૦), वसनम् (નપું૦), आच्छादः (પુ૦), आच्छादनम्, कर्पटम् (૨-નપું૦), पटः (ત્રિ૦) = વસ્ત્ર.

હવે કેસર, કસ્તૂરી અને કપૂરનાં નામ કહે છે—

१   २   ३   १   २
कुङ्कुमं रुधिरं रक्तं, कस्तूरी मृगनाभिजा ।
१   २   ३
कर्पूरं घनसारं च, हिमं सेवेत पुण्यवान् ॥११८॥

(૧) કુંકુમ (પુ૦નપું૦), રુધિર, રક્ત (૨–નપું૦) આ કેસરનાં નામ છે.

(૨) કસ્તૂરી, મૃગનાભિજા (૨–સ્ત્રી૦) આ કસ્તૂરીનાં નામ છે.

(૩) કર્પૂર (પુ૦નપું૦), ઘનસાર, હિમ (૨–પુ૦) આ કપૂરનાં નામ છે, તેનું સેવન પુણ્યશાલી કરે છે. ॥૧૧૮॥

*શ્લો૦ ૧૧૮–(૧) कश्मीरजम्, कश्मीरजन्म 'अन्', कुसुम्भम्, कुसुमान्तम्, घुसृणम्, वह्निशिखम्, प्रियङ्गु, पुष्परजः स्', बाह्लीकम् (૯–નપું૦) = કેસર

मृगमदः (પુ૦), गन्धधूली (સ્ત્રી૦) = કસ્તૂરી.

હવે વિલેપન, અલંકાર અને પુષ્પની માળાનાં નામ કહે છે—

१ २ ३ ४
समालम्भोऽङ्गरागश्च, प्रसाधनविलेपनम् ।
१ २ ३ १ २ +३ ४@
भूषणाऽऽभरणं • रुच्यं, माल्यं मालागुणस्रजः ॥११९॥

(૧) સમાલમ્ભ, અંગરાગ (૨–પુ૦), પ્રસાધન, વિલેપન (૨–નપું૦) આ વિલેપનનાં નામ છે.

(૨) ભૂષણ (પુ૦નપું૦), આભરણ, રુચ્ય (૨–નપું૦) આ અલંકારનાં નામ છે.

(૩) માલ્ય (નપું૦), માલા (સ્ત્રી૦), ગુણ (પુ૦), સ્રજ્ (સ્ત્રી૦) આ પુષ્પની માળાનાં નામ છે. ॥૧૧૯॥

---

શ્લો૦ ૧૧૯–(૧) प्रतिकर्म 'अन्', अधिवासनम् (૨–નપું૦) = વિલેપન.

अलङ्कारः, परिष्कारः, आकल्पः (૩–પુ૦) = અલંકાર.

+गुण શબ્દનું 'માળા અર્થમાં' કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી.

@અહીં गुणिस्रजम् એવો પાઠાન્તર પણ છે. ઉપરોક્ત પાઠ બધુ સારો હોવાથી ભાષ્યના આધારે મૂકયો છે.

હવે કંદોરાનાં નામ કહે છે—

१ २ ३ ४

मेखला रसना काञ्ची, हैमपर्यायसूत्रकम् ।

५ ६

🙏श्रोणीबिम्बं कटिसूत्रं, मानसूत्रमिवाहितम् ॥१२०॥

---

મેખલા, રસના, કાંચી (૩–સ્ત્રી૦) આ કંદોરાનાં નામ છે.

તથા સુવર્ણવાચક શબ્દોની પાછળ सूत्र શબ્દ જોડવાથી પણ કંદોરાનાં નામ બને છે જેમકે–हेमसूत्रम्, स्वर्णसूत्रम्, सुवर्णसूत्रम्, कनकसूत्रम् (૪–નપું૦) ઇત્યાદિ.

તથા શ્રોણીબિંબ, કટિસૂત્ર (૨–નપું૦) આ પણ કંદોરાનાં નામ છે.

તે કંદોરો કેડમાં એવી રીતે શોભે છે કે જાણે કેડને માપવાનો દોરો જ ન હોય! ॥૧૨૦॥

---

🙏શ્લો૦ ૧૨૦–અહીં श्रोणीबिम्बे એવો પાઠાંતર છે. श्रोणीबिम्बम् પાઠ ભાષ્યના આધારે મૂક્યો છે.

હવે મદિરાનાં નામ કહે છે—

१   २   ३   ४   ५   ६
मदिरां +मद्यमैरेयं, सीधुं कादम्बरीमिराम् ।
७   ८   ९   १०   ११
प्रसन्नां वारुणीं हालां, ✿मधुवारां सुरां विदुः ॥१२१॥

મદિરા (સ્ત્રી૦), મદ્ય (નપું૦), મૈરેય, સીધુ (૨–પુ૦નપું૦), કાદમ્બરી, ઇરા, પ્રસન્ના, વારુણી, હાલા, મધુવારા, સુરા (૭–સ્ત્રી૦) આ મદિરાનાં નામ છે. ॥૧૨૧॥

+શ્લો૦ ૧૨૧-मद्यमैरेयम्‌ને સામાસિક પદ ન ગણીએ તો સન્ધિત પદ ગણીને मद्यम् અને ऐरेयम् એ રીતે પણ બે શબ્દો છુટા પાડી શકાય છે. ऐरेय (નપું૦) પણ મદિરાવાચક છે.

✿मधुवारा શબ્દનું 'મદિરા અર્થમાં' કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી. 'વારાફરતી દારૂ પીવો' એવા અર્થમાં અન્યત્ર મળે છે. તેને સામાસિક પદ ગણી मधु અને वारा એમ બે શબ્દ જુદા પાડીએ તો मधु શબ્દ મદિરાવાચક છે, પણ તે અર્થમાં वारा શબ્દનું કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી.

હવે એક પ્રકારની મદિરા, મદિરા બનાવનાર અને પીનારનાં નામ કહે છે—

१ २ १ २

*शुण्डाऽऽसवस्तद्विधायी, शौण्डो गद्येत मद्यपः ।

१ २ ३

शक्तोऽक्षद्यूतपानेषु, विचित्रा शब्दपद्धतिः ॥१२२॥

---

(૧) શુંડા (સ્ત્રી૦), આસવ (પુ૦) આ બે એક પ્રકારની મદિરાનાં નામ છે.

(૨) શૌંડ, મદ્યપ (૨–પુ૦) આ બે કલાલ–મદિરા વેચનારનાં નામ છે

(૩) પાસા ખેલવામાં, જુગાર રમવામાં તથા મદિરાપાનમાં જે સમર્થ હોય તેને 'શૌંડ' કહે છે, કારણ કે શબ્દોની રચના આશ્ચર્યકારક હોય છે. ॥૧૨૨॥

---

*શ્લો૦ ૧૨૨–આ શ્લોકના પહેલા બે પાદનો અર્થ ભાષ્યના આધારે કર્યો છે. નીચેના બે પાદનો અર્થ ભાષ્યના આધારે પણ સ્પષ્ટતાથી સમજી શકાયો નથી. ઉપર મુજબ અર્થ જુની ચોપડીના આધારે કર્યો છે.

હવે ઘી, દૂધ અને છાશનાં નામ કહે છે—

१ २ ३ १ २ ३ ४
सर्पिर्हैयङ्गवीनाज्यं, दुग्धं क्षीराऽमृतं पयः ।
१ २ ३ ४
उदश्विन्मथितं तक्रं, कालसेयं पिबेद् गुरुः ॥१२३॥

---

(૧) સર્પિષ્, હૈયંગવીન, આજ્ય (૩–નપું૦) આ ઘીનાં નામ છે.

(૨) દુગ્ધ (નપું૦), ક્ષીર (પુ૦નપું૦), અમૃત, પયસ્ (૨–નપું૦) આ દૂધનાં નામ છે.

(૩) ઉદશ્વિત્, મથિત (૨–નપું૦), તક્ર (પુ૦ન૦), કાલસેય (નપું૦) આ છાશનાં નામ છે. મેદવાળો માણસ છાશ પીએ. ॥૧૨૩॥

---

શ્લો૦ ૧૨૩–(૧) घृतम् (પુ૦નપું૦), हविष्यम्, हविः 'ष्' (૨–નપું૦) = ઘી.
गोरसः (પુ૦), उधस्यम्, स्तन्यम् (૨–નપું૦) = દૂધ.

## હવે અવસ્થા, યુવાન, યુવાની અને વૃદ્ધનાં નામ કહે છે-

१ २ ३ ४ ५

***प्रायो वयो दशाऽनेहः-पूर्णं यौवनिकं विदुः।**

१ २ १ २ ३

**तारुण्यं यौवनं चान्त्यो, वार्द्धीनः+ स्थविरो मतः ॥१२४॥**

---

(૧) પ્રાયસ્, વયસ્ (નપું૦), દશા (સ્ત્રી૦), અનેહસ્ (પું૦) આ અવસ્થાનાં નામ છે.

(૨) આ અવસ્થાવાચક શબ્દોની પાછળ પૂર્ણ શબ્દ જોડવાથી યુવાનનાં નામ બને છે. જેમકે-**प्रायःपूर्णः, वयःपूर्णः** (૨-પું૦) ઇત્યાદિ.

તથા તારુણ્ય, યૌવન (૨-નપું૦) આ યુવાનીનાં નામ છે.

(૩) અન્ત્ય, વાર્દ્ધીન, સ્થવિર (૩-પું૦) આ વૃદ્ધ પુરુષનાં નામ છે. ॥૧૨૪॥

---

શ્લો૦ ૧૨૪-(૧) अवस्था, स्थितिः (२-स्त्री०) = અવસ્થા.

वयस्थः, तरुणः, युवा 'अन्' (३-पु०) = યુવાન.

प्रवयाः 'अस्' वृद्धः, जरन् 'त्', जरी 'इन्', यातयामः, जीर्णः, जीनः (७-पु०) = वृद्ध

* ભાષ્યના ટિપ્પણીકારે पूर्ण શબ્દ પૂર્વે જોડવા લખ્યું છે. ટિપ્પણીકારના આધારે पूर्णप्रायः વગેરે થાય.

+ वार्द्धीनः શબ્દ તું કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી.

હવે વંશ-કુળનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६

वंशोऽन्वयोऽन्ववायः स्या–दाम्नायः सन्ततिः कुलम् ।

७ ८ ९

ओघो वर्गश्च सन्तानः, काव्यमेव कवेः स्थितिः ॥१२५॥

---

વંશ, અન્વય, અન્વવાય, આમ્નાય (૪–પુ૦), સન્તતિ (સ્ત્રી૦), કુલ (નપું૦), ઓઘ, વર્ગ, સન્તાન (૩–પુ૦) આ વંશ અથવા કુળનાં નામ છે.

કવિની રચનાનેજ કાવ્ય કહે છે. ॥૧૨૫॥

---

શ્લો૦ ૧૨૫–(૧) अभिजनः (પુ૦), गोत्रम् (નપું૦) = વંશ.

(૨) वंश (પુ૦) વાંસ, વાંસળી, સમૂહ, શેલડી વગેરે અર્થમાં પણ છે.

सन्तान (પુ૦) ફરજંદ, કલ્પવૃક્ષ અને વિસ્તાર અર્થમાં પણ છે.

**હવે હંસનાં નામ, બ્રહ્માનાં નામ બનાવવાની રીત તથા હંસી અને વરૂનાં નામ કહે છે—**

१ २ ३ १ २
**हंसो मरालश्चक्राङ्गो, हंसवाहः सनातनः ।**
१ २ ३ १ २ ३
**वरटा वारला हंसी, कोक ईहामृगो वृकः ॥१२६॥**

(૧) હંસ, મરાલ, ચક્રાંગ (૩–પુ૦) આ હંસનાં નામ છે.

(૨) હંસવાચક શબ્દોની પાછળ वाह શબ્દ જોડવાથી બ્રહ્માનાં નામ બને છે. જેમકે-हंसवाहः, मरालवाहः ૨-પુ૦) ઇત્યાદિ.

તથા સનાતન (પુ૦) આ પણ બ્રહ્માનું નામ છે.

(૩) વરટા, વારલા, હંસી (૩–સ્ત્રી૦) આ હંસીનાં નામ છે.

(૪) કોક, ઈહામૃગ, વૃક (૩–પુ૦) આ વરૂનાં નામ છે. ॥૧૨૬॥

શ્લો૦ ૧૨૬-(૧) वरटः, वरलः, मानसौकाः 'अस्' (૩–પુ૦) = હંસ.
वारटा, वरटी, वरला, बरली (૪–સ્ત્રી૦) = હંસી.

(૨) हंस (પુ૦) વિષ્ણુ, સૂર્ય, પરમાત્મા, મત્સર, દ્વેષ, ગુરુ, પર્વત, શિર વગેરે અર્થમાં પણ છે.

कोक (પુ૦) ચક્રવાક પક્ષી અર્થમાં પણ છે.

**હવે મોરનાં નામ અને કાર્તિકસ્વામીનાં નામ બનાવવાની રીત કહે છે—**

१ २ ३ ४ ५
**मयूरो बर्हिणः केकी, शिखी प्रावृषिकस्तथा ।**
६ ७ ८ ९
**नीलकण्ठः कलापी च, शिखण्डी तत्पतिर्गुहः ॥१२७॥**

(૧) મયૂર, બર્હિણ, કેકિન્, શિખિન્, પ્રાવૃષિક, નીલકંઠ, કલાપિન્, શિખંડિન્ (૮–પુ૦) આ મોરનાં નામ છે.

(૨) મયૂરવાચક શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી કાર્તિકસ્વામીનાં નામ બને છે. જેમકે– **मयूरपतिः, बर्हिणपतिः, केकिपतिः** (૩–પુ૦) ઇત્યાદિ. ॥૧૨૭॥

---

શ્લો૦ ૧૨૭–(૧) चन्द्रकी 'इन्', बर्ही 'इन्', नृत्यप्रियः, मेघसुहृद्, मेघानन्दी 'इन्' (૫–પુ૦) = મોર.

(૨) नीलकण्ठ (પુ૦) મહાદેવ, લક્કડકૂટ પક્ષી, ચકલો, ખંજન-પક્ષી વગેરે અર્થમાં પણ છે.

नीलकण्ठ (નપું૦) 'મૂળો' અર્થમાં પણ છે.

शिखिन् (પુ૦) મોર, અગ્નિ, કૂકડો, બાણ, બળદ, ઘોડો, બકરો, પર્વત, બ્રાહ્મણ, દીવો, ઝાડ વગેરે અર્થમાં પણ છે

शिखण्डिन् (પુ૦) મોરપીંછ, બાણ, વિષ્ણુ, કૂકડો, દ્રુપદ રાજાનો પુત્ર અર્થમાં પણ છે.

**હવે હરણનાં નામ, ચંદ્રનાં નામ બનાવવાની રીત અને ઈન્દ્રિયનાં નામ કહે છે—**

१ २ ३ १ २
**हरिणो मृगः पृषत–स्तदङ्कः शर्वरीकरः ।**
१ २ ३ ४ ५ ६
**खमिन्द्रियं हृषीकं च, स्रोतोऽक्षं करणं विदुः ॥१२८॥**

(૧) હરિણ, મૃગ, પૃષત (૩–પુ૦) આ હરણનાં નામ છે.

(૨) હરણવાચક શબ્દોની પાછળ **अङ्क** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમકે–**हरिणाङ्कः, मृगाङ्कः, पृषताङ्कः** (૩–પુ૦).

તથા શર્વરીકર (પુ૦) આ પણ ચંદ્રનું નામ છે.

(૩) ખ, ઇન્દ્રિય, હૃષીક, સ્રોતસ્, અક્ષ, કરણ (૬–નપું૦) આ ઇન્દ્રિયનાં નામ છે ॥૧૨૮॥

---

શ્લો૦ ૧૨૮–(૧) एणः, सारंगः, रुरुः, रंकुः, चमूरुः, चमरः, ऋष्यः, वातायुः, वातमजः, अजिनयोनिः, कुरंगः, कृष्णसारः (૧૨–પુ૦) = હરણ.

(૨) पृषत (પુ૦) બિન્દુ અર્થમાં પણ છે.

स्रोतस् (નપું૦) જળપ્રવાહ, તરંગ, અંગ, પાણી, વીર્ય, હાથીની સૂંઢ વગેરે અર્થમાં પણ છે.

अक्ष (પુ૦) પાસા, રથ, પૈડું, સર્પ, રુદ્રાક્ષ, આત્મા, ગરુડ, શંખ, સ્થાપનાચાર્ય. તથા–

अक्ष (નપું૦) નેત્ર, મોરથુથુ, સંચળ, દરિયાનું મીઠું વગેરે અર્થમાં પણ છે.

હવે સર્પનાં નામ તથા ગરુડ પક્ષીનાં નામ બનાવવાની રીત કહે છે—

૧ ૨ ૩ ४ ५

पन्नगोऽहिर्विषधरो, लेलिहानो भुजङ्गमः ।

६ ७ ८ ९ १ २

नागोरगौ फणी सर्प—स्तद्वैरी विनतात्मजः ॥१२९॥

---

(૧) પન્નગ, અહિ, વિષધર, લેલિહાન, ભુજંગમ, નાગ, ઉરગ, ફણિન્, સર્પ (૯—પુ૦) આ સર્પનાં નામ છે.

(૨) સર્પવાચક શબ્દોની પાછળ वैरिन् શબ્દ જોડવાથી ગરુડ પક્ષીનાં નામ બને છે. જેમકે—पन्नगवैरी 'इन्', अहिवैरी 'इन्' (૨—પુ૦) ઈત્યાદિ. તથા વિનતાત્મજ (પુ૦) આ પણ ગરુડનું નામ છે. ॥૧૨૯॥

---

*શ્લો૦ ૧૨૯—(૧) कुण्डली 'इन्', भोगी 'इन्', कंचुकी 'इन्', भोगधरः, फणभृत्, व्यालः, सरीसृपः, काकोदरः, दन्दशूकः, दर्वीकरः, बिलेशयः, आशीविषः (१२—पु०) = સર્પ.

હવે ગરુડપક્ષીનાં નામ કહે છે—

१ २ ३ ४ ५
सुपर्णो गरुडस्तार्क्ष्यो, गरुत्मान् शकुनीश्वरः ।
६ ७ ८ ९
इन्द्रजिन्मन्त्रपूतात्मा, वैनतेयो विषक्षयः ॥१३०॥

---

સુપર્ણ, ગરુડ, તાર્ક્ષ્ય, ગરુત્મત્, શકુનીશ્વર, ઇન્દ્રજિત્, મંત્રપૂતાત્મન્, વૈનતેય, વિષક્ષય (૯–પુ૦) આ ગરુડનાં નામ છે. ॥૧૩૦॥

---

શ્લો૦ ૧૩૦-(૧) विष्णुवाहनम् (નપું૦), अरुणावरजः, सौपर्णेयः, पक्षिस्वामी 'इन्', पक्षिसिंहः, महापक्षः, महावेगः, कामायुः 'षू' (૭-પુ૦) = ગરુડ પક્ષી.

(૨) तार्क्ष्य (પુ૦) સૂર્ય, ઘોડો, સર્પ, સોનું, રથ, ગરુડનો મોટાભાઈ અરુણ વગેરે અર્થમાં પણ છે.

હવે પુણ્ય અને પાપનાં નામ, શ્રી જિનેશ્વરદેવનાં નામ બનાવવાની રીત તથા ઘર, ખાઈ અને માટીના કિલ્લાનાં નામ કહે છે—

१ २ ३ ४ ५
पुण्यं भाग्यं च सुकृतं, भागधेयं च सत्कृतम् ।
१ २ ३ ४ ५ ६
अघमंहश्च दुरितं, पाप्मा पापं च किल्बिषम् ॥१३१॥
७ ८ ९ १० १
वृजिनं कलिलमेनो, दुष्कृतं तज्जयी जिनः ।
१ २ ३ ४ ५ ६
सदनं सद्म भवनं, धिष्ण्यं वेश्माथ मन्दिरम् ॥१३२॥
७ ८ ९ १० ११ १२
गेहं निकेतनाऽगारं, निशान्तं निवृतं गृहम् ।
१३ १४ १५ १६ १७ १८ १९
वसत्याऽऽवसथाऽऽवासं, स्थानं धामाऽऽस्पदं पदम् ॥१३३॥
२० २१ २२ २३ २४
निकाय्यं निलयं पस्त्यं, शरणं विदुरालयम् ।
१ २ ३ १ २
खेयं खातं च परिखा, वप्रः स्याद् धूलिकुट्टिमम् ॥१३४॥

---

(૧) પુણ્ય, ભાગ્ય, સુકૃત, ભાગધેય, સત્કૃત (૫–નપું૦) આ પુણ્યનાં નામ છે.

(૨) અઘ, અંહસ્, દુરિત (૩–નપું૦), પાપ્મન્(પુ૦),

પાપ, કિલ્બિષ ॥૧૩૧॥ વૃજિન, કલિલ, એનસ્‌, દુષ્કૃત (૯–નપું૦) આ પાપનાં નામ છે.

(૩) પાપવાચક શબ્દોની પાછળ **जयिन्** શબ્દ જોડવાથી શ્રીજિનેશ્વરદેવનાં નામ બને છે જેમકે–**अघजयी 'इन्', दुरितजयी 'इन्', पापजयी 'इन्'** (૩–પુ૦) ઇત્યાદિ.

(૪) સદન, સદ્મન્ (૨–નપું૦), ભવન (પુ૦ નપું૦), ધિષ્ણ્ય, વેશ્મન્, મંદિર (૩–નપું૦) ॥૧૩૨॥ ગેહ (પુ૦ નપું૦), નિકેતન, અગાર, નિશાન્ત, નિવૃત, ગૃહ (૫–નપું૦), વસતિ (સ્રી૦), આવસથ, આવાસ (૨–પુ૦), સ્થાન, ધામન્, આસ્પદ, પદ (૪–નપું૦) ॥૧૩૩॥ નિકાય્ય, નિલય (૨–પુ૦), પસ્ત્ય શરણ (૨–નપું૦), આલય (પુ૦) આ ઘરનાં નામ છે.

(૫) ખેય, ખાત (૨–નપું૦), પરિખા (સ્રી૦) આ ખાઇનાં નામ છે.

(૬) વપ્ર (પુ૦ નપું૦), ધૂલિકુટ્ટિમ (નપું૦) આ ખાઈ ઉપર કરેલા માટીનાં કિલ્લાનાં નામ છે. ॥૧૩૪॥

---

શ્લો૦ ૧૩૧ થી ૧૩૪–(૧) वृषः (પુ૦), श्रेयस् (નપું૦) = પુણ્ય.

पातकम्, कल्मषम्, तमः 'स्' (૩–નપું૦), कल्कम्, पङ्कम् (૨–પુ૦ નપું૦) = પાપ.

शाला (સ્રી૦), आश्रयः (પુ૦), ओकः 'स्' (નપું૦) = ઘર.

खातिका (સ્રી૦) = ખાઇ.

(૨) घिष्ण्य (પુ૦) અગ્નિ અર્થમાં છે.

घिष्ण्य (નપું૦) સ્થાન, નક્ષત્ર, સ્વર્ગ વગેરે અર્થમાં પણ છે.

હવે કિલ્લો, શેરી, દરવાજો અને મહેલ વગેરેનાં નામ કહે છે—

  १    २    ३    १    २ +
**प्राकारः परिधिः सालः, प्रतोली गोपुराकृतिः ।**
  १   २   ३    १    १
**प्रासादसौधहर्म्याणि, निर्व्यूहो मत्तवारणम् ॥१३५॥**

(૧) પ્રાકાર, પરિધિ, સાલ (૩–પુ૦) આ કિલ્લાનાં નામ છે.

(૨) પ્રતોલી, ગોપુરાકૃતિ (૨–સ્ત્રી૦) આ શેરીનાં નામ છે.

(૩) પ્રાસાદ (પુ૦), સૌધ (પુ૦નપું૦), હર્મ્ય (નપું૦) આ મહેલનાં નામ છે.❁

(૪) નિર્વ્યૂહ (પુ૦) આ ભીંતમાં ખોડેલા ખીલાનું નામ છે.

(૫) મત્તવારણ (નપું૦) આ મહેલને ફરતી વાડ અને ઝરૂખાનું નામ છે. ॥૧૩૫॥

શ્લો૦ ૧૩૫–(૧) वरणः (પુ૦), वप्रः (પુ૦નપું૦) = કિલ્લો.
विशिखा, रथ्या (२–स्त्री०) = શેરી.

+ पुरद्वारं तु गोपुरं, तस्य आकृतिः यस्याः (तत्सदृशी इत्यर्थः) गोपुराकृतिः આ રીતે વ્યુત્પત્તિ સાધ્ય છે.

❁ ઘણું કરીને દેવ અને રાજાઓના વાસને પ્રાસાદ, રાજાઓના વાસને સૌધ અને ધનિકોના વાસને हर्म्य કહેવાય છે. આ વિશેષ ધ્યાનમાં રાખવો.

હવે ઝરૂખો અને અંધકારનાં નામ કહે છે—

वातायनं^1 मत्तालम्ब^2-मालम्ब्यं सुखमासताम् ।
तमो^1ऽन्धकारं^2 तिमिरं,^3 ध्वान्तं^4 संतमसं^5 तमम्^6 ॥१३६॥

(૧) વાતાયન (પુ૦નપું૦), મત્તાલમ્બ (પુ૦) આ ઝરૂખાનાં નામ છે, સુખેથી બેસનારાઓનો તે આશ્રય છે.

(૨) તમસ્ (નપું૦), અન્ધકાર, તિમિર, ધ્વાન્ત (૩–પુ૦નપું૦), સંતમસ, તમ (૨–નપું૦) આ અંધકારનાં નામ છે. ॥૧૩૬॥

---

શ્લો૦ ૧૩૬–(૧) गवाक्षः (પુ૦) = ઝરૂખો.

अन्धतमसम्, तमिस्रम् (૨–નપું૦), भूच्छाया (સ્ત્રી૦) = અંધકાર.

(૨) તમસ્ (નપું૦) પાપ, અજ્ઞાન, અવિદ્યા, કાર્ય અકાર્યનો અવિવેક, તમોગુણ, રાહુ વગેરે અર્થમાં પણ છે.

ત્રીજું પાદ છન્દના દોષવાળું જણાય છે.

હવે સમાન-સરખાનાં નામ કહે છે—

१ २ ३+ ४ ५ ६
समः सवर्णः सजातिः, सदृक्षः सदृशः सदृक् ।
७ ८ ९ १० ११ १२ १३
तुल्यः सधर्मा सरूप—स्तुला कक्षोपमा विधा ॥१३७॥

સમ, સવર્ણ, સજાતિ, સદૃક્ષ, સદૃશ, સદૃશ્, તુલ્ય, સધર્મન્, સરૂપ (૯-ત્રિ૦), તુલા, કક્ષા, ઉપમા વિધા (૪-સ્ત્રી૦) આ સમાનનાં નામ છે. ॥૧૩૭॥

શ્લો૦ ૧૩૭-(૧) સાધારણઃ, સન્નિભઃ (૨-ત્રિ૦) = સમાન.
+ અહીં सज्ञातिः એવો પાડાન્તર છે.

હવે ઉપમાનપૂર્વક શબ્દો કહે છે—

१ २ ३ ४

विन्मन्यो विद्यमानश्च, गुरुस्थानोऽम्बुजाननः ।

५

सिंहनादीति पर्याय-मुपमानेषु योजयेत् ॥१३८॥

---

વિન્મન્ય, વિદ્યમાન, ગુરુસ્થાન, અમ્બુજાનન, સિંહનાદિન્ (પ-ત્રિ૦) આ પાંચ શબ્દો અને તેના જેવા બીજા શબ્દોનો વિશિષ્ટ ઉપમા અર્થમાં પ્રયોગ કરવો.

(१) वेत्तीति वित्–आत्मानं विदं इव मन्यते इति विन्मन्यः = પોતાને પંડિત માનતો.

(३) गुरोः इव–गुरुवत् स्थानं यस्य सः गुरुस्थानः = ગુરુનાં જેવું સ્થાન છે જેનું તે.

(४) अम्बुजवद् आननं यस्य सः अम्बुजाननः = કમળનાં જેવું મુખ છે જેનું તે.

(५) सिंहः इव नदति, इत्येवं शीलः सिंहनादी 'इन्' = સિંહના જેવી ગર્જના જેની છે તે. ॥૧૩૮॥

---

નોટ-ભાષ્યના આધારે ઉપરોક્ત શ્લોક અને તેનો અર્થ સામે આપેલ છે. છતાં આ શ્લોકના અર્થમાં સંતોષ થયો નથી.

१ २ ३ ४ ५ ६
विन्मान्यो विद्यमानश्च, गुरुस्थानाम्बुजाननाः ।
७
सिंहादीनि च पर्याय-मुपमानेषु योजयेत् ॥१३८॥

વિત્, માન્ય, વિદ્યમાન, ગુરુસ્થાન, અમ્બુજ, આનન અને સિંહ વગેરે શબ્દોને સમાનવાચક શબ્દોની પૂર્વે જોડવાથી વિવિધ અર્થો બને છે જેમકે वित्समः, वित्सवर्णः, वित्सजातिः, वित्सदृक्षः, वित्सदृशः, वित्सदृक्, वित्तुल्यः, वित्सधर्मा 'अन्', वित्सरूपः, वित्तुलः, वित्कक्षः, विदुपमः, विद्विधः, मान्यसमः, विद्यमानसवर्णः, गुरुस्थानतुल्यः, अम्बुजसवर्णः, आननोपमः, सिंहसधर्मा 'अन्', सिंहोपमः (२०-त्रि०) ઇત્યાદિ. આ પ્રમાણે ઉપમાનમાં આ શબ્દો જોડવા. ॥૧૩૮॥

નોટ—આ નીચે આપેલ લખાણને આ શ્લોક સાથે સંબંધ નથી, છતાં જાણવા યોગ્ય હોવાથી અહીં આપેલું છે.

मतल्लिका, मचर्चिका (२-સ્ત્રી૦), प्रकाण्डम् (નપું૦), उद्धः, तल्लजः (२-પું૦) આ પાંચ શબ્દો પ્રશસ્ત અર્થસૂચક છે, અને ગમે તે શબ્દની સાથે વપરાયા હોય તો પણ પોતાનું લિંગ છોડતાં નથી. જેમકે—प्रशस्तः पुरुषः इति पुरुषमतल्लिका = શ્રેષ્ઠ પુરુષ. मुनिमतल्लिका = પૂજ્ય-માન્ય મુનિ. ब्राह्मणमचर्चिका = શ્રેષ્ઠ બ્રાહ્મણ गोप्रकाण्डम् = શ્રેષ્ઠ ગાય मनुष्योद्धः = શ્રેષ્ઠ મનુષ્ય. कुमारीतल्लजः શ્રેષ્ઠ કુમારી.

હવે કપટ-બહાનું અને સમાચારનાં નામ કહે છે—

१ २ ३ ४+ ५ ६

❁व्यपदेशो निभं व्याजः, पदं व्यतिकरश्छलम् ।

७ १ २

छद्म वृत्तान्तमुत्प्रेक्षा, शब्दमन्यं च निर्णयेत् ॥१३९॥

(૧) વ્યપદેશ (પુ૦), નિભ (નપું૦), વ્યાજ (પુ૦), પદ (નપું૦), વ્યતિકર (પુ૦), છલ, છદ્મન્ (૨-નપું૦) આ કપટનાં નામ છે.

(૨) વૃત્તાન્ત (પુ૦), ઉત્પ્રેક્ષા (સ્ત્રી૦) આ વાર્તા-સમાચારનાં નામ છે આવી રીતે અન્ય શબ્દો યોજવા. ॥૧૩૯॥

શ્લો૦ ૧૩૯-(૧) कपटम् (પુ૦નપું૦), कैतवम् (નપું૦), दम्भः (પુ૦), कूटम् (પુ૦નપું૦), उपधिः (પુ૦), मिषम् (નપું૦) = કપટ-છલ.

❁ આ શ્લોકનો પાઠ ભાષ્યના આધારે છે.

+ पद શબ્દનું 'કપટ અર્થમાં' કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી.

હવે સમૂહનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫ ૬
व्रातः पूगः समाजश्च, समूहः सन्ततिर्व्रजः ।
૭ ૮ ૯ ૧૦ ૧૧
व्यूहो निकायो निकरो, निकुरम्बं कदम्बकम् ॥१४०॥
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭
ओघः समुदयः संघः, संघातः समितिस्ततिः ।
૧૮ ૧૯ ૨૦ ૧
निचयः प्रकरः पंक्तिः, पशूनां समजो व्रजः ॥१४१॥

---

(૧) વ્રાત, પૂગ, સમાજ, સમૂહ (૪–પુ૦), સન્તતિ (સ્ત્રી૦), વ્રજ (પુ૦નપું૦), વ્યૂહ, નિકાય, નિકર (૩–પુ૦), નિકુરમ્બ, કદમ્બક (૨–નપું૦) ॥૧૪૦॥ ઓઘ, સમુદય, સંઘ, સંઘાત (૪–પુ૦), સમિતિ, તતિ (૨–સ્ત્રી૦), નિચય, પ્રકર (૨–પુ૦), પંક્તિ (સ્ત્રી૦) આ સમૂહનાં નામ છે. +

(૨) પશુઓના સમૂહને સમજ (પુ૦) કહે છે. ॥૧૪૧॥

---

શ્લો૦ ૧૪૦, ૧૪૧–(૧) समुदायः, समवायः, संचयः, चयः, राशिः, कलापः, मण्डलः, गणः (૮–પુ૦) = સમૂહ.

+ આમાંના કેટલાક શબ્દો સચેતન સમૂહસૂચક છે અને કેટલાક અચેતન સમૂહસૂચક છે.

હવે સમીપનાં નામ કહે છે—

१ २ ३ ४
अविदूरं च निकट-मविलम्बमनन्तरम् ।
५ ६ ७ ८ ९
समीपाऽभ्याशमासन्न-मभ्यर्णं सन्निधिं विदुः ॥१४२॥

---

અવિદૂર (નપું૦), નિકટ (પુ૦નપું૦), અવિલમ્બ, અનન્તર, સમીપ, અભ્યાશ, આસન્ન, અભ્યર્ણ (૬-નપું૦), સન્નિધિ (પુ૦) આ સમીપનાં નામ છે. ॥૧૪૨॥

---

શ્લો૦ ૧૪૨- (૧) उपकण्ठम्, सनीडम्, सविधम्, पार्श्वम्, सदेशम्, ससीमम्, अन्तिकम्, उपान्तम्, अभ्यग्रम्, सन्निधानम् (૧૦-નપું૦), सवेशः (પુ૦) = સમીપ-નિકટ.

હવે હળનાં નામ, બળદેવનાં નામ બનાવવાની રીત અને બળદેવનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ १ २

जित्या हलिर्हलः सीरं, लाङ्गलं तत्करो बलः ।

३ ४ ५

रेवतीदयितो नील—वसनः केशवाग्रजः ॥१४३॥

---

(૧) જિત્યા (સ્ત્રી૦), હલિ (પુ૦સ્ત્રી૦), હલ, સીર (૨–પુ૦નપું૦), લાંગલ (નપું૦) આ હળનાં નામ છે.

(૨) હળવાચક શબ્દોની પાછળ **कर** શબ્દ જોડવાથી બળદેવનાં નામ બને છે. જેમકે- **जित्याकरः**, **हलिकरः**, **हलकरः** (૩–પુ૦) ઈત્યાદિ.

તથા બલ, રેવતીદયિત, નીલવસન, કેશવાગ્રજ (૪–પુ૦) આ પણ બળદેવનાં નામ છે. ॥૧૪૩॥

---

શ્લો૦ ૧૪૩- (૧) गोदारणम् (નપું૦) = હળ.

रामः, सात्वतः, कामपालः, प्रियमधुः, रुक्मिदारणः, प्रलम्बघ्नः, रौहिणेयः, बलभद्रः, हली 'इन्', मुसली 'इन्' (૧૦–પુ૦)= બળદેવ.

હવે અર્જુનનાં નામ કહે છે—

१ २ ३ ४ ५

अर्जुनः फल्गुनो जिष्णुः, श्वेतवाजी कपिध्वजः ।

६ ७ ८ ९

गाण्डिवी कार्मुकी सव्य–साची मध्यमपाण्डवः ॥१४४॥

१० ११ १२ १३

वृषसेनः सुनिर्मोको, दैत्यारिः शक्रनन्दनः ।

१४ १५ १६ १७ +

कर्णशूली किरीटी च, शब्दभेदी धनञ्जयः ॥१४५॥

---

અર્જુન, ફલ્ગુન, જિષ્ણુ, શ્વેતવાજિન્, કપિધ્વજ, ગાંડિવિન્, કાર્મુકિન્, સવ્યસાચિન્, મધ્યમપાંડવ ॥૧૪૪॥ વૃષસેન, સુનિર્મોક, દૈત્યારિ, શક્રનંદન, કર્ણશૂલિન્, કિરીટિન્, શબ્દભેદિન્, ધનંજય (૧૭–પુ૦) આ અર્જુનનાં નામ છે. ॥૧૪૫॥

---

શ્લો૦ ૧૪૪, ૧૪૫– (૧) पार्थः, फाल्गुनः, राधावेधी 'इन्', नरः, बृहन्नटः (૫–પુ૦) = અર્જુન.

(૨) फल्गुन (પુ૦) ફાગણ માસ અર્થમાં પણ છે

जिष्णु (પુ૦) વિષ્ણુ અને ઇંદ્ર અર્થમાં પણ છે.

दैत्यारि (પુ૦) વિષ્ણુ અર્થમાં પણ છે

धनञ्जय (પુ૦) અગ્નિ અર્થમાં પણ છે.

**હવે ભીમ અને યમદેવનાં નામ કહે છે—**

૧ ૨ ૩ ૪

**कुरुकीचकयोः शत्रु–र्वायुपुत्रो वृकोदरः ।**

૧ ૨ ૩ ૪ ૫ ૬

**समवर्ती यमः कालः, कृतान्तो मृत्युरन्तकः ॥१४६॥**

૭ ૮ ૯ ૧૦

**धर्मराजः पितृपतिः, सूरसूनुः परेतराट् ।**

૧૧ ૧૨ ૧૩ ૧૪

**शमनो यमुनाभ्राता, श्राद्धदेवश्च दण्डभृत् ॥१४७॥**

---

(૧) કુરુશત્રુ, કીચકશત્રુ, વાયુપુત્ર, વૃકોદર (૪–૫૦) આ ભીમનાં નામ છે.

**(૨)** સમવર્તિન્, યમ, કાલ, કૃતાન્ત, મૃત્યુ, અન્તક ॥૧૪૬॥ ધર્મરાજ, પિતૃપતિ, સૂરસૂનુ, પરેતરાજ્, શમન, યમુનાભ્રાતૃ, શ્રાદ્ધદેવ, દંડભૃત્ (૧૪–૫૦) આ યમદેવનાં નામ છે. ॥૧૪૭॥

---

+ શ્લો૦ ૧૪૫ અર્જુનનાં નામોમાં જોડે જોડે મૂકાયેલા શબ્દભેદી ધનંજય એ બે શબ્દો ગૂઢાર્થસૂચક છે. શબ્દની દિશામાં બાણ ફેંકીને શત્રુને વીંધી નાખવા સમર્થ હતો તેથી અર્જુન શબ્દભેદી કહેવાતો, અને યુદ્ધમાં ઘણું ધન જીતી લાવતો હોવાથી ધનંજય પણ કહેવાતો. આ નામમાલાના રચયિતા કવિનું નામ ધનંજય છે, અને તે શબ્દોને ભેદીને તેનો યથાર્થ બોધ કરાવે છે, તેથી તે પણ શબ્દભેદી ધનંજય છે. આમ અહીં અર્જુનનાં નામનાં બહાનાથી કવિએ પોતાની પણ પ્રશસ્તિ કરી જણાય છે.

હવે યુધિષ્ઠિરનાં નામ બનાવવાની રીત અને તેનાં નામ કહે છે—

✿ ૧ ૨ ૩ ૪
**तदात्मजोऽजातरिपुः, कौन्तेयो भरतान्वयः ।**
५ ६ ७ ८
**कौरव्यो राजलक्ष्मा च, सोमवंश्यो युधिष्ठिरः ॥१४८॥**

---

યમદેવવાચક શબ્દોની પાછળ **आत्मज** શબ્દ જોડવાથી યુધિષ્ઠિરનાં નામ બને છે. જેમકે- **यमात्मजः, कालात्मजः** (૨-પુ૦) ઇત્યાદિ

તથા અજાતરિપુ, કૌન્તેય, ભરતાન્વય, કૌરવ્ય, રાજલક્ષ્મન્, સોમવંશ્ય, યુધિષ્ઠિર (૭-પુ૦) આ પણ યુધિષ્ઠિરનાં નામ છે. ॥૧૪૮॥

---

શ્લો૦ ૧૪૬, ૧૪૭- (૧) भीमः (પુ૦) = ભીમ. दण्डधरः, कीनाशः (૨-પુ૦) = યમદેવ.

(૨) वृकोदर (પુ૦) વિષ્ણુ અર્થમાં પણ છે.

✿ અહીં कुरुकीचकयोर्वैरी એવો પાઠાન્તર છે.

શ્લો૦ ૧૪૮- (૧) अजमीढः, कंकः (૨-પુ૦) = યુધિષ્ઠિર.

✿ અહીં धर्मात्मजो० એવો પાઠાન્તર છે. तदात्मजो० પાઠ વધુ સારો હોવાથી ભાષ્યના આધારે મૂકયો છે.

હવે સફેદ વર્ણનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६ ७
श्वेतार्जुनौ शुचिः श्येतो, वलक्षं सितपाण्डुरम् ।
८ ९ १० ११ १२ १३
शुक्लावदातं धवलं, पाण्डुः शुभ्रं शशिप्रभम् ॥१४९॥

---

શ્વેત, અર્જુન, શુચિ, શ્યેત, વલક્ષ, સિત, પાંડુર, શુક્લ, અવદાત, ધવલ, પાંડુ, શુભ્ર, શશિપ્રભ (૧૩–ગુણિલિંગે હોય ત્યારે ત્રિ૰ તે સિવાય પુ૰) આ સફેદ વર્ણનાં નામ છે. ॥૧૪૯॥

---

શ્લો૦ ૧૪૯– (૧) गौरः, हरिणः, विशदः (૩ – પુ૰) = સફેદ વર્ણ.

હવે કાળો, લાલ અને ગુલાબી વર્ણનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
कृष्णं नीलाऽसितं कालं, धूमं धूम्रमलिप्रभम् ।
१ २ ३ १ २
लोहितं रक्तमाताम्रं, पाटलं विशदारुणम् ॥१५०॥

---

(૧) કૃષ્ણ, નીલ, અસિત, કાલ, ધૂમ, ધૂમ્ર, અલિપ્રભ (૭–ગુણિલિંગે હોય ત્યારે ત્રિ૦ તે સિવાય પુ૦) આ કાળા વર્ણનાં નામ છે.

(૨) લોહિત, રક્ત, આતામ્ર, (૩–ગુણિલિંગે હોય ત્યારે ત્રિ૦ તે સિવાય પુ૦) આ લાલ વર્ણનાં નામ છે.

(૩) પાટલ, વિશદારુણ (૨–ગુણિલિંગે હોય ત્યારે ત્રિ૦ તે સિવાય પુ૦) આ ગુલાબી વર્ણનાં નામ છે. ॥૧૫૦॥

---

શ્લો૦ ૧૫૦– (૧) मेचकः, श्यामलः, शितिः (ગુણિલિંગે ત્રિ૦ તે સિવાય પુ૦) = કાળો વર્ણ.

હવે પીળા અને લીલા વર્ણનાં નામ, જુદા જુદા રંગવાળી સ્ત્રીઓનાં નામ અને પરાગનાં નામ કહે છે-

१ २ ३ १ २ ३
गौरं पीतं हरिद्राभं, पालाशं हरितं हरित् ।
१ २ ३ ४ ५ ६
हरिणी लोहिनी शोणी, गौरी श्येनी पिशङ्ग्यपि ॥१५१॥
७ ८ ९ १० ११
सारङ्गी शबली काली, कल्माषी नीलपिङ्गली ।
१ २ ३ ४ ५
परागं मधु किञ्जल्कं, मकरन्दं च कौसुमम् ॥१५२॥

---

(૧) ગૌર, પીત, હરિદ્રાભ (ગુણિલિંગે હોય ત્યારે ત્રિ૦ તે સિવાય પુ૦) આ પીળા વર્ણનાં નામ છે.

(૨) પાલાશ, હરિત, હરિત (ગુણિલિંગે હોય ત્યારે ત્રિ૦ તે સિવાય પુ૦) આ લીલા વર્ણના નામ છે.

(૩) હરિણી (સ્ત્રી૦) આ પીળા તથા લીલા વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

લોહિની, શોણી (૨–સ્ત્રી૦) આ લાલ વર્ણવાળી સ્ત્રીનાં નામ છે.

ગૌરી, શ્યેની (૨–સ્ત્રી૦) આ શ્વેત વર્ણવાળી સ્ત્રીનાં નામ છે.

પિશંગી (સ્ત્રી૦) આ પીળા વર્ણવાળી સ્ત્રીનું નામ છે. ॥૧૫૧॥

સારંગી (સ્ત્રી૦) આ ચિત્રવિચિત્ર વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

શબલી (સ્ત્રી૦) આ કાબરચિત્રા વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

કાલી (સ્ત્રી૦) આ કાળા વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

કલ્માષી (સ્ત્રી૦) આ પણ કાબરચિત્રા વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

નીલપિંગલી (સ્ત્રી૦) આ કાળાપીળા વર્ણવાળી સ્ત્રીનું નામ છે.

+ (૪) પરાગ (પુ૦), મધુ, કિંજલ્ક (૨-નપું૦), મકરન્દ (પુ૦નપું૦), કૌસુમ (નપું૦) આ પુષ્પની પરાગનાં નામ છે. ॥૧૫૨॥

---

+ पराग અને किञ्जल्क પુષ્પરજવાચક છે, मधु અને मकरन्द પુષ્પરસવાચક છે, અને कौसुम ઉભયવાચક છે.

હવે પરાગનાં નામ બનાવવાની રીત તથા કલંક, કીર્તિ, સાહસ અને આદેશનાં નામ કહે છે-

१ २ ३ ४
उपचाराद् रजः पांसु, रेणुं धूलीं च योजयेत् ।
१ २ ३ ४ ५ ६
कलङ्काऽवद्यमलिमं, किञ्जल्कं लक्ष्म लाञ्छनम् ॥१५३॥
७ ८ ९ १०
निर्वादमधमं पङ्कं, मलीमसमपि त्यजेत् ।
१ २ ३ ४
जनोदाहरणं कीर्तिं, साधुवादं यशो विदुः ॥१५४॥
५ ६ ७ १ २
वर्णं गुणावलिं ख्याति–मवदानं तु साहसम् ।
१ २ ३ ४ ५ ६
प्रेष्याऽऽदेशनिदेशाऽऽज्ञा–नियोगाः शासनं तथा ॥१५५॥

---

(૧) રજસ્ (નપું૦), પાંસુ (પુ૦), રેણુ (પુ૦સ્ત્રી૦), ધૂલી (સ્ત્રી૦) આ ધૂળનાં નામ છે.

(૨) ઉપચારથી પુષ્પવાચક શબ્દોની પાછળ ધૂળનાં નામ જોડવાથી પરાગનાં નામ બને છે. જેમકે–**पुष्परजः** 'स्' (નપું૦), **सुमनःपांसुः** (પુ૦), **पुष्परेणुः** (પુ૦સ્ત્રી૦), **प्रसूनधूली** (સ્ત્રી૦) ઇત્યાદિ.

(૩) કલંક, અવદ્ય (૨–પુ૦નપું૦), મલિન, કિંજલ્ક, લક્ષ્મન્, લાંછન (૪–નપું૦) ॥૧૫૩॥ નિર્વાદ, અધમ, પંક, મલીમસ (૪–પુ૦નપું૦) આ કલંકનાં નામ છે. કલંકનો ત્યાગ કરવો જોઈએ.

(૪) જનોદાહરણ (નપું૦), કીર્તિ (સ્ત્રી૦), સાધુવાદ (પુ૦), યશસ્ (નપું૦) ॥૧૫૪॥ વર્ણ (પુ૦), ગુણાવલિ, ખ્યાતિ (૨–સ્ત્રી૦) આ કીર્તિનાં નામ છે.

(૫) અવદાન, સાહસ (૨–નપું૦) આ પરાક્રમનાં નામ છે.

(૬) પ્રેષ્ય, આદેશ, નિદેશ (૩–પુ૦), આજ્ઞા (સ્ત્રી૦), નિયોગ (પુ૦), શાસન (નપું૦) આ આદેશ–ફરમાનનાં નામ છે. ॥૧૫૫॥

---

શ્લો૦ ૧૫૪, ૧૫૫–(૧) श्लोकः (પુ૦), अभिज्ञा, समाज्ञा, समाख्या (૩–સ્ત્રી૦) = કીર્તિ.

पौरुषम्, शौर्यं, शौण्डीर्यं (૩–નપું૦), विक्रमः, पराक्रमः (૨–પુ૦) = પરાક્રમ–સાહસ.

निर्देशः, अववादः (૨–પુ૦) = આદેશ.

**હવે સંદેશો, અફવા અને કઠોરનાં નામ કહે છે—**

**संदेशः[1] प्रिययोर्वार्ता, प्रवृत्तिः[1] किंवदन्त्यपि[1] ।**
**कठोरं[1] कठिनं[2] स्तब्धं[3], कर्कशं[4] परुषं[5] दृढम्[6] ॥१५६॥**

---

(૧) પરસ્પર પ્રીતિ ધરાવનારાઓના કથનને 'સંદેશ' (પુ૦) કહે છે.

(૨) જગતના વૃતાન્ત-સમાચારને 'પ્રવૃત્તિ' (સ્ત્રી૦) કહે છે.

(૩) લોકોની અફવાને 'કિંવદન્તી' (સ્ત્રી૦) કહે છે.

(૪) કઠોર, કઠિન, સ્તબ્ધ, કર્કશ, પરુષ, દઢ (૬-ત્રિ૦) આ કઠોરનાં નામ છે. ॥૧૫૬॥

---

શ્લો૦ ૧૫૬-(૧) निष्ठुरः, रूक्षः, खरः, जरठः (૪-ત્રિ૦) = કઠોર.

(૨) परुष (ત્રિ૦) નિર્દય, ખડખચડું, જુલ્મી, ચિત્રવિચિત્ર રંગનું વગેરે અર્થમાં પણ છે.

હવે મિથ્યા અથવા અવ્યક્ત શબ્દ, કોમળ, નવીન અને જુનાનાં નામ તથા આમંત્રણ અને સંશય અર્થવાળા અવ્યયો કહે છે—

१ २ ३ १ २ ३
अश्लीलं काहलं फल्गु, कोमलं मृदु पेशलम् ।
१ २ ३ ४ ५ ६
प्रत्यग्रं साम्प्रतं नव्यं, नवं नूतनमग्रिमम् ॥१५७॥
१ २ ३ ४ ५
पुराणं जरठं जीर्णं, प्राक्तनं सुचिरन्तनम् ।
१ २ ३ ४ १ २
भो रे हंहो हे चामन्त्रे, कश्चित् किञ्चन संशये ॥१५८॥

(૧) અશ્લીલ, કાહલ, ફલ્ગુ (૩–નપું૦) આ મિથ્યાવાક્ય અથવા અસ્પષ્ટ શબ્દનાં નામ છે.

(૨) કોમલ, મૃદુ, પેશલ (૩–ત્રિ૦) આ કોમળનાં નામ છે.

(૩) પ્રત્યગ્ર, સામ્પ્રત, નવ્ય, નવ, નૂતન, અગ્રિમ (૬–ત્રિ૦) આ નવીનનાં નામ છે. ॥૧૫૭॥

(૪) પુરાણ, જરઠ, જીર્ણ, પ્રાક્તન, સુચિરન્તન (૫–ત્રિ૦) આ જુનાનાં નામ છે.

(૫) ભોસ્, રે, હંહો, હે—આ સન્મુખ બોલાવવા માટે આમંત્રણ અર્થમાં વપરાતા અવ્યયો છે.

(૬) કશ્ચિત્, કિંચન—આ સંશય અર્થમાં વપરાતા અવ્યયો છે. ॥૧૫૮॥

શ્લો૦ ૧૫૭–(૧) मृदुलः, सुकुमारः (૨–ત્રિ૦) = કોમળ. सद्यस्कम्, नूत्नम्, अभिनवम् (૩–ત્રિ૦) = નવીન–નવું.

હવે જલ્દી અને નિષેધ અર્થવાળા અવ્યયો તથા ઉંચાનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૧ ૨ ૩ ૪
द्राक् क्षणेऽह्नाय सपदि, निषेधे मा न खल्वलम् ।
૧ ૨ ૩ ૪ ૫ ૬
उच्चैरुच्चावचं तुङ्ग-मुच्चमुन्नतमुच्छ्रितम् ॥१५९॥

---

(૧) દ્રાક્, ક્ષણે, અહ્નાય, સપદિ—આ જલ્દી અર્થવાળા અવ્યયો છે.

(૨) મા, ન, ખલુ, અલમ્—આ નિષેધ અર્થવાળા અવ્યયો છે.

(૩) ઉચ્ચૈસ્ (અ૦), ઉચ્ચાવચ, તુંગ, ઉચ્ચ, ઉન્નત, ઉચ્છ્રિત (૫-ત્રિ૦) આ ઉંચાનાં નામ છે. ॥૧૫૯॥

---

શ્લો૦ ૧૫૯-(૧) सत्वरम्, अरम्, शीघ्रम् (૩-અ૦) = જલ્દી.
किम् (અ૦) = નિષેધ.
प्रांशुः, उदग्रः, उद्धुरः (૩-ત્રિ૦) = ઉંચું.

હવે નીચું અને સાથે અર્થવાળા નામ અને અવ્યયો કહે છે—

૧ ૨ ૩ ૪ ૫ ૬
नीचं न्यग् आनतं कुब्जं, नीचैर्ह्रस्वं नयेत् परम् ।
१ २ ३ ४ ५ ६ ७ ८
अमा सह समं साकं, सार्धं सत्रा सजूः समाः ॥१६०॥

---

(૧) નીચ (ત્રિ૦), ન્યચ્ (અ૦), આનત, કુબ્જ (૨-ત્રિ૦), નીચૈસ્ (અ૦), હ્રસ્વ (ત્રિ૦) આ નીચું અર્થવાળા નામ છે. (આ રીતે બીજા પણ નીચા અર્થવાળા શબ્દો અન્યકોશથી જાણવા.)

(૨) અમા, સહ, સમમ્, સાકમ્, સાર્ધમ્, સત્રા, સજુષ્, સમા આ સાથે અર્થવાળા અવ્યયો છે. ॥૧૬૦॥

---

શ્લો૦ ૧૬૦-(૧) खर्वः, वामनः (૨-ત્રિ૦) = નીચું.

समा (સ્ત્રી૦બ૦૧૦) 'વર્ષ અર્થમાં' છે. 'સાથે' અર્થમાં કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી.

હવે નિત્ય અર્થવાળા શબ્દો અને શિંગડાવાળા પશુનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६
सर्वदा सततं नित्यं, शश्वद् आत्यन्तिकं सदा ।
१ २ ३ ४ ५
शृङ्गी दतिहरिर्नाथ-हरिस्तिर्यङ् च शृङ्गिणः ॥१६१॥

(૧) સર્વદા (અ૦), સતત (ન૦અ૦), નિત્ય (નપું૦), શશ્વત્ (અ૦), આત્યન્તિક (નપું૦), સદા (અ૦) આ નિત્ય અર્થવાળા શબ્દો છે.

(૨) શૃંગિન્, દતિહરિ, નાથહરિ, તિર્યંચ્, શૃંગિણ્ (૫-પુ૦) આ શિંગડાવાળા પશુનાં નામ છે. ॥૧૬૧॥

શ્લો૦ ૧૬૧-(૧) अजस्रम्, अनारतम्, अविरतम्, अनिशम्, सन्ततम् (૫-નપું૦અ૦) = નિત્ય.

**હવે પશુ, ભેંસ અને વિરહનાં નામ કહે છે—**

१ २ ३ १ + २

**गौश्चतुष्पात् पशुस्तत्र, महिषी नाम देहिका ।**

१ २ ३ ४

**वियोगं मदनावस्थां, विरहं ✽फुल्लकं विदुः ॥१६२॥**

---

(૧) ગો, ચતુષ્પાદ્, પશુ (૩–પુ૦) આ પશુનાં નામ છે.

(૨) મહિષી, દેહિકા (૨–સ્ત્રી૦) આ ભેંસનાં નામ છે.

(૩) વિયોગ (પુ૦), મદનાવસ્થા (સ્ત્રી૦), વિરહ (પુ૦), ફુલ્લક આ સ્ત્રી–પુરુષના વિરહનાં નામ છે. ॥૧૬૨॥

---

+ શ્લો૦ ૧૬૨–देहिका શબ્દનું 'ભેંસ અર્થમાં' કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી.

✽ फुल्लकं ના સ્થાને पल्लकं એવો પાઠાન્તર છે, પણ બન્ને શબ્દો માટે ઉપરોક્ત અર્થમાં કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી. फुल्लक (નપું૦) કૌતુકવાચક છે.

હવે સહિત-યુક્ત અર્થવાળા નામ તથા સ્નેહ અને માર્ગનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६
संहितं सहितं युक्तं, संपृक्तं संभृतं युतम् ।
७ ८ ९ १०
संस्कृतं समवेतं च, प्राहुरन्वीतमन्वितम् ॥१६३॥
१ २ ३ ४ ५
प्रेमाभिलाषमालम्बं, रागं स्नेहमतः परम् ।
१ २ ३ ४ ५ ६ ७
वर्त्माऽध्वा सरणिः पन्थाः, मार्गः प्रचरसञ्चरौ ॥१६४॥

---

(૧) સંહિત, સહિત, યુક્ત, સંપૃક્ત, સંભૃત, યુત, સંસ્કૃત, સમવેત, અન્વીત, અન્વિત (૧૦–ત્રિ૦) આ સહિત–યુક્તનાં નામ છે. ॥૧૬૩॥

(૨) પ્રેમન્ (પુ૦નપું૦), અભિલાષ, આલમ્બ, રાગ (૩–પુ૦), સ્નેહ (પુ૦નપું૦) આ સ્નેહનાં નામ છે.

(૩) વર્મન્ (નપું૦), અધ્વન્, સરણિ, પથિન્, માર્ગ, પ્રચર, સંચર (૬–પુ૦) આ માર્ગનાં નામ છે. ॥૧૬૪॥

---

શ્લો૦ ૧૬૪–(૧) प्रीतिः (સ્ત્રી૦), हार्दम् (નપું૦) = સ્નેહ. निगमः (પુ૦), पदवी, पद्या, पद्धतिः, वर्तनी (૪–સ્ત્રી૦) = માર્ગ.

હવે ગંગા નદીનાં નામ બનાવવાની રીત તથા ગાયનો વાડો અને વાછરડાનાં નામ કહે છે—

१     १    २    ३

त्रिमार्गनामगा गङ्गा, घोषो गोमण्डलं व्रजः ।

१    २    ३    १    २

वत्सः शकृत्करिर्जातः, षोडन् षड्दशनः स्मृतः ॥१६५॥

---

(૧) માર્ગવાચક શબ્દોની પૂર્વે त्रि અને પાછળ गा જોડવાથી ગંગાનદીનાં નામ બને છે. જેમકે-त्रिमार्गगा, त्र्यध्वगा, त्रिवर्त्मगा (૩-સ્ત્રી૦) ઇત્યાદિ.

(૨) ઘોષ (પુ૦), ગોમંડલ (નપું૦), વ્રજ (પુ૦) આ ગાયના વાડાનાં નામ છે.

(૩) વત્સ, શકૃત્કરિ, જાત (૩-પુ૦) આ વાછરડાનાં નામ છે.

(૪) ષોડત્, ષડ્દશન (૨-પુ૦) આ છ દાંતવાળા વાછરડાનાં નામ છે. ॥૧૬૫॥

---

શ્લો૦ ૧૬૫-ઘોષ (પુ૦) 'ભરવાડનો નેસ' અર્થમાં પણ છે.

હવે ચતુર, ધૂર્ત અને 'નામ' અર્થવાળા નામ કહે છે—

१ २ ३ ४ ५ ६
कृती नदीष्णो निष्णातः, कुशली निपुणः पटुः ।
७ ८ ९ १० ११
क्षुण्णः प्रवीणः प्रगल्भः, कोविदश्च विशारदः ॥१६६॥
१२ १३ १ २ ३ ४
विदग्धश्चतुरो धूर्त—श्चाटुकृत् कितवः शठः ।
५ १ २ ३ ४
क्वापि नागरिको ज्ञेयो, गोत्रं संज्ञाङ्कनाम तत् ॥१६७॥

---

(૧) કૃતિન્, નદીષ્ણ, નિષ્ણાત, કુશલિન્, નિપુણ, પટુ, ક્ષુણ્ણ, પ્રવીણ, પ્રગલ્ભ, કોવિદ, વિશારદ ॥૧૬૬॥ વિદગ્ધ, ચતુર (૧૩–પુ૦) આ ચતુરનાં નામ છે.

(૨) ધૂર્ત, ચાટુકૃત્, કિતવ, શઠ (૪–પુ૦) આ ધૂર્તનાં નામ છે. નાગરિક (પુ૦) શબ્દને પણ ધૂર્તનો પર્યાય કોઇક ઠેકાણે જાણવો.

(૩) ગોત્ર (નપું૦), સંજ્ઞા (સ્ત્રી૦), અંક (પુ૦નપું૦), નામન્ (નપું૦) આ નામવાચક શબ્દો છે. ॥૧૬૭॥

હવે મૂર્ખનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
मुग्धो मूढो जडोऽनेडो, मूको मूर्खश्च कद्वदः ।
८ ९ १० ११
स देवानांप्रियोऽप्राज्ञो, मन्दो धीनामवर्जितः ॥१६८॥

---

મુગ્ધ, મૂઢ, જડ, અનેડ, મૂક, મૂર્ખ, કદ્વદ, દેવાનાંપ્રિય, અપ્રાજ્ઞ, મન્દ (૧૦–પુ૦) આ મૂર્ખનાં નામ છે.

તથા બુદ્ધિવાચક શબ્દોની પાછળ **वर्जित** શબ્દ જોડવાથી પણ મૂર્ખનાં નામ બને છે. જેમકે-**धीवर्जितः, बुद्धिवर्जितः, प्रज्ञावर्जितः, मतिवर्जितः** (૪–પુ૦) ઇત્યાદિ. ॥૧૬૮॥

---

શ્લો૦ ૧૬૬, ૧૬૭–(૧) उष्णः, उष्णकः, दक्षः, पेशलः, सूत्थानः (૫–પુ૦) = ચતુર.

वञ्चकः, व्यंसकः, मायी 'इन्', मायावी 'इन्', मायिकः, जालिकः (૬–પુ૦) = ધૂર્ત.

(૨) गोत्र (પુ૦) પર્વત અર્થમાં અને गोत्र (નપું૦) જંગલ, ખેતર, માર્ગ, છત્ર, વંશ, શરીર, સંઘ, ચંદ્ર વગેરે અર્થમાં પણ છે.

શ્લો૦ ૧૬૮–(૧) वालिशः, यथाजातः, मातृमुखः, मातृशासितः, जाल्मः (૫–પુ૦) = મૂર્ખ.

(૨) देवानांप्रिय (પુ૦) બકરા અર્થમાં પણ છે.

હવે ગવિંષ્ઠ અને અધમનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫ ૬

शौण्डीरो गर्वितः स्तब्धो, मानी ❀चाहंयुरुद्धतः ।

૭ ૮ ૯ ૧ ૨ ૩

उद्‌ग्रीव उद्धुरो दृप्तो, नीचश्च पिशुनोऽधमः ॥१६९॥

---

(૧) શૌંડીર, ગર્વિત, સ્તબ્ધ, માનિન્, અહંયુ, ઉદ્ધત, ઉદ્‌ગ્રીવ, ઉદ્ધુર, દૃપ્ત (૯–પુ૦) આ ગર્વિષ્ઠનાં નામ છે.

(૨) નીચ, પિશુન, અધમ (૩–પુ૦) આ અધમનાં નામ છે. ॥૧૬૯॥

---

શ્લો૦ ૧૬૯–(૧) अहंकृतः, अहंकारी ' इन् ', अभिमानी ' इन् ' (૩–પુ૦) = ગર્વિષ્ઠ.

❀ चाहंकृदुद्धतः ના સ્થાને चाहंयुरुद्धतः એ પાઠ સુસંગત હોવાથી ભાષ્યના આધારે મૂક્યો છે.

હવે ચોરનાં નામ કહે છે—

१ २ ३ ४ ५

चौरैकागारिकस्तेना-स्तस्करः प्रतिरोधकः ।

६ ७ ८ ९

निशाचरो गूढचरो, हारकः पारिपन्थिकः ॥१७०॥

---

ચૌર, ઐકાગારિક, સ્તેન, તસ્કર, પ્રતિરોધક, નિશાચર, ગૂઢચર, હારક, પારિપન્થિક (૯-પુ૦) આ ચોરનાં નામ છે. ॥૧૭૦॥

---

શ્લો૦ ૧૭૦-(૧) चोरः, दस्युः, पाटच्चरः, मलिम्लुचः, पश्यतोहरः (૫-પુ૦) = ચોર.

(૨) निशाचर (પુ૦) રાક્ષસ, ઘુવડ, શિયાળ, સર્પ, ચક્રવાક પક્ષી વગેરે અર્થમાં પણ છે.

## હવે ચોખા અને પથ્થરનાં નામ કહે છે—

१ २ ३ ४ ५

षष्टिकः कलमः शालि–र्व्रीहिः स्तम्बकरिस्तथा ।

१ २ ३ ४+५ ६ ७

प्रस्तरोपलपाषाण–दृषद्धातुशिलाघनाः ॥१७१॥

(૧) ષષ્ટિક, કલમ, શાલિ, વ્રીહિ, સ્તમ્બકરિ (૫–પુ૦) આ ચોખાનાં નામ છે.

(૨) પ્રસ્તર (પુ૦), ઉપલ (પુ૦નપું૦), પાષાણ, (પુ૦), દૃષદ્ (સ્ત્રી૦), ધાતુ (પુ૦), શિલા (સ્ત્રી૦), ઘન (પુ૦) આ પથ્થરનાં નામ છે. ॥૧૭૧॥

શ્લો૦ ૧૭૧-(૧) अश्मा 'अन्', ग्रावा 'अन्' (૨–પુ૦)=પત્થર.

+ ધાતુ (પુ૦) સોનું, રૂપું વગેરે ધાતુ, શરીરની અંદર રહેલી ધાતુ તથા ગેરુ વગેરે અર્થમાં છે. પાષાણ અર્થમાં કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી.

**હવે લોખંડ અને સોનાનાં નામ બનાવવાની રીત તથા 'બહુ' અર્થવાળા શબ્દો કહે છે—**

१ २ ३ १
**तत्र जातमयो लोहं, शातकुम्भं नयेत् परम् ।**
१ २ ३ ४ ५ ६
**साधीयोऽत्यर्थमत्यन्तं, नितान्तं सुष्ठु वै भृशम् ॥१७२॥**

---

(૧) પાષાણવાચક શબ્દોની પાછળ **जात** શબ્દ જોડવાથી લોખંડનાં નામ બને છે. જેમકે-**प्रस्तरजातम्**, **पाषाणजातम्**, **उपलजातम्** (૩–નપું૦) ઇત્યાદિ.

તથા અયસ્ (નપું૦), લોહ (પુ૦નપું૦) આ પણ લોખંડનાં નામ છે.

(૨) તેવી જ રીતે પાષાણવાચક શબ્દોની પાછળ **जात** શબ્દ જોડવાથી સુવર્ણનાં નામ પણ બને છે. દૃષ્ટાંત ઉપર મુજબ.

(૩) સાધીયસ્, અત્યર્થ, અત્યન્ત, નિતાન્ત, સુષ્ઠુ, ભૃશ (૬–નપું૦) આ 'બહુ' અર્થવાળા શબ્દો છે.

(આ શબ્દો ક્રિયા વિશેષણ હોય ત્યારે નપુંસકલિંગમાં વપરાય છે, પણ જ્યારે દ્રવ્યવાચક હોય ત્યારે ત્રિલિંગ સમજવા). ॥૧૭૨॥

હવે 'સ્પષ્ટ' અને 'આશ્ચર્ય' અર્થવાળા નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
स्फुटं साधु खलु स्पष्टं, विशदं पुष्कलामलम् ।
१ २ ३ ४ ५ ६ ७
चित्राश्चर्याद्भुतं (चोद्यं) नोद्यं, विस्मयः कौतुकोऽप्यहो ॥१७३॥

(૧) સ્ફુટ (ત્રિ૦અ૦), સાધુ (ત્રિ૦), ખલુ (અ૦), સ્પષ્ટ (ત્રિ૦અ૦), વિશદ, પુષ્કલ, અમલ (૩-ત્રિ૦) આ 'સ્પષ્ટ' અર્થવાળા નામ છે.

(૨) ચિત્ર, આશ્ચર્ય, અદ્ભુત, (ચોદ્ય) નોદ્ય (૪-નપું૦), વિસ્મય (પું૦), કૌતુક (નપું૦), અહો (અ૦) આ 'આશ્ચર્ય' અર્થવાળા નામ છે. ॥૧૭૩॥

શ્લો૦ ૧૭૩-(૧) प्रकटम्, प्रकाशम् (૨-ત્રિ૦અ૦), व्यक्तम् (નપું૦અ૦) = સ્પષ્ટ.

खलु શબ્દ નાનાર્થક છે. નિષેધ, વાક્યાલંકાર, જિજ્ઞાસા અને અનુનયમાં વપરાય છે.

कौतुक શબ્દનો અન્યકોશોમાં પ્રાયઃ નપુંસકલિંગમાં ઉલ્લેખ છે.

હવે દુર્બળ-અશક્ત અને પરાક્રમનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६ ७
क्षामं क्षान्तं कृशं क्षीणं, हीनं जीर्णं पुरातनम् ।
८ ९ १० १ २ ३
शीर्णावसानं न्यूनं च, धैर्यं शौर्यं च पौरुषम् ॥१७४॥

(૧) ક્ષામ, ક્ષાન્ત, કૃશ, ક્ષીણ, હીન, જીર્ણ, પુરાતન, શીર્ણ, અવસાન, ન્યૂન (૧૦-ત્રિ૦) આ દુર્બળનાં નામ છે.

+ (૨) ધૈર્ય, શૌર્ય, પૌરુષ (૩-નપું૦) આ પરાક્રમનાં નામ છે. ॥૧૭૪॥

શ્લો૦ ૧૭૪-(૧) विक्रमः, पराक्रमः (૨-પુ૦), शौण्डीर्यम् (નપું૦) = પરાક્રમ.

(૨) पौरुष (નપું૦) વીર્ય, પુરુષપણું, પુરુષનું કામ, મરદાઈ, બલ, ઉદ્યમ વગેરે અર્થમાં પણ છે.

+ આ ત્રણ શબ્દો પરસ્પર કર્મભેદથી પર્યાયવાચક-એકાર્થક બની શકતા નથી, પણ બળ સામાન્યની વિવક્ષાથી એકાર્થક બની શકે છે.

હવે 'જલ્દી' અર્થવાળા શબ્દો કહે છે—

१ २ ३ ४ ५ ६ ७ ८
क्षिप्राऽऽशुमङ्क्ष्वरं शीघ्रं, सहसा झटिति द्रुतम् ।
९ १०, ११ १२ १३ १४ १५ १६
तूर्णं जवः स्यदो रंहो, रयो वेगस्तरो लघु ॥१७५॥

+ ક્ષિપ્ર (નપું૦અ૦), આશુ, મંક્ષુ, અરમ્ (૩–અ૦), શીઘ્ર (નપું૦અ૦), સહસા, ઝટિતિ (૨–અ૦), દ્રુત, તૂર્ણ (૨–નપું૦અ૦), જવ, સ્યદ (૨–પુ૦), રંહસ્ (નપું૦), રય, વેગ (૨–પુ૦), તરસ્, લઘુ (૨–નપું૦) આ 'જલ્દી' અર્થવાળા શબ્દો છે. ॥૧૭૫॥

શ્લો૦ ૧૭૫–(૧) अञ्जसा, सत्वरम् (૨–અ૦) = જલ્દી.

અહીં લઘુઃ પાઠ હતો, તે અશુદ્ધ લાગવાથી વિસર્ગ કાઢી નાખ્યો છે.

+ क्षिप्र થી तूर्ण સુધીના નવ શબ્દો શીઘ્રવાચક છે, અને जव થી लघु સુધીના સાત શબ્દો વેગવાચક છે. આ અન્તર્ગત ભેદ ધ્યાનમા રાખવો.

હવે પાશથી બાંધેલા શત્રુનાં નામ કહે છે—

१ २ ३ ४ ५
पाशनीतः सितो बद्धः, संधानीतो नियन्त्रितः ।
६ ७ ८ ९
नियमितः शृङ्खलितः, पिनद्धः पाशितो रिपुः ॥१७६॥

---

પાશનીત, સિત, બદ્ધ, સંધાનીત, નિયન્ત્રિત, નિયમિત, શૃંખલિત, પિનદ્ધ, પાશિત (૯–પુ૦) આ પાશથી બાંધેલા શત્રુનાં નામ છે. ॥૧૭૬॥

---

શ્લો૦ ૧૭૬–અહીં पाशनीतः ના સ્થાને प्राध्वंकृतः અને सन्धानीतो ના સ્થાને संधां नीतो એવા પાઠાન્તર છે. ઉપરોક્ત બન્ને પાઠ સુસંગત હોવાથી ભાષ્યના આધારે મૂક્યા છે.

હવે સુંદરનાં નામ કહે છે—

१ २ ३ ४ ५
कान्तं कमनं कम्रं च, कमनीयं मनोहरम् ।
६ ७ ८ ९ १०
अभिरामं रमणीयं, रम्यं सौम्यं च सुन्दरम् ॥१७७॥
११ १२ १३ १४ १५ १६
चारु श्लक्ष्णं च रुचिरं, प्रशस्तं हृद्यबन्धुरम् ।
१७ १८ १९
दर्शनीयं मनोज्ञं च, चित्तपर्यायहारि च ॥१७८॥

---

કાન્ત, કમન, કમ્ર, કમનીય, મનોહર, અભિરામ, રમણીય, રમ્ય, સૌમ્ય, સુંદર ॥૧૭૭॥ ચારુ, શ્લક્ષ્ણ, રુચિર, પ્રશસ્ત, હૃદ્ય, બન્ધુર, દર્શનીય, મનોજ્ઞ (૧૮–ત્રિ૦) આ સુંદર (વસ્તુ)નાં નામ છે.

તથા ચિત્તવાચક શબ્દોની પાછળ हारिन् શબ્દ જોડવાથી સુંદરનાં નામ બને છે. જેમકે–चित्तहारि 'इन्', मनोहारि 'इन्' (૨–ત્રિ૦) ઇત્યાદિ. ॥૧૭૮॥

---

શ્લો૦ ૧૭૭, ૧૭૮-(૧) हारि 'इन्', वल्गु, वामम्, रुच्यम्, शोभनम्, सुषमम्, मञ्जु, मञ्जुलम्, मनोरमम्, साधु, पेशलम्, काम्यम्, मधुरम्, प्रियम् (૧૪–ત્રિ૦) = સુંદર.

(૨) श्लक्ष्ण (ત્રિ૦) થોડું, ચીકણું, બારીક વગેરે અર્થમાં પણ છે.

હવે હિમ-ઝાકળ (બરફ)નાં નામ અને ચંદ્રનાં નામ બનાવવાની રીત કહે છે—

१ २ ३ ४ ५
अवश्यायं तुषारं च, प्रालेयं तुहिनं हिमम् ।
६ १ २ ३
नीहारं तत्करं विद्धि, मृगाङ्कं रोहिणीपतिम् ॥१७९॥

(૧) અવશ્યાય (પુ૦), તુષાર (પુ૦નપું૦), પ્રાલેય, તુહિન (૨–નપું૦), હિમ, નીહાર (૨–પુ૦નપું૦) આ હિમ-ઝાકળ અથવા બરફનાં નામ છે.

(૨) હિમવાચક શબ્દોની પાછળ **कर** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમકે–**अवश्यायकरः, तुषारकरः, प्रालेयकरः** (૩–પુ૦) ઇત્યાદિ.

તથા મૃગાંક, રોહિણીપતિ (૨–પુ૦) આ પણ ચંદ્રનાં નામ છે. ॥૧૭૯॥

શ્લો૦ ૧૭૯–(૧) मिहिका, धूमिका (૨–સ્ત્રી૦) = હિમ-ઝાકળ

હવે ગુપ્તચરનાં નામ, ઈન્દ્રનાં નામ બનાવવાની રીત અને સત્યનાં નામ કહે છે—

१ २ ३ ४ ५
चारोऽवसर्पः प्रणिधि–र्निगूढपुरुषश्चरः ।
१ २ १ २
तद्वानुक्तः सहस्राक्षः, सत्यार्थे सूनृतं ऋतम् ॥१८०॥

---

(૧) ચાર, અવસર્પ, પ્રણિધિ, નિગૂઢપુરુષ, ચર (૫–પુ૦) આ ગુપ્તચરનાં નામ છે.

(૨) ગુપ્તચરવાચક શબ્દોની પાછળ मतुप् (वत्) પ્રત્યય જોડવાથી ઈન્દ્રનાં નામ બને છે. જેમકે-चारवान्, अवसर्पवान् 'वत्' (૨–પુ૦) ઇત્યાદિ. તથા સહસ્રાક્ષ (પુ૦) આ પણ ઇન્દ્રનું નામ છે.

(૩) સૂનૃત, ઋત (૨–નપું૦) આ સત્યનાં નામ છે. ॥૧૮૦॥

---

શ્લો૦ ૧૮૦–(૧) मन्त्रज्ञः, मन्त्रवित्, स्पशः, गुप्तचरः (૪-પુ૦) = ગુપ્તચર-બાતમીદાર.

तथ्यम्, यथातथम्, यथास्थितम्, सम्यक् 'च', समीचीनम् (૫-નપું૦) = સત્ય.

હવે જુદા જુદા અર્થવાળા અવ્યયો કહે છે—

१ १ १ १ १

अत्यन्ताय चिरायेति, प्राह्णेऽकस्माद् बलादिति ।

१ १

प्रायेणेति कृतिश्चेति, विभक्तिप्रतिरूपकम् ॥१८१॥

---

(૧) અત્યન્તાય (અ૦) 'બહુ'વાચક છે.

(૨) ચિરાય (અ૦) 'બહુકાળ'વાચક છે.

(૩) પ્રાહ્ણે (અ૦) 'દિવસનો પ્રથમ પહોર'વાચક છે.

(૪) અકસ્માત્ (અ૦) 'અચાનક'વાચક છે

(૫) બલાત્ (અ૦) 'જબરજસ્તી'વાચક છે.

(૬) પ્રાયેણ (અ૦) 'અનિશ્ચય' અથવા 'અધિકતા' વાચક છે.

(૭) કૃતિસ્ (અ૦) 'ક્રિયા' અથવા 'કાર્ય'વાચક છે.

આ બધા વિભક્ત્યંત સદશ અવ્યયો છે, તેથી વિભક્તિ-પ્રતિરૂપક અવ્યય કહેવાય છે. ॥૧૮૧॥

હવે ઉદ્યમ અને કેળનાં નામ કહે છે—

१ २ ३ ४ ५

अभियोगोद्यमोद्योगा, उत्साहो विक्रमो मतः ।

१ २ ३

रम्भा स्त्री कदली चिह्नं, मोचा सारतरुश्च सा ॥१८२॥

---

(૧) અભિયોગ (પુ૦), ઉદ્યમ (પુ૦નપું૦), ઉદ્યોગ, ઉત્સાહ, બિક્રમ (૩–પુ૦) આ ઉદ્યમનાં નામ છે.

(૨) રંભા (સ્ત્રી૦)–કેળ અને સ્ત્રી અર્થાત્ તે નામની એક અપ્સરાવાચક છે.

(૩) કદલી (સ્ત્રી૦)–કેળ અને ચિહ્ન અર્થાત્ ધ્વજવાચક છે.

(૪) મોચા (સ્ત્રી૦)–કેળ અને સારતરુ અર્થાત્ શીમળાનું ઝાડવાચક છે. ॥૧૮૨॥

હવે કૃપણ અને એકાંતનાં નામ કહે છે—

१　　२　　३　　४ + ५　　६
कीनाशः कृपणो लुब्धो, गृध्नुर्दीनोऽभिलाषुकः ।
१　　२　　३　　४
रहोऽनुरहसोपांशु, रहस्यं च भिनत्ति कः? ॥१८३॥

---

(૧) કીનાશ, કૃપણ, લુબ્ધ, ગૃધ્નુ, દીન, અભિલાષુક (૬–પુ૦) આ કૃપણ–કંજુસ પુરુષનાં નામ છે.

(૨) રહસ્ (નપું૦અ૦), અનુરહસ (ત્રિ૦), ઉપાંશુ (અ૦), રહસ્ય (નપું૦) આ એકાંત અથવા ખાનગીનાં નામ છે.

બીજાની ગુપ્ત વાતને કોણ પ્રગટ કરે? અર્થાત્ સજ્જનોએ બીજાની ગુપ્ત વાતને પ્રગટ નહિ કરવી જોઇએ. ॥૧૮૩॥

---

શ્લો૦ ૧૮૩–(૧) कदर्यः, क्षुद्रः, तद्धनः, दृढमुष्टिः, बद्धमुष्टिः, मितंपचः (૬–પુ૦) = કૃપણ પુરુષ.

(૨) कीनाश (પુ૦) યમ, વાનર, ગરીબ માણસ, કસાઈ, ખાટકી, ખેડુત, નીચ વગેરે અર્થમાં પણ છે.

+ અહીં गृध्नो दीनो પાઠ હતો. તેના સ્થાને गृध्नुर्दीनो એ શુદ્ધ પાઠ ભાષ્યના આધારે મૂક્યો છે.

હવે વાંસ, તાલ વગેરેનાં નામ કહે છે—

कीचको[1] ध्वनिमद्वेणु–स्तालो[1] गेयक्रमोद्भवः ।
पुष्करं[1] मुरजं पद्मं, हस्तिहस्ताग्रनामकम् ॥१८४॥

•

(૧) વાયુ ભરાવાથી અવાજ કરતા પોલા વાંસને 'કીચક' (પુ૦) કહે છે.

(૨) રાગરાગણીના ક્રમિક ઉચ્ચારને 'તાલ' (પુ૦) કહે છે.

(૩) મૃદંગને, કમલને અને હાથીની સૂંઢના અગ્રભાગને 'પુષ્કર' (નપું૦) કહે છે. ॥૧૮૪॥

શ્લો૦ ૧૮૪–(૧) वंशः, वेणुः, त्वचिसारः, तृणध्वजः, मस्करः, शतपर्वा 'अन्' (૬–પુ૦) = વાંસ.

(૨) पुष्कर (નપું૦) પાણી, આકાશ, કમળ, તરવારનું મ્યાન, ભાગ, અંશ વગેરે અર્થમાં પણ છે.

હવે ગોળ, વિષમ અને વિશાળ અર્થવાળા નામ કહે છે—

१ २ ३ १ २
निस्तलं वर्तुलं वृत्तं, स्थपुटं विषमोन्नतम् ।
१ २ ३ ४ ५ ६
दीर्घं प्रांशु विशालं च, बहुलं पृथुलं पृथु ॥१८५॥

---

(૧) નિસ્તલ, વર્તુલ, વૃત્ત (૩–ત્રિ૦) આ ગોળ (વસ્તુ)નાં નામ છે.

(૨) સ્થપુટ, વિષમોન્નત (૨–ત્રિ૦) આ ઉંચા-નીચા વિષમ સ્થળનાં નામ છે.

(૩) દીર્ઘ (ત્રિ૦), પ્રાંશુ (અ૦), વિશાલ, બહુલ, પૃથુલ, પૃથુ (૪–ત્રિ૦) આ 'વિશાળ' અર્થવાળા નામ છે. ॥૧૮૫॥

---

શ્લો૦ ૧૮૫–(૧) परिमण्डलम् (ત્રિ૦) = ગોળ.

उच्चावचम् (અ૦) = વિષમ.

(૨) प्रांशु (અ૦) મુખ્યત્વે 'ઉન્નત' અર્થમાં છે. 'વિશાળ અર્થમાં' કોશાન્તર પ્રમાણ પ્રાયઃ નથી.

હવે તીક્ષ્ણ-ભયંકર અને ધીમી ગતિએ કામ કરનારનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६ ७
उल्बणं दारुणं तिग्मं, घोरं तीव्रोग्रमुत्कटम् ।
† १ + २ ३ ४ ५
शीतकं तिमिरं याप्यं, मन्दं विद्धि विलम्बितम् ॥१८६॥

---

(૧) ઉલ્બણ, દારુણ, તિગ્મ, ઘોર, તીવ્ર, ઉગ્ર, ઉત્કટ (૭-ત્રિ૦) આ તીક્ષ્ણ-ભયંકરનાં નામ છે.

(૨) શીતક, તિમિર, યાપ્ય, મંદ, વિલમ્બિત (૫-ત્રિ૦) આ ધીમી ગતિએ કામ કરનાર (આળસુ)નાં નામ છે. ॥૧૮૬॥

---

શ્લો૦ ૧૮૬-(૧) अलसः, तुन्दपरिमृजः (૨-ત્રિ૦) = આળસુ.

† અહીં शीतलं એવો પાઠાંતર છે.

+ तिम्यति आर्द्रीभवति तिमिरः । विलम्बशीलो जनः सर्वदा आर्द्र इव शीतः स्फूर्तिरहितश्च भवति । આ રીતે तिमिर શબ્દ ઉપરોક્ત અર્થમાં વ્યુત્પત્તિ સાધ્ય છે.

હવે મૈત્રીનાં નામ કહે છે—

१ २ ३ ४ ५ ६
सौहार्दं सौहृदं हार्दं, सौहृद्यं सख्यसौरभम् ।
७ ८ ९ १० ११
मैत्री मैत्रेयिकाऽजर्यं, साहाय्यं सङ्गतं मतम् ॥१८७॥

---

સૌહાર્દ, સૌહૃદ, હાર્દ, સૌહૃદ્ય, સખ્ય, સૌરભ (૬–નપું૦), મૈત્રી, મૈત્રેયિકા (૨–સ્ત્રી૦), અજર્ય, સાહાય્ય, સંગત (૩–નપું૦) આ મૈત્રી–દોસ્તીનાં નામ છે. ॥૧૮૭॥

---

શ્લો૦ ૧૮૭-(૧) साप्तपदीनम् (નપું૦) = મૈત્રી.

અહીં हृद्यं ના સ્થાને हार्दं એ શુદ્ધ પાઠ ભાષ્યના આધારે મૂક્યો છે.

**હવે સ્વભાવ, અભ્યાસ અને 'વારંવાર' અર્થવાળા નામ કહે છે—**

१ २ ३ ४ ५ ६

**स्वभावः प्रकृतिः शीलं, निसर्गो विस्रसा निजः ।**

१ २ ३ १ २

**●योग्या गुणनिकाऽभ्यासः, स्यादभीक्ष्णं मुहुर्मुहुः ॥१८८॥**

---

(૧) સ્વભાવ (પુ૦), પ્રકૃતિ (સ્ત્રી૦), શીલ (નપું૦), નિસર્ગ (પુ૦), વિસ્રસા (સ્ત્રી૦), નિજ (પુ૦) આ સ્વભાવ-સ્વરૂપનાં નામ છે.

(૨) યોગ્યા, ગુણનિકા (૨-સ્ત્રી૦), અભ્યાસ (પુ૦) આ અભ્યાસ (પરાવર્તન)નાં નામ છે.

(૩) અભીક્ષ્ણમ્, મુહુર્મુહુસ્-આ 'વારંવાર' અર્થવાળા અવ્યય છે. ॥૧૮૮॥

---

શ્લો૦ ૧૮૮-(૧) धर्मः, सर्गः (૨-પુ૦), स्वरूपम्, स्वलक्षणम् (૨-નપું૦), आत्मा 'अन्' (પુ૦) = સ્વભાવ-સ્વરૂપ.

आवृत्तिः (સ્ત્રી૦), आवर्तनम्, परावर्तनम् (૨-નપું૦) = અભ્યાસ. पुनःपुनर्, बारंवारम्, पौनःपुन्यम्, अनेकशः (૪-અ૦) = વારંવાર.

(૨) विस्रसा (સ્ત્રી૦) વૃદ્ધાવસ્થા અર્થમાં પણ છે.

● અહીં योग्यो પાઠ હતો. તેના સ્થાને योग्या એવો શુદ્ધપાઠ ભાષ્યના આધારે મૂકયો છે.

હવે અસત્ય, નિષ્ફળ અને દુઃખનાં નામ કહે છે—

१ २ १ २ ३ ४ ५
मृषाऽलीकं मुधा मोघं, वितथं विफलं वृथा ।
१ २ ३ ४ ५
विधुरं व्यसनं कष्टं, कृच्छ्रं गहनमुद्धरेत् ॥१८९॥

---

(૧) મૃષા (અ૦), અલીક (નપું૦) આ અસત્યનાં નામ છે.

(૨) મુધા (સ્ત્રી૦અ૦), મોઘ (ત્રિ૦), વિતથ (નપું૦), વિફલ (ત્રિ૦) વૃથા (અ૦) આ 'નિષ્ફળ' અર્થવાળા નામ છે.

(૩) વિધુર, વ્યસન, કષ્ટ, કૃચ્છ્ર, ગહન (૫–નપું૦) આ દુઃખનાં નામ છે. દુઃખને દૂર કરવું જોઇએ. ॥૧૮૯॥

---

શ્લો૦ ૧૮૯–(૧) असत्यम्, अनृतम्, वितथम्, सत्येतरत् (૪–નપું૦), मिथ्या (અ૦) = અસત્ય.

असुखम् (નપું૦), अर्तिः (સ્ત્રી૦), बाधः (પુ૦સ્ત્રી૦), वेदना, व्यथा, पीडा (૩–સ્ત્રી૦), वैमनस्यम् (નપું૦) = દુઃખ.

वितथ (નપું૦) 'અસત્ય' અર્થમાં છે. તેનો 'નિષ્ફળ' અર્થમાં અન્યકોશોમાં ઉલ્લેખ પ્રાયઃ નથી.

હવે 'સઘળું' અર્થવાળા અને ખંડ-ટુકડાનાં નામ કહે છે—

१   २   ३   ४   ५   ६
समस्तं सकलं सर्वं, कृत्स्नं विश्वं तथाऽखिलम् ।
१   २   ३   ४   ५   ६
शकलं विकलं खण्डं, शल्कं लेशं लवं विदुः ॥१९०॥

---

(૧) સમસ્ત, સકલ, સર્વ, કૃત્સ્ન, વિશ્વ, અખિલ (૬-ત્રિ૦) આ 'સઘળું' અર્થવાળા નામ છે.

(૨) શકલ (પુ૦નપું૦), વિકલ (નપું૦), ખંડ (પુ૦નપું૦), શલ્ક (નપું૦), લેશ, લવ (૨-પુ૦) આ ખંડ-ટુકડાનાં નામ છે. ॥૧૯૦॥

---

શ્લો૦ ૧૯૦-(૧) अन्यूनम्, अशेषम्, अखण्डम्, निखिलम्, समग्रम् (૫-ત્રિ૦) = સઘળું.

अर्धम्, दलम्, भित्तम् (૩-નપું૦), नेमः (ત્રિ૦) = ખંડ-ટુકડો.

(૨) विश्व (પુ૦) જગત, સંસાર, વિષ્ણુ, શરીર, સૂંઠ વગેરે અર્થમાં પણ છે.

હવે મર્મસ્થાન, ક્લેશ, નિંદા, કપટ અને લોહીનાં નામ કહે છે—

१ २ १ १ १
मर्म कोषं च कलहं, परिवादं छलं नयेत् ।
१ २ ३ ४ ५ ६
शोणितं लोहितं रक्तं, रुधिरं क्षतजाऽसृजम् ॥१९१॥

(૧) મર્મન્ (નપું૦), કોષ (પુ૦નપું૦) † આ મર્મસ્થાનનાં નામ છે.

(૨) કલહ (પુ૦નપું૦) ક્લેશ–ઝઘડાવાચક છે.

(૩) પરિવાદ (પુ૦) નિંદાવાચક છે.

(૪) છલ (નપું૦) કપટવાચક છે.

(૫) શોણિત, લોહિત, રક્ત, રુધિર, ક્ષતજ, અસૃજ્ (૬–નપું૦) આ લોહી–રુધિરનાં નામ છે. ॥૧૯૧॥

શ્લો૦ ૧૯૧–(૧) आग्नेयम्, अस्रम्, विस्रम्, मांसकारि 'इन्' (૪–નપું૦) = લોહી.

† कोषशब्दः पेशीवाचको मेदिन्यां लभ्यते । पेशीनां मर्मस्थानत्वं आयुर्वेदे सम्मतम् ।

હવે 'નિરંતર' અર્થવાળા અવ્યયો અને વિવાહનાં નામ કહે છે—

१ २ ३ ४

सतताऽनारतताऽजस्राऽ—न्वहं कन्यापतिर्वरः ।

१ २ ३ ४

उद्वाहः परिणयनं, विवाहश्च निवेशनम् ॥१९२॥

(૧) સતતમ્, અનારતમ્, અજસ્રમ્ (૩–નપું૦અ૦), અન્વહમ્ (અ૦) આ 'નિરંતર' અર્થવાળા અવ્યયો છે.

(૨) વર (પુ૦) એ 'કન્યાનો પતિ' અર્થમાં છે.

(૩) ઉદ્વાહ (પુ૦), પરિણયન (નપું૦), વિવાહ (પુ૦), નિવેશન (નપું૦) આ વિવાહનાં નામ છે. ॥૧૯૨॥

શ્લો૦ ૧૯૨–(૧) अविरतम् (નપું૦), अनिशम् (અ૦), अनवरतम्, अश्रान्तम्, नित्यम्, संसक्तम् (૪–નપું૦) = નિત્ય.

उपयमः, उपयामः, परिणयः (૩–પુ૦), दारकर्म 'अन्' (નપું૦) = વિવાહ.

હવે છિદ્ર અને નરકનાં તથા 'પુષ્કળ' અર્થવાળા નામ કહે છે—

१ २ ३ ४ ५ ६
शुषिरं विवरं रन्ध्रं, छिद्रं गर्ता च गह्वरम् ।
१ २ ३ ४
श्वभ्रं रस्यं च पातालं, नरकं यान्त्यमेधसः ॥१९३॥
१ २ ३ ४ ५ ६
अदभ्रं भूरि भूयिष्ठं, बंहिष्ठं बहुलं बहु ।
७ ८ ९ १० ११ १२
प्रचुरं नैकमानन्त्यं, प्रभूतं प्राज्यपुष्कले ॥१९४॥

(૧) શુષિર, વિવર, રન્ધ્ર, છિદ્ર (૪–નપું૦), ગર્તા (પુ૦સ્ત્રી૦), ગહ્વર (નપું૦) આ છિદ્રનાં નામ છે. +

(૨) શ્વભ્ર, રસ્ય, પાતાલ (૩–નપું૦), નરક (પુ૦) આ નરકનાં નામ છે.

બુદ્ધિ વગરના અર્થાત્ સમ્યક્ ચારિત્ર રહિત જીવો નરકમાં જાય છે. ॥૧૯૩॥

(૩) અદભ્ર, ભૂરિ, ભૂયિષ્ઠ, બંહિષ્ઠ, બહુલ, બહુ, પ્રચુર, નૈક, આનન્ત્ય, પ્રભૂત, પ્રાજ્ય, પુષ્કલ (૧૨–ત્રિ૦) આ 'પુષ્કળ–બહુ' અર્થવાળા નામ છે. ॥૧૯૪॥

શ્લો૦ ૧૯૩–(૧) नारकः, निरयः (૨–પુ૦), दुर्गतिः (પુ૦સ્ત્રી૦) = નરક.

(૨) श्वभ्रम् (નપું૦) છિદ્ર અર્થમાં પણ છે.

+ गर्ता અને गह्वर આ બે ખાઈવાચક છે, બાકીના ચાર છિદ્રવાચક છે. સામાન્યથી એકાર્થક જણાવ્યા છે.

હવે સંસારનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫
**भवो भावश्च संसारः, संसरणं च संसृतिः ।**
**तत्त्वज्ञश्चतुरो धीर—स्त्यजेज्जन्मजवं जवम् ॥१९५॥**

---

ભવ, ભાવ, સંસાર (૩–પુ૦), સંસરણ (નપું૦), સંસૃતિ (સ્ત્રી૦) આ સંસારનાં નામ છે.

તત્ત્વને જાણનાર, ચતુર અને ધીર પુરુષ સંસારના વેગને જલ્દીથી ત્યજી દે છે–અર્થાત્ સંસારને વધતો અટકાવે છે. ॥૧૯૫॥

---

શ્લો૦ ૧૯૫–(૧) भाव (પુ૦) વિદ્વાન, જાણકાર, અભિપ્રાય, સ્વભાવ, શ્રદ્ધા, ઉપદેશ, અંતઃકરણ વગેરે અર્થમાં પણ છે.

संसरण (નપું૦) સાથે જવું, સંગમ, પ્રવાહ, ધોરીમાર્ગ, રાજમાર્ગ, યુદ્ધનો આરંભ, સંગત, જોડાવું અને ગામ કે શહેરની પાસેનું વિશ્રામ સ્થળ અર્થમાં પણ છે.

હવે તેજસ્વી અને શૂરવીર પુરુષનાં નામ કહે છે—

१ २ ३ ४ ५
ओजस्व्यूर्जस्वी तेजस्वी, तरस्वी च मनस्व्यपि ।
१ २ ३ ४ ५
भास्वरो भासुरः शूरः, प्रवीरः सुभटो मतः ॥१९६॥

(૧) ઓજસ્વિન્, ઊર્જસ્વિન્, તેજસ્વિન્, તરસ્વિન્, મનસ્વિન્ (૫-પુ૦) આ તેજસ્વી પુરુષનાં નામ છે.

(૨) ભાસ્વર, ભાસુર, શૂર, પ્રવીર, સુભટ (૫-પુ૦) આ શૂરવીર પુરુષનાં નામ છે. ॥૧૯૬॥

શ્લો૦ ૧૯૬-(૧) भासुर (પુ૦) સ્ફટિક, મણિ, યોદ્ધો વગેરે અર્થમાં પણ છે.

હવે સ્વીકારેલું અને કરારનાં નામ કહે છે—

१ २ ३
उररीकृतमप्यूरी–कृतमङ्गीकृतं तथा ।
४ ५ १ २
अस्तुङ्कारोऽभ्युपगमे, सत्यङ्कारः पणार्पणे ॥१९७॥

---

(૧) ઉરરીકૃત, ઊરીકૃત, અંગીકૃત (૩–ત્રિ૦), અસ્તુંકાર, અભ્યુપગમ (૨–પુ૦) આ 'સ્વીકારેલું–કબૂલ કરેલું" અર્થવાળા નામ છે.

(૨) સત્યંકાર (પુ૦), પણાર્પણ (નપું૦) આ વેચવા–ખરીદવાનું 'સાટું–કરાર' અર્થવાળા નામ છે. ॥૧૯૭॥

---

શ્લો૦ ૧૯૭–(૧) अभ्युपगतम्, आश्रुतम्, प्रतिज्ञातम्, प्रतिश्रुतम्, संगीर्णम्, संस्तुतम्, स्वीकृतम् (૭–ત્રિ૦) = સ્વીકારેલું–કબૂલ કરેલું.

सत्यकः (પુ૦), सत्याकृतिः (સ્ત્રી૦) = સાટું–કરાર.

હવે બખ્તર, કંચુક અને છત્રનાં નામ કહે છે—

૧ ૨ ૩ ૪ ૫

तनुत्रं वर्म कवच–मावृतिर्बाणवारणम् ।

૧ ૨ ૧ ૨ ૩

कूर्पासं कञ्चुकं छत्र–मातपत्रोष्णवारणम् ॥१९८॥

---

(૧) તનુત્ર, વર્મન્, કવચ (૩–નપું૦), આવૃતિ (સ્ત્રી૦), બાણવારણ (નપું૦) આ બખ્તરનાં નામ છે.

(૨) કૂર્પાસ (પુ૦), કંચુક (પુ૦નપું૦) આ સ્ત્રીઓની કાંચળી-ચોળીનાં નામ છે.

(૩) છત્ર (ત્રિ૦), આતપત્ર, ઉષ્ણવારણ (૨–નપું૦) આ છત્ર અથવા છત્રીનાં નામ છે. ॥૧૯૮॥

---

શ્લો૦ ૧૯૮–(૧) बाणवार: (પુ૦), वाणवारणम् (નપું૦), कंकट: (પુ૦), तनुत्राणम् (નપું૦), उरच्छद: (પુ૦) = બખ્તર.

निचोलक: (પુ૦) = કાંચળી–ચોળી.

आतपवारणम्, नृपलक्ष्म 'अन्' (૨–નપું૦) = છત્ર–છત્રી.

હવે વાળ, અંબોડો અને કલ્યાણનાં નામ કહે છે—

१ २ ३ ४ ५
केशं शिरोरुहं वालं, कचं चिकुरमीहयेत् ।
१ २ ३ ४
चूडापाशं च धम्मिल्लं, कबरी केशबन्धनम् ॥१९९॥
१ २ ३ ४ ५ ६
क्षेमं कल्याणमभयं, श्रेयो भद्रं च मङ्गलम् ।
७ ८ ९ १० ११
भावुकं भविकं भव्यं, कुशलं च शिवं तथा ॥२००॥

---

(૧) કેશ, શિરોરુહ, વાલ, કચ, ચિકુર (૫–પુ૦) આ મસ્તકના વાળનાં નામ છે.

(૨) ચૂડાપાશ, ધમ્મિલ્લ (૨–પુ૦), કબરી (સ્ત્રી૦), કેશબંધન (નપું૦) આ સ્ત્રીઓનો અંબોડો–ચોટલાનાં નામ છે. ॥૧૯૯॥

ક્ષેમ (પુ૦નપું૦), કલ્યાણ, અભય, શ્રેયસ્, ભદ્ર, મંગલ, ભાવુક, ભવિક, ભવ્ય, કુશલ, શિવ (૧૦–નપું૦) આ કલ્યાણનાં નામ છે. ॥૨૦૦॥

---

શ્લો૦ ૧૯૯–(૧) कुन्तलः, बालः (૨–પુ૦) = વાળ.

केशपाशः, केशभारः, केशकलापः (૩–પુ૦), वेणी, प्रवेणी (૨–સ્ત્રી૦) = અંબોડો–ચોટલો.

શ્લો૦ ૨૦૦–(૧) श्वःश्रेयसम्, शुभम्, भद्रम्, शस्तम्, प्रशस्तम् ૫–નપું૦) = કલ્યાણ.

कवेर्धनञ्जयस्येयं, सत्कवीनां शिरोमणेः ।
प्रमाणं नाममालेति, श्लोकानां हि शतद्वयम् ॥२०१॥

वक्ता वाचस्पतिर्यत्र, श्रोता शक्रस्तथापि तौ ।
शब्दपारायणस्यान्तं, न गतौ तत्र के वयम् ? ॥२०२॥

तथापि किञ्चित् कस्मैचित्, प्रतिबोधाय सूचितम् ।
बोधयेत् कियदुक्तिज्ञं, मार्गज्ञः सह याति किम् ? ॥२०३॥

---

શ્રેષ્ઠ કવિઓમાં શિરોમણી એવા ધનંજય નામના કવિએ રચેલી આ નામમાલા છે, અને તેના ૨૦૦ અનુષ્ટુપ્ શ્લોકો છે. ॥૨૦૧॥

કવિરાજ ધનંજય ઉપસંહાર કરતાં કહે છે કે, જ્યારે બોલનાર વાણીના સ્વામી બૃહસ્પતિ અને સાંભળનાર દેવોના સ્વામી ઈન્દ્રમહારાજા પણ શબ્દોની સમગ્રતાના પારને પામી શક્યા નથી, ત્યારે અમે કોણ માત્ર છીએ ? અર્થાત્ શબ્દ સમૂહ એટલો મોટો છે કે તેનો પાર પામી શકાય તેમ નથી. ॥૨૦૨॥

જો કે શબ્દોના પારને અમે પામ્યા નથી, તો પણ કોઈકને કંઈક પણ જ્ઞાન થાય તે માટે લેશ માત્ર અહીં સૂચન કર્યું છે; કેમકે કથન માત્રથી જાણનાર (સમજી જનાર) બુદ્ધિશાલીને કેટલા સમજાવવા ? માર્ગનો જાણકાર માર્ગ બતાવે છે, પણ સાથે જતો નથી. ॥૨૦૩॥

प्रमाणमकलङ्कस्य, पूज्यपादस्य लक्षणम् ।
द्विसंधान-कवेः काव्यं, रत्नत्रयमपश्चिमम् ॥२०४॥
ब्रह्माणं समुपेत्य वेदनिनदव्याजात्तुषाराचल-
स्थानस्थावरमीश्वरं सुरनदीव्याजात्तथा केशवम् ।
अप्यम्भोनिधिशायिनं जलनिधिध्वानापदेशादहो !
फूत्कुर्वन्ति धनञ्जयस्य च भिया शब्दाः समुत्पीडिताः
॥२०५॥

---

શ્રી ભટ્ટારક અકલંકસ્વામીનો ન્યાય, પૂજ્યપાદસ્વામીનું વ્યાકરણ અને 'દ્વિસંધાન કવિ' તરીકે પ્રસિદ્ધિ પામેલા કવિરાજ ધનંજયનું બનાવેલું દ્વિસંધાન કાવ્ય આ ત્રણ અપૂર્વ રત્નો છે. ॥૨૦૪॥

આ એક ભારે આશ્ચર્યની વાત છે કે, ધનંજય કવિના ભયથી પીડાયેલા શબ્દો-વેદોના અવાજના બહાનાથી બ્રહ્માજીની પાસે જઈને; ગંગાજીના બહાનાથી હિમાલયમાં વસનારા મહાદેવજી પાસે જઈને; અને સમુદ્રના ગર્જારવના બહાનાથી સમુદ્રમાં સૂવાવાળા વિષ્ણુ પાસે જઈને પોકાર કરી રહ્યાં છે અર્થાત્ પોતાનું દુઃખ કહી રહ્યાં છે ॥૨૦૫॥

श्रीमद्धनञ्जयकविविरचितनाममाला समाप्ता ।

# એકાક્ષર કોશ

**अ** (પુ૦) વિષ્ણુ.

**आ** (પુ૦) શિવ, બ્રહ્મા,
(સ્ત્રી૦) લક્ષ્મી.

**इ** (પુ૦) કામદેવ.

**ई** (પુ૦) કામદેવ (સ્ત્રી૦)લક્ષ્મી.

**उ** (પુ૦)મહાદેવ, બ્રહ્મા, ચંદ્રમંડલ.

**ऊ** (પુ૦) શિવ, ચંદ્ર, કપૂર.

**ऊ** (ત્રિ૦) પાલક, રક્ષક.

**ऋ** (સ્ત્રી૦) દેવમાતા-અદિતિ.

**ॠ** (પુ૦) ભૈરવ, દાનવ.

**ॠ** (સ્ત્રી૦) દેવોની માતા, દાનવોની માતા, સ્મૃતિ, ગતિ, યાદદાસ્ત.

**ॠ** (ન૦) છાતી, હૃદય.

**ऌ** (અ૦) દેવોની માતા, પૃથ્વી, પર્વત.

**ॡ** (અ૦) દાનવમાતા, દેવાંગના.

**ॡ** (સ્ત્રી૦) કામધેનુની માતા,
(પુ૦) મહાદેવ.

**ए** (પુ૦) વિષ્ણુ.

**ऐ** (પુ૦) મહેશ્વર, પરમેશ્વર.

**ओ** (પુ૦) બ્રહ્મા.

**औ** (પુ૦) અનંત, શેષનાગ,
(સ્ત્રી૦) પૃથ્વી.

**अं** (ન૦) પરબ્રહ્મ.

**अः** (પુ૦) મહાદેવ.

**क** (પુ૦) બ્રહ્મ, વિષ્ણુ, કામદેવ, અગ્નિ, વાયુ, યમ, સૂર્ય, આત્મા, રાજા, મોર, પક્ષી, ચિત્ત, શરીર, કાળ, મેઘ, પ્રકાશ, શબ્દ, માથાના વાળ.

**क** (ન૦) મરતક, પાણી, સુખ, મંગળ, કલ્યાણ.

**कु** (સ્ત્રી૦) પૃથ્વીનો ભાગ, પૃથ્વી.

**कू** (સ્ત્રી૦) ચૂડેલ, પિશાચની સ્ત્રી.

**क्ष** (પુ૦) પ્રલય, સંવર્ત, રાક્ષસ, વીજળી, ખેતર, ક્ષેત્ર, ક્ષેત્રપાલ, ખેતરનો રખવાળ, નાશ, ખેડુત.

**क्षि** (ત્રિ૦) નિવાસ, ગતિ, ક્ષય.

**क्षु** (પુ૦) અનાજ, સિંહ.

**ख** (પુ૦) સૂર્ય, વિષ્ણુ, હાથી.

**ख** (ન૦) સ્વર્ગલોક, આકાશ, જ્ઞાન, સુખ. મીંડું, શૂન્ય, શહેર, ઇન્દ્રિય, ક્ષેત્ર, હર્ષ, વર્તન, કામ, મંગલ.

**खा** (ત્રિ૦) ખોદનાર, ખણનાર,
(સ્ત્રી૦) નદી.

**ग** (પુ૦) ગણેશ, ગંધર્વ, સિંહ
(ન૦) ગીત

**गा** (સ્ત્રી૦) ગાયન, કવિતા, ગાથા, પદ.

**गू** (સ્ત્રી૦) ગુ, વિષ્ઠા, પેટનો મળ.
**गो** (પુ૦) બળદ, કિરણ, હીરો, વજ્ર, સ્વર્ગ, ચંદ્ર, સૂર્ય, વાયુ, પશુ.
**गो** (સ્ત્રી૦) ગાય, આંખ, બાણ, દિશા, વાણી, પૃથ્વી, માતા, દૃષ્ટિ, રૂંવાટું.
**गो** (ન૦) પાણી, મુખ, વાળ, સત્ય.
**घ** (પુ૦) ઘંટ, ઘંટનો અવાજ.
**घा** (સ્ત્રી૦) કંદોરો, ઘા કરવો, મારવું.
**घु** (પુ૦) ધ્વનિ.
**ङ** (પુ૦) વિષય, વિષયસેવા, વિષયરક્ષા, વિષયસ્પૃહા, ભૈરવ-દેવ.
**च** (પુ૦) ચંદ્ર, કપૂર, કાચબો, ચોર, મહાદેવ.
**च** (ત્રિ૦) બીજ રહિત, દુષ્ટ, દુર્જન.
**छ** (પુ૦) છેદ, વિભાગ, (ન૦) ઘર, ઢાંકણ.
**छ** (ત્રિ૦) સ્વચ્છ, શુદ્ધ, છેદનાર, તોડનાર, ચંચળ.
**छा** (પુ૦) પારો.
**छि** (સ્ત્રી૦) નિંદા, તિરસ્કાર, ગાળ.
**ज** (પુ૦) પિતા, જન્મ, વિષ્ણુ, ઝેર, ભોગ, પિશાચ, તેજ, કાંતિ, વેગ, જય, ગાયન, મૃત્યુંજય-શંકર.
**ज** (ત્રિ૦) વિજયી, ખાધેલું, ચપળ, પેદા થનાર.
**जा** (સ્ત્રી૦) માતા, દેરાણી.
**जि** (પુ૦) પિશાચ, રાક્ષસ, (ત્રિ૦) જયશીલ.
**जू** (સ્ત્રી૦) આકાશ, સરસ્વતી, રાક્ષસી, વેગ, ગતિ, (ત્રિ૦) વેગવાળું.
**ज्ञ** (પુ૦) જ્ઞાની, પંડિત, બ્રહ્મા, મંગળગ્રહ, બુધગ્રહ, (ત્રિ૦) જ્ઞાતા.
**झ** (પુ૦) વાવાઝોડું, વંટોળીયો, જલવૃષ્ટિ, બૃહસ્પતિ, (ત્રિ૦) નાશ પામેલ, ખોવાઈ ગયેલ, સૂતેલ.
**झा** (સ્ત્રી૦) પાણીનો ધોધ.
**ञ** (પુ૦) ગાયન, ગવૈયો, ઘર્ઘર અવાજ, અસુરોના ગુરુ-શુક્રાચાર્ય, બળદ, (ત્રિ૦) ગાનાર, કુમાર્ગે જનાર.

**ट** (પુ૦) પગ, શબ્દ, ધનુષ્યની દોરીનો અવાજ.
(ન૦) નાળિયેરની કાચલી,
(ત્રિ૦) ઠીગણું, વામન.

**टा** (સ્ત્રી૦) પૃથ્વી, શપથ, પ્રતિજ્ઞા.

**टु** (પુ૦) સોનું, કામદેવ, ઠગ.

**ठ** (પુ૦) શિવ, મોટો અવાજ, ચંદ્રનું મંડળ, હરકોઈ મંડળ, મીંડું, શૂન્ય, ઇન્દ્રિયનો વિષય, જનસમૂહ, દેવપ્રતિમા,
(ત્રિ૦) લોકવિષય, ખાલી, શૂન્ય, ધુતારું, ઠગ.

**ड** (પુ૦) શિવ, અવાજ, ભય, ત્રાસ, વડવાનલ.

**डा** (સ્ત્રી૦) ડાકણ, ટોપલી.

**ढ** (પુ૦) મોટું નગારું, કૂતરો, કૂતરાની પૂંછડી, અવાજ, સર્પ, નિર્ગુણ.

**ण** (પુ૦) શિવ, ઘરેણું, પાણીનું સ્થાન–જલાશય, દાન,
(ન૦) નિર્ણય, નિશ્ચય, જ્ઞાન,
(ત્રિ૦) ગુણરહિત.

**त** (પુ૦) ચોર, અમૃત, પૂંછડું, ખોળો, ગર્ભ, મ્લેચ્છ, રત્ન, બુદ્ધદેવ,
(ત્રિ૦) જુવાન, શઠ, લુચ્ચું.

**ता** (સ્ત્રી૦) લક્ષ્મી.

**ते** (અ૦) ગૌરી, પાર્વતી.

**थ** (પુ૦) પર્વત, ભક્ષણ, રોગ,
(ન૦) ભય, રક્ષણ, મંગળ,
(ત્રિ૦) ભયમાંથી રક્ષણ કરનાર.

**द** (પુ૦) પર્વત, દાન આપનાર, બક્ષીસ આપનાર, દાન કરેલા વસ્તુ, દાન.
(ન૦) પત્ની, દાન, બક્ષીસ.

**दी** (સ્ત્રી૦) ક્ષય, નાશ.

**ध** (પુ૦) ધર્મ, કુબેર, બ્રહ્મા,
(ન૦) ધન.

**धी** (સ્ત્રી૦) બુદ્ધિ, અક્કલ, જ્ઞાન, ભક્તિ, આરાધના.

**न** (પુ૦) બંધ, બંધન, બુદ્ધદેવ, ગણપતિ, સોનું, રત્ન, મોતી, યુદ્ધ (ત્રિ૦) સ્તુતિ પામેલ, દુર્બળ, શ્રમરહિત.

**प** (પુ૦) પવન, પાંદડું, પાન, પીવું.

**पा** (ત્રિ૦) પીનાર, પાલક, રક્ષક.

**पो** (ત્રિ૦) શુદ્ધ, પવિત્ર, શુદ્ધ–પવિત્ર કરનાર.

**फ** (પુ૦) વરસાદ સાથે તોફાની પવન, બગાસું ખાવું, ફલભાગ, ઉન્નતિ, (ન૦) વ્યર્થ બોલવું, ફૂંફાડો મારવો, ક્રોધયુક્ત ભાષણ, (ત્રિ૦) વધનાર.

**फा** (પુ૦) નિષ્ફળ ભાષણ સંતાપ, વૃદ્ધિ, આબાદી, ચઢતી (ત્રિ૦) વૃદ્ધિ કરનાર.

**फि** (પુ૦) નિષ્ફળ વાક્ય, પાપ, ક્રોધ.

**ब** (પુ૦) વરુણ, સમુદ્ર, ભગ-યોનિ, પાણી, ગમન, તાંતણો સાંધવો, મુંડન, ધડો, કળશ.

**भ** (પુ૦) શુક્રાચાર્ય, પર્વત, ભ્રાન્તિ, (ન૦) નક્ષત્ર, ગ્રહ, રાશિ.

**भा** (સ્ત્રી૦) કાંતિ, તેજ, શંકુની છાયા.

**भी** (સ્ત્રી૦) ભય, બીક.

**भू** (પુ૦) યજ્ઞનો અગ્નિ, પરમેશ્વર (સ્ત્રી૦) પૃથ્વી, હરકોઈ સ્થાન, ફટકડી, (ત્રિ૦) ઉત્પન્ન થતું.

**म** (પુ૦) શિવ, ચંદ્ર, બ્રહ્મા, યમ, સમય, ઝેર, વિષ્ણુ, કપૂર, (ન૦) સમૃદ્ધિ, આબાદી.

**मा** (સ્ત્રી૦) લક્ષ્મી, માતા, મા.

**मु** (પુ૦) શિવ, બંધન.

**य** (પુ૦) પવન, યશ, આબરૂ, ગતિ, યોગ, સંયમ, (ત્રિ૦) જનાર.

**यू** (સ્ત્રી૦) જેમાં કઠોળ વગેરે પલાળેલ હોય તેવું પાણી.

**र** (પુ૦) અગ્નિ, આગ, કામ-દેવનો અગ્નિ, ઉગ્ર.

**रा** (સ્ત્રી૦) દાન, વિભ્રમ, સોનું.

**रु** (પુ૦) અવાજ, શબ્દ.

**रै** (પુ૦) ધન, સોનું, શબ્દ.

**ल** (પુ૦) ઇન્દ્ર (ત્રિ૦) લેનાર.

**लि** (સ્ત્રી૦) થાક, નાશ, અંત, સમાનતા, એકતા, બરોબરી.

**व** (પુ૦) વાયુ, વરુણ, સાંત્વન, મંત્રણા, મસલત, કલ્યાણ, રાહુ, રહેઠાણ, વાસ, સમૂહ, વાઘ, વંદન, પાણી, સમુદ્ર, (ત્રિ૦) બળવાન. (અ૦) સાદૃશ્ય.

**वि** (પુ૦) પક્ષી, વાયુલોક, સ્વર્ગ, નેત્ર, ડોળો.

**श** (પુ૦) શિવ, શસ્ત્ર, (ન૦) શુભ, મંગળ, સુખ, કલ્યાણ.

**शि** (પુ૦) શિવ, સારું ભાગ્ય, શાંતિ.

**शी** (સ્ત્રી૦) શયન, શાંતિ.

**श्री** (સ્ત્રી૦) લક્ષ્મી, લવિંગ, શોભા, વાણી, વેશરચના, દેવદારનું ઝાડ, ધર્મ-અર્થ-કામ, સંપત્તિ, પ્રકાર, ઉપકરણ, રાચરચીલું, આબાદી, બુદ્ધિ, વિભૂતિ, સમૃદ્ધિ, ઐશ્વર્ય, અધિકાર, પ્રભા, કાંતિ, તેજ, વૃદ્ધિ, સિદ્ધિ, કમળ, શણગાર.

**ष** (પુ૦) કેશ, સ્વર્ગ, નિદ્રા, અંત, નાશ, મોક્ષ, મનુષ્ય, ગર્ભવિમોચન, (ન૦) ધૈર્ય, ધીરજ, (ત્રિ૦) શ્રેષ્ઠ, સર્વ, વિદ્વાન, પંડિત, ડાહ્યું, હોશિયાર.

**षु** (પુ૦) જણવું, ગર્ભ છોડવો.

**षू** (સ્ત્રી૦) જન્મ, ઉત્પત્તિ.

**स** (પુ૦) વિષ્ણુ, ઈશ્વર, સર્પ, પક્ષી, વાયુ, (ન૦) જ્ઞાન, ગાડી વગેરેનો રસ્તો, વાડ, ધ્યાન.

**सा** (સ્ત્રી૦) લક્ષ્મી, ગૌરી.

**सू** (સ્ત્રી૦) પ્રસવ, જન્મ, ઉત્પત્તિ, ફેંકવું, પ્રેરણા કરવી, મોકલવું.

**सो** (સ્ત્રી૦) પાર્વતી.

**ह** (પુ૦) શિવ, પાણી, મીંડું, શૂન્ય, આકાશ, સ્વર્ગ, ધારણ કરવું, ચંદ્ર, કપૂર, (ત્રિ૦) શૂન્ય, સૂનું, સુકાયેલું, રક્ત, લાલ.

# શબ્દો બનાવવાની રીત

(૧) દેવવાચક શબ્દોની પાછળ વાણીવાચક શબ્દો જોડવાથી સંસ્કૃત ભાષાનાં નામ બને છે. જેમકે—सुरभारती, गीर्वाणगीः ઇત્યાદિ.

(૨) નેત્રવાચક શબ્દોની પૂર્વે उप જોડવાથી ચશ્માનાં નામ બને છે. જેમકે—उपनेत्रम्, उपचक्षुः ઇત્યાદિ.

(૩) નેત્રવાચક શબ્દોની પાછળ જળવાચક શબ્દો જોડવાથી આંસુનાં નામ બને છે. જેમકે-नेत्रजलम्, नयनाम्बु ઇત્યાદિ.

(૪) નેત્રવાચક શબ્દોની પાછળ વસ્ત્રવાચક શબ્દો જોડવાથી આંખની પાંપણ-પોપચાનાં નામ બને છે. જેમકે—नेत्रवस्त्रम्, नयनपटः ઇત્યાદિ.

(૫) નેત્રવાચક શબ્દોની પાછળ કર્ણવાચક શબ્દો જોડવાથી સાપનાં નામ બને છે. જેમકે—चक्षुःश्रवाः, दृक्कर्णः ઇત્યાદિ.

(૬) કર્ણવાચક શબ્દોની પાછળ हीन, रहित, वर्जित ઇત્યાદિ શબ્દો જોડવાથી સાપનાં નામ બને છે. જેમકે—कर्णहीनः, श्रोत्ररहितः, श्रुतिबर्जितः ઇત્યાદિ.

(૭) સર્પવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી ગરુડ, નોળિયો અને મોરનાં નામ બને છે. જેમકે—सर्पारातिः, नागारिः, अहिबैरी ઇત્યાદિ.

(૮) પૃથ્વીવાચક શબ્દોની પાછળ દેવવાચક શબ્દો જોડવાથી બ્રાહ્મણનાં નામ બને છે. જેમકે—भूदेवः, धरामरः ઇત્યાદિ.

(૯) પૃથ્વીવાચક શબ્દોની પાછળ પુત્રીવાચક શબ્દો જોડવાથી સીતાનાં નામ બને છે. જેમકે-पृथ्वीसुता, धरणीकन्या ઇત્યાદિ.

(૧૦) વસ્ત્રવાચક શબ્દોની પાછળ ગૃહવાચક શબ્દો જોડવાથી તંબુનાં નામ બને છે. જેમકે—वस्त्रगृहम्, पटमन्दिरम् ઇત્યાદિ.

(૧૧) નેત્રવાચક શબ્દોની પૂર્વે एक જોડવાથી કાગડો અને કાણાનાં નામ બને છે. જેમકે—एकदृष्टिः, एकविलोचनः ઇત્યાદિ.

(૧૨) અંધકારવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી સૂર્ય, ચંદ્ર, અગ્નિ, દીવો, બોધ, જ્ઞાન, પરમેશ્વર વગેરેનાં નામ બને છે. જેમકે-तमोऽरिः, तिमिररिपुः ઇત્યાદિ.

(૧૩) શબ્દવાચક શબ્દોની પૂર્વે प्रति જોડવાથી પડઘાનાં નામ બને છે જેમકે—प्रतिशब्दः, प्रतिघोषः ઇત્યાદિ.

(૧૪) ચરણવાચક શબ્દોની પૂર્વે षट् જોડવાથી ભમરાનાં નામ બને છે. જેમકે—षट्पदः, षट्चरणः ઇત્યાદિ.

(૧૫) સ્ત્રીવાચક શબ્દોની પૂર્વે वार જોડવાથી વેશ્યાના નામ બને છે. જેમકે—वारनारी, वाराङ्गना ઇત્યાદિ.

(૧૬) અશ્વવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી પાડાનાં નામ બને છે. જેમકે—वाहरिपुः, अश्वारिः ઇત્યાદિ.

(૧૭) પક્ષીવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી ગરુડનાં નામ બને છે. જેમકે—पक्षिस्वामी, विहङ्गपतिः ઇત્યાદિ.

(૧૮) સૂર્યવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી યમ, કર્ણ, મનુ, સુગ્રીવવાનર અને શનિગ્રહનાં નામ બને છે. જેમકે— रविनन्दनः, सूर्यपुत्रः ઇત્યાદિ.

(૧૯) સૂર્યવાચક શબ્દોની પાછળ પુત્રીવાચક શબ્દો જોડવાથી યમુના નદીનાં નામ બને છે. જેમકે—रविसुता, सूर्यतनया ઇત્યાદિ.

(૨૦) સમુદ્રવાચક શબ્દોની પાછળ પુત્રીવાચક શબ્દો જોડવાથી લક્ષ્મીદેવીનાં નામ બને છે. જેમકે-समुद्रसुता, जलधितनया ઇત્યાદિ.

(૨૧) સમુદ્રવાચક શબ્દોની પાછળ પત્નીવાચક શબ્દો જોડવાથી નદીનાં નામ બને છે. જેમકે—सागरपत्नी. समुद्रदयिता ઇત્યાદિ.

(૨૨) રાત્રિવાચક શબ્દોની પાછળ चर, विहार, विहारिन् ઇત્યાદિ શબ્દો જોડવાથી રાત્રે ફરનાર રાક્ષસ, શિયાળ, ઘુવડ, સર્પ, ચોર, ચક્રવાક, રાત્રિનો પહેરેગીર વગેરેનાં નામ બને છે. જેમકે—रात्रिचरः, निशाविहारः, रजनीविहारी ઇત્યાદિ.

(૨૩) વૃક્ષવાચક શબ્દોની પાછળ नख જોડવાથી કંટકનાં નામ બને છે. જેમકે—द्रुमनखः, तरुनखः ઇત્યાદિ.

(૨૪) વૃક્ષવાચક શબ્દોની પૂર્વે बोधि જોડવાથી પીપળાના ઝાડનાં નામ બને છે. જેમકે—बोधिवृक्षः, बोधितरुः ઇત્યાદિ.

(૨૫) કિરણવાચક શબ્દોની પૂર્વે सहस्र જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમકે—सहस्रकिरणः, सहस्ररश्मिः ઇત્યાદિ.

(૨૬) જલવાચક શબ્દોની પાછળ કેશવાચક શબ્દો તથા चामर જોડવાથી શેવાળનાં નામ બને છે. જેમકે-जलकेशः, सलिलकुन्तलः, अम्बुचामरम् , वारिचामरम् ઇત્યાદિ.

(૨૭) જલવાચક શબ્દોની પાછળ निधि, राशि, आकर ઇત્યાદિ. શબ્દો જોડવાથી સમુદ્રનાં નામ બને છે. જેમકે-अम्बुनिधिः, तोयराशिः, जलाकरः ઇત્યાદિ.

(૨૮) જલવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી સમુદ્ર અને વરુણદેવનાં નામ બને છે. જેમકે – जलपतिः, वारिनाथः, तोयेशः, वारीश्वरः, जलेन्द्रः, अपांनाथः, अपांपतिः ઇત્યાદિ.

(૨૯) હસ્તવાચક શબ્દોની પાછળ कण्टक, बाल, ज, रुह ઇત્યાદિ શબ્દો જોડવાથી નખનાં નામ બને છે. જેમકે—हस्तकण्टकः, पाणिजः, करबालः, करजः, कररुहः ઇત્યાદિ.

(૩૦) હસ્તવાચક શબ્દોની પાછળ कलश જોડવાથી હાથના ખોબાનાં નામ બને છે. જેમકે – करकलशः, हस्तकलशः ઇત્યાદિ.

卐

# અંક સંજ્ઞા

સંખ્યા કે આંકડા બતાવવા માટે સકારણ કેટલાક શબ્દો વપરાય છે. તેમાંના કેટલાક પ્રચલિત શબ્દો નીચે મુજબ છે.

०–ख, गगन, अम्बर ।
१–भू, भूमि, चन्द्र, विधु ।
२–युग्म, युगल, नेत्र, पाद, कर, ओष्ठ, पक्ष, अयन ।
३–अग्नि, गुण, ताप, दोष, राम, काल, शिवनेत्र ।
४–युग, वर्ण, वेद, अर्थ, सेनाङ्ग, समुद्र[२] ।
५–भूत, शर, बाण, पाण्डव ।
६–शास्त्र, रस, रिपु, अरि, ऋतु, ईति ।
७–अग, पर्वत, कुलाचल, तुरग, हय, वार, समुद्र[२] ।
८–वसु, दिग्गज, गज, नाग, सिद्धि, मद ।
९–ग्रह, निधि, नन्द, भक्ति ।
१०–दिशा, आशा, दिक्पाल, रावणशीर्ष ।
११–रुद्र, शिव, हर, भव ।
१२–सूर्य, आदित्य, मास, राशि ।
१५–तिथि ।
२०–नख, रावणाक्ष ।
२४–जिन, तीर्थङ्कर ।
२७–नक्षत्र, ऋक्ष, भ ।
३२–लक्षण, द्विज, दन्त, रद ।
१००–कौरव ।
१०००–इन्द्रनेत्र ।

૧–દરેક જગ્યાએ આપેલા સંજ્ઞાસૂચક શબ્દો ઉપરાંત તેના પર્યાયવાચી કોઈપણ શબ્દથી તે તે સંખ્યાનો બોધ થઇ શકે છે. જેમકે–આકાશવાચી કોઇપણ શબ્દથી '૦' (શૂન્ય)નો બોધ કરવામાં આવે છે. તેવીજ રીતે ભૂમિવાચી અને ચન્દ્રવાચી કોઈપણ શબ્દથી '૧'ની સંખ્યાનો બોધ કરવામાં આવે છે. આ પ્રમાણે સર્વત્ર સમજી લેવું.

૨–જેમાં વચ્ચે વચ્ચે દ્વીપો રહેલા છે એવા સમુદ્રો (જૈન મતે) અસંખ્યાત છે. પરંતુ ઇતરમતે સમુદ્રો અપેક્ષાએ ૪ પણ મનાય છે અને ૭ પણ મનાય છે. (૧) ચાર દિશાના ચાર સમુદ્રો (૨) **लवणवारिः, क्षीरवारिः, दधिवारिः, आज्यवारिः, सुरावारिः, इक्षुवारिः, स्वादुवारिः** આ પ્રમાણે અનુક્રમે મીઠું, દૂધ, દહીં, ઘી, મદિરા, ઈક્ષુરસ અને સ્વાદિષ્ટ પાણીવાળા ૭ સમુદ્રો જાણવા. (આ અપેક્ષાભેદ ધ્યાનમાં રાખવા યોગ્ય છે)

**अङ्कानां वामतो गतिः** અર્થાત્ અંકગણના ડાબી બાજુથી થાય છે તે ખાસ ધ્યાનમાં રાખવું.

જેમકે–૧૩ મી તારીખે =

૩ ૧ ૧ ૩ ૩ ૭ ૯

**गुणचन्द्रदिनाङ्के (चन्द्रगुणदिनाङ्के** નહિ). **गुणजलधिनिधि-**

૧

**विधुपरिमिते संवत्सरे** = ૧૯૭૩ની સાલમાં (૩૭૯૧ નહિ).

અહીં માત્ર વિશેષ પ્રચલિત અંકસંજ્ઞાઓ બતાવી છે. પણ શબ્દ સંયોગથી જોઇતી કોઈપણ સંખ્યા ઉપજાવી શકાય છે. જેમકે–

૬ ૧ ૩ ૧

**रसेन्दुदिनाङ्के** = ૧૬ મી તારીખે. **गुणचन्द्रे तिथौ** = ત્રયોદશી (૧૩) ના દિવસે.

## પૂર્વ આદિ દિશાઓનાં નામ

(૧) **पूर्वा, प्राची, अपरेतरा, ऐन्द्री** (૪-સ્ત્રી૦) = પૂર્વ દિશા.

(૨) **दक्षिणा, अपाची, अवाची, उत्तरेतरा, याम्या** (૫-સ્ત્રી) = દક્ષિણ દિશા.

(૩) **प्रतीची, पश्चिमा, अपरा, पूर्वेतरा, वारुणी** (૫-સ્ત્રી૦) = પશ્ચિમ દિશા.

(૪) **उत्तरा, उदीची, अपाचीतरा, कौबेरी** (૪-સ્ત્રી૦) = ઉત્તર દિશા.

**विदिक् 'श्', प्रदिक् 'श्'** (૨-સ્ત્રી૦), **अपदिशम्** (ન૦અ૦) = વિદિશા-દિશાઓના ખૂણા.

## વિદિશાઓનાં નામ

(૧) **आग्नेयी**=અગ્નિ ખૂણો (પૂર્વ અને દક્ષિણ વચ્ચેનો ખૂણો)

(૨) **नैर्ऋती**=નૈર્ઋત્ય ખૂણો (દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો ખૂણો)

(૩) **वायव्या** = વાયવ્ય ખૂણો (પશ્ચિમ અને ઉત્તર વચ્ચેનો ખૂણો)

(૪) **ऐशानी** = ઈશાન ખૂણો (ઉત્તર અને પૂર્વ વચ્ચેનો ખૂણો)

## દિશાઓ અને વિદિશાઓના અધિપતિનાં નામ

(૧) **इन्द्रः**- પૂર્વ દિશાનો સ્વામી (૨) **अग्निः**- આગ્નેયી દિશાનો સ્વામી (૩) **यमः**- દક્ષિણ દિશાનો સ્વામી (૪) **नैर्ऋतः**- નૈર્ઋત્ય દિશાનો સ્વામી (૫) **वरुणः**- પશ્ચિમ દિશાનો સ્વામી (૬) **वायुः**- વાયવ્ય દિશાનો સ્વામી (૭) **कुबेरः**- ઉત્તર દિશાનો સ્વામી (૮) **ईशानः**- ઇશાન દિશાનો સ્વામી.

લાખાબાવળ
(હાલાર) થી
પ્રસિદ્ધ થતું
શ્રી જૈન શાસનના તત્ત્વોને
સરળ ભાષામાં સમજાવતું
જૈન શ્રદ્ધા સંસ્કારનો ફેલાવો કરતું
જૈન સિદ્ધાંત પ્રચાર અને રક્ષા માટેનું

**શાસન માન્ય માસિક**

# શ્રી મહાવીર શાસન

વાર્ષિક લવાજમ રૂા. ૫
પરદેશ શીલીંગ ૧૦

ગ્રાહક-સભ્ય બની ઉત્તેજન આપો

તંત્રી :
મહેતા મગનલાલ ચત્રભુજ
શાક મારકેટ સામે
જામનગર

(અ